દૈનિક મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 152 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૧૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 June 2026, Monday ■ REGD.No. MCS/058/2018-20
સોમવાર, ૨૯ જૂન ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | ધર્મતેજ પૂર્તિ | ૫ | ૬ | ૭ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અમેરિકા અને ઈરાન વચ્ચે ફરી ભીષણ યુદ્ધ

**બન્ને દેશોએ એકબીજા પર મોટા પાયે મિસાઈલ-ડ્રોનથી કર્યા હુમલા**

વોશિંગ્ટનઃ ઇરાન અને અમેરિકા વચ્ચે ફરી યુદ્ધ શરૂ થઈ ગયું છે. બન્ને દેશોએ એકબીજા પર હુમલાઓ કર્યા હતા. હુમલાઓના પગલે મિડલ ઈસ્ટમાં ફરી તણાવ વધી ગયો છે. અમેરિકન સૈન્યએ છેલ્લા ૨૪ કલાકમાં બે વાર ઇરાનના સૈન્ય બેઝ પર હુમલો કર્યો છે, જેના પગલે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (આઈઆરજીસી) એ બહેરીનથી કુવૈત સુધીના અમેરિકન સૈન્યના બેઝ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા છે. ઇરાને ચેતવણી આપી હતી કે કોઈપણ અમેરિકન લશ્કરી કાર્યવાહીનો જડબાતોડ જવાબ આપવામાં આવશે.

ઇરાનની નેવીએ એક નિવેદન જાહેર કરીને જણાવ્યું હતું કે ‘‘ઈરાનની નેવી અને એરફોર્સે રવિવારે સંયુક્ત કાર્યવાહી હાથ ધરી હતી, જેમાં કુવૈતમાં અલી અલ સાલેમ એર બેઝ અને બહેરીનના પોર્ટ સલમાન સ્થિત અમેરિકાના પાંચમા મોટા ફ્લિટ સહિત આઠ અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર બેલિસ્ટિક મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. ઈરાને કહ્યું કે આ લશ્કરી કાર્યવાહી તાજેતરના અમેરિકાના હુમલાઓના જવાબમાં કરવામાં આવી હતી.

ઇરાનની સેનાએ કહ્યું કે ‘‘આક્રમક દુશ્મન, જેની આદત છે વચનો તોડવાની અને કરારનો ભંગ કરવાની, તેણે આજે (જુઓ પાનું ૨) ▸▸

## ઈરાનનું અસ્તિત્વ મીટાવી દઈશઃ ટ્રમ્પ

દુબઈઃ ઈરાને કુવૈત અને બહેરીન પર હુમલો કર્યો છે. ઈરાને અમેરિકન સૈન્ય બેઝને નિશાન બનાવીને મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. શાંતિ વાટાઘાટો અને કરારો થઈ રહ્યા છે, ત્યારે લડાઈ ફરી શરૂ થઈ ગઈ છે. ઈરાને જાહેર કર્યું છે કે અમેરિકાએ પહેલા હુમલો કર્યો હતો અને હવે તે જવાબ આપી રહ્યું છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ૧૭ જૂને થયેલા (જુઓ પાનું ૨) ▸▸

# ગણપતિની માટીની મૂર્તિ જ ખરીદોઃ મોદી

નવી દિલ્હીઃ આ વરસે સપ્ટેમ્બર મહિનામાં આવનારાં ગણેશ ચતુર્થીનાં તહેવારનો ઉલ્લેખ કરી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મૂર્તિકારોને ગણપતિની માટીની મૂર્તિને જ પ્રાથમિકતા આપવાની અને લોકોને ગણપતિની માટીની મૂર્તિ જ ખરીદવાની વિનંતી કરી હતી. ગણેશ મૂર્તિ ખરીદતાં પહેલાં તે શેની અને ક્યા દેશમાં બનેલી છે તેની ચકાસણી કરવાની પણ તેમણે લોકોને વિનંતી કરી હતી.

જાહેરસ્થળને વધુ સુંદર બનાવવા ઉપયોગમાં લેવાતી ઈકો-બ્રિક્સ અંગે (જુઓ પાનું ૨) ▸▸

## મોદીને સેશેલ્સનો અવૉર્ડ

વિક્ટોરિયા (સેશેલ્સ): વડા પ્રધાન નરેન્દ્ર મોદીને રવિવારે સેશેલ્સના ‘ગાર્ડિયન ઑફ ધ બ્લ્યૂ હોરાઈઝન’ અવૉર્ડથી નવાજવામાં આવ્યા હતા. પર્યાવરણની જાળવણી અને નાના ટાપુઓનો વિકાસ કરવા અંગેની તેમની પ્રતિબદ્ધતા બદલ તેમને આ અવૉર્ડથી સન્માનવામાં આવ્યા હતા. આ સાથે જ મોદીએ મેળવેલા આંતરરાષ્ટ્રીય અવૉર્ડનો આંક ૩૪ (જુઓ પાનું ૨) ▸▸

## ભારત-સેશેલ્સ વિવિધ ક્ષેત્રે સહકાર વધારશે

વિક્ટોરિયા (સેશેલ્સ): ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને સેશેલ્સના પ્રમુખ પૅટ્રીક હર્મિની વચ્ચેની બેઠક બાદ બંને દેશે સંરક્ષણ, દરિયાઈ સુરક્ષા, ડિજિટલ પેમેન્ટ, સ્પેસ, હેલ્થકૅર, કૃષિ અને શિક્ષણ સહિત વિવિધ ૧૯ ક્ષેત્રે સહકાર વધારવા સહમતી દર્શાવી હતી.

આ બાબત ભારત ભારતીય સમુદ્રી (જુઓ પાનું ૨) ▸▸

# શ્રેયસ-ગંભીરની ટીમ ઈન્ડિયાએ આયરલૅન્ડમાં નાક કપાવ્યું

### આઈરિશોની ટચૂકડી ટીમ સામે વર્લ્ડ ચૅમ્પિયન ભારત પરાસ્તઃ વૈભવને ધરાર ન રમાડવાનું પરિણામ ભોગવ્યું

બેલફાસ્ટઃ નવા ટી-૨૦ કૅપ્ટન શ્રેયસ ઐયરની નવી કૅપ્ટન્સીમાં અને ગૌતમ ગંભીરના કોચિંગમાં વર્લ્ડ ચૅમ્પિયન ભારતનો અહીં આયરલૅન્ડ સામે ઘોર પરાજય થયો હતો. ટી-૨૦ ફૉર્મેટની પ્રથમ ક્રમની ભારતીય ટીમે ક્રિકેટ જગતમાં ટચૂકડા ગણાતા આયરલૅન્ડ સામે એક રનથી પરાજય જોવો પડ્યો એ ભારત માટે અપમાનજનક અને શર્મનાક કહેવાય. શુક્રવારે ભારત પહેલી જ વખત આયરલૅન્ડ સામે પરાજિત થયું અને રવિવારે બીજી તથા અંતિમ ટી-૨૦માં પણ પરાજિત થતાં આયરલૅન્ડે ભારતનો ૨-૦થી વાઇટવૉશ કર્યો. આ સિરીઝ (જુઓ પાનું ૨) ▸▸

# મહિલા વર્લ્ડ કપમાં ભારત લડત આપીને હાર્યું

લંડનઃ અહીં લૉર્ડસના ઐતિહાસિક ગ્રાઉન્ડ પર રવિવારે મહિલાઓની વન-ડેનું વર્લ્ડ ચૅમ્પિયન ભારત ટી-૨૦ના વિશ્વ કપમાં અંતિમ લીગ મૅચમાં પરાજિત થતાં ટૂર્નામેન્ટની બહાર થઈ ગયું હતું. ઑસ્ટ્રેલિયા સામેની ક્વૉર્ટર ફાઇનલ જેવી મૅચમાં હરમનપ્રીત કૌર ઍન્ડ કંપનીનો છ વિકેટે પરાજય થયો હતો. એલીસ પેરી (૫૬ રન) અને ઍશ્લેઇ ગાર્ડનરે (૫૩ અણનમ) હાફ સેન્ચુરી ફટકારી હતી. ભારત વતી સ્પિનર શ્રી ચરનીએ સૌથી વધુ બે વિકેટ લીધી હતી.

જોકે ભારતીય ટીમ ભૂતપૂર્વ વિશ્વ વિજેતા ઑસ્ટ્રેલિયાને લડત આપીને હારી હતી. ભારતે ૧૭૧ રનનો લક્ષ્યાંક આપ્યા બાદ સૉફી મૉલિન્યૂક્સના સુકાનમાં ઑસ્ટ્રેલિયાની ટીમે ૧૯ ઓવરમાં ચાર વિકેટે ૧૭૨ રન બનાવીને સેમિ ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. ભારત પરાજિત થતાં સાઉથ (જુઓ પાનું ૨) ▸▸




# રામ મંદિરના દાનની ચોરીના આરોપીઓના ઘરે દરોડા

અયોધ્યા (ઉત્તર પ્રદેશ): અયોધ્યા પોલીસે રામમંદિરમાં દાનની ઉચાપત બદલ પકડવામાં આવેલા આઠેય ઈસમના ઘરો પર અયોધ્યા પોલીસે એક સાથે દરોડા પાડ્યા હતા. પોલીસની ટીમે મેજિસ્ટ્રેટને સાથે લઈને આરોપીના ઘરે શોધખોળ કરી હતી. આરોપી લવ કુશ મિશ્રા, અવિનાશ શુકલ અને રમાશંકર યાદવને ત્યાં દરોડા પાડ્યા હતા. સોમવારે અદાલતે આઠેય આરોપીને ૨૯ (જુઓ પાનું ૨) ▸▸

# સઉદીમાં હેલિકૉપ્ટર તૂટી પડતાં ૧૪ મોત

દુબઈઃ સઉદી અરબમાં રવિવારે હેલિકૉપ્ટર તૂટી પડવાની બનેલી ઘટનામાં તમામ ૧૪ પ્રવાસીના મોત થયાં હોવાનું સઉદીનાં ઊર્જા ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું. સ્થાનિક સમય પ્રમાણે સવારના છ વાગ્યે આ દુર્ઘટના બની હતી. દુર્ઘટનામાં માર્યા ગયેલા તમામ ૧૪ પ્રવાસી સઉદી અરબના નાગરિક હતા. જોકે દૂર્ઘટનાનું કારણ જાણી શકાયું નહોતું. આ હેલિકૉપ્ટર સઉદી અરબ જેમાં માલિકીનો સૌથી મોટો હિસ્સો ધરાવે છે એ વિશ્વની સૌથી મોટી તેલ કંપની અરામકોનું હતું. (એજન્સી)

# ફ્રાન્સમાં વિમાન દુર્ઘટનાઃ ૧૧ મોત

નૅન્સી (ફ્રાંસ): ફ્રાંસમાં રવિવારે સ્કાઇડાઇવિંગ માટેનું એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતાં તેમાં સવાર તમામ ૧૧ જણનાં મોત નીપજ્યાં હોવાનાં અહેવાલ છે. સ્થાનિક સમય મુજબ વિમાન સવારના ૧૧:૦૦ વાગે નૅન્સી શહેરની નજીક દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. સ્થાનિક ઈમર્જન્સી એજન્સીઓ તાકીદે ઘટનાસ્થળે પહોંચી હતી. વહીવટીતંત્રએ ઘટનાને મામલે સાક્ષીઓનાં નિવેદન લીધાં હતાં. (એજન્સી) ■

# બંગાળમાં યુસીસી ખરડો રજૂ કરાશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળમાં સુવેન્દુ અધિકારીના નેતૃત્વ હેઠળની ભાજપ સરકાર સોમવારે વિધાનસભાના એક દિવસીય ખાસ સત્રમાં અનેક મુખ્ય બિલો રજૂ કરશે. જેમાં સૌથી વધુ ચર્ચાસ્પદ બિલ સમાન નાગરિક સંહિતા(યુસીસી) છે જેને ભાજપ સરકાર રજૂ કરી શકે છે.

બંગાળમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથ મોડલ પર આધારિત નવો કાયદો બનાવવાની તૈયારી કરવામાં આવી રહી છે. યુસીસીની સાથે ખાસ સત્રમાં અન્ય ચાર બિલો પણ રજૂ કરવામાં આવશે, જેમાં ગેરકાયદેસર રીતે હસ્તગત કરેલી મિલકતોની જપ્તી અને હરાજી સંબંધિત બિલનો સમાવેશ થાય છે. આ ઉપરાંત રાજ્ય સરકાર પશ્ચિમ બંગાળ જાહેર સલામતી અને સમાજ વિરોધી પ્રવૃત્તિઓ નિયંત્રણ બિલ, ૨૦૨૬ રજૂ કરશે, જે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ મોડલ પર આધારિત છે.

આ કાયદા મારફતે સંગઠિત અપરાધ, ગેરકાયદેસર ખાણકામ, શસ્ત્રો અને ડ્રગ્સની હેરફેર, માનવ તસ્કરી અને સરકારી મિલકતને નુકસાન જેવી પ્રવૃત્તિઓ પર કડક કાર્યવાહી કરશે. પ્રસ્તાવિત કાયદામાં જાહેર સલામતી માટે ખતરો ગણાતા વ્યક્તિઓને એક વર્ષ સુધી અટકાયતમાં રાખવા અને ગુનેગારોની મિલકત જપ્ત કરવાની પણ જોગવાઈ છે.

નોંધનીય છે કે ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં વચન આપ્યું હતું કે સત્તામાં આવ્યાના છ મહિનાની અંદર રાજ્યમાં યુસીસી લાગુ કરવામાં આવશે અને હવે સરકાર તે વચન પૂર્ણ કરવા તરફ ઝડપથી આગળ વધી રહી છે.

પ્રસ્તાવિત કાયદાનો હેતુ લગ્ન, છૂટાછેડા, વારસો અને દત્તક લેવા સંબંધિત મામલાઓને ધર્મને ધ્યાનમાં લીધા વિના એક સમાન નાગરિક માળખું સ્થાપિત કરવાનો છે. આશા છે કે આ બિલ ચાલી રહેલા બજેટ સત્રમાં ચર્ચાનો મુખ્ય વિષય રહેશે. ઓળખ, સમાનતા, ધર્મનિરપેક્ષતા, બંધારણીય અધિકારો અને પર્સનલ લો અને રાજ્યના અધિકાર વચ્ચે સંબંધો પર વ્યાપક ચર્ચાનો આધાર બનશે. ■

# ઉત્તર પ્રદેશમાં ગેરકાયદે મકબરા પર બુલડોઝર ફેરવાયું

ગાઝિયાબાદઃ ઉત્તર પ્રદેશમાં ગાઝિયાબાદના ટ્રોનિકા સિટીમાં રવિવારે એક ત્રણ માળના મકબરા પર તંત્રનું બુલડોઝર ફર્યું હતું. જે જગ્યા પર મકબરો હતો તે જમીન યુપી સ્ટેટ ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ ઓથોરિટી(યુપીએસઆઇડીએ)ની છે અને ગ્રીન બેલ્ટ વિસ્તારમાં આવે છે. અનેક નોટિસો આપવા છતાં ગેરકાયદેસર બાંધકામ દૂર ન થતાં મકબરાને તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હોવાનું વહીવટીતંત્રએ જણાવ્યું હતું.

વહીવટીતંત્રના જણાવ્યા અનુસાર આ બાંધકામની શરૂઆત વર્ષ ૨૦૦૧માં એક નાના માળખાથી થઇ હતી. સમય જતાં આસપાસની જમીન પર અતિક્રમણ વધતું ગયું હતું. લગભગ અઢી દાયકામાં આ બાંધકામ ત્રણ માળ સુધી પહોંચી ગયું હતું અને ૩૦૦ ચોરસ યાર્ડથી વધુ વિસ્તારને આવરી લીધો હતો.

અધિકારીઓના જણાવ્યા મુજબ સંબંધિત પક્ષને અનેક વાર બાંધકામ દૂર કરવા માટે નોટિસ ફટકારવામાં આવી હતી. પરંતુ નિર્ધારિત સમયની અંદર કોઇ કાર્યવાહી કરવામાં આવી ન હતી. ત્યારબાદ કાનૂની પ્રક્રિયાને અનુસરતા મકબરાને તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વહીવટીતંત્રે જણાવ્યું કે જે જમીન પર બાંધકામ હતું તે યુપીએસઆઇડીએની છે અને તે ઇન્ડસ્ટ્રીયલ એરિયાના ગ્રીન બેલ્ટનો ભાગ છે. આ પ્રકારના ક્ષેત્રોમાં કાયમી બાંધકામની પરવાનગી હોતી નથી. આના આધારે તેને અતિક્રમણ ગણીને કાર્યવાહી કરવામાં આવી હતી. આ દરમિયાન સમગ્ર વિસ્તારમાં કડક સુરક્ષા જાપ્તો ગોઠવવામાં આવ્યો હતો. સરકારી જમીન પર અતિક્રમણ સામે ઝુંબેશ આગળ પણ ચાલુ રહેશે, એમ વહીવટીતંત્રે જણાવ્યું હતું. ■



**વરસાદઃ** પશ્ચિમ બંગાળના કોલકાતામાં રવિવારે વાદળોના ગડગડાટ અને વીજળી સાથે પડેલા વરસાદથી પોતાને બચાવવાના પ્રયાસ કરી રહેલા રસ્તા પરથી પસાર થતા લોકો. (એજન્સી)

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઓપરેશન સિંદૂરના શહીદોનાં નામ છુપાવાયાની વાત સાવ ખોટી

**ગયા** વરસે પાકિસ્તાન સામે હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂરમાં શહીદ થયેલા ભારતના ૬ વીર જવાનોનાં નામ કેન્દ્ર સરકાર દ્વારા ૧૩ મહિના પછી જાહેર કરાયાં તેનો વિવાદ ચગ્યો છે. કૉંગ્રેસે મોદી સરકાર સામે શહીદોનાં નામ છુપાવવાનો આક્ષેપ મૂક્યો છે અને સાથે સાથે મોદી સરકારે ઓપરેશન સિંદૂરમાં ભારતને થયેલા નુકસાનની વિગતો છુપાવીને દેશ સાથે ગદ્દારી કરી હોવાનો આક્ષેપ પણ કર્યો છે.

કૉંગ્રેસે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે સંસદમાં આપેલા એક નિવેદનનો વીડિયો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ એકસ પર મૂક્યો છે કે જેમાં રાજનાથ સિંહે એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે ઓપરેશન સિંદૂરમાં ભારતને કોઈ નુકસાન થયું નથી. કૉંગ્રેસનો આક્ષેપ છે કે, કેન્દ્ર સરકારે આ જવાનોની શહાદત એક વર્ષ સુધી જાહેર નહીં કરીને શહીદો જે સન્માનના હકદાર હતા તેનાથી તેમને વંચિત રાખીને શહીદોનું અપમાન કર્યું છે.

ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય લશ્કરે પાકિસ્તાન અને પાકિસ્તાને પચાવી પાડેલા કાશ્મીર (પોક)માં ૬ મેના રોજ જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા નવ આતંકી ઠેકાણાં પર હુમલા કરીને ૧૦૦થી વધુ આતંકવાદીઓનાં ઢીમ ઢાળી દીધાં હતાં. ૧૦ મેના રોજ ભારત અને પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ) વચ્ચે વાતચીત પછી બંને વચ્ચે યુદ્ધ વિરામ થયો હતો.

સંરક્ષણ મંત્રાલયે હમણાં વોર મેમોરિયલ ખાતે ઓપરેશન સિંદૂરમાં શહીદ થયેલા લાન્સ નાયક દિનેશ કુમાર ( ફિફ્થ ફિલ્ડ રેજીમેન્ટ), અગ્નિવીર મૂડ મુરલીનાયક (૮૫૧ લાઈટ રેજિમેન્ટ), સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર (એરફોર્સ , ૩૯ વિંગ), સૂબેદાર મેજર પવન કુમાર (હેડક્વાર્ટર, ૧૦ ઈન્ફન્ટ્રી બ્રિગેડ), રાઈફલમેન સુનીલ કુમાર (૪ જમ્મુ એન્ડ કાશ્મીર ઈન્ફન્ટ્રી) અને હવાલદાર સુનિલકુમાર સિંહ (૨૩૭ વર્કશોપ કંપની)નાં નામ કોતરાવ્યાં છે.

આ છ શહીદોમાંથી બેને વીરતા સન્માન અપાયું છે જ્યારે રાઇફલમેન સુનીલ કુમારને મરણોત્તર વીર ચક્ર આપવામાં આવ્યો હતો. સાર્જન્ટ સુરેન્દ્ર કુમારને તેમની બહાદુરી માટે મરણોત્તર વાયુ સેના મેડલ મળ્યો હતો. જો કે ઓપરેશન સિંદૂર ૨૦૨૫ના મે મહિનામાં હાથ ધરાયું તેના ૧૪ મહિના પછી શહીદોનાં નામ જાહેર કરીને મોદી સરકારે વિગતો દેશથી છૂપાવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

સંરક્ષણ મંત્રાલયે કૉંગ્રેસના આક્ષેપોને બકવાસ અને દેશને ગેરમાર્ગે દોરનારા ગણાવ્યા છે. સંરક્ષણ મંત્રાલયે સત્તાવાર નિવેદનમાં કહ્યું છે કે, કેટલાક મીડિયા રિપોર્ટ્સ અને સોશ્યલ મીડિયા પોસ્ટ્સમાં એવો ખોટો દાવો કરવામાં આવી રહ્યો છે કે ઓપરેશન સિંદૂરના છ શહીદોને પહેલીવાર હવે જાહેર સન્માન મળ્યું છે પણ આ વાત સાવ ખોટી છે. સંરક્ષણ મંત્રાલયે ક્યારે ક્યારે આ શહીદોના નામનો ઉલ્લેખ કરાયો અને તેમને માન અપાયું તેની વિગતો પણ આપી છે.

સંરક્ષણ મંત્રાલયના કહેવા પ્રમાણે, ૧૧ મે ૨૦૨૫ ના રોજ યોજાયેલી સત્તાવાર પ્રેસ કોન્ફરન્સમાં તત્કાલિન ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ (ડીજીએમઓ)એ શહીદ છ જવાનોને શ્રદ્ધાંજલિ આપી હતી. એ પછી ૧૪ ઓગસ્ટ ૨૦૨૫ની પ્રેસ નોટમાં તેમને વીરતા પુરસ્કાર આપવામાં આવ્યા હોવાની માહિતી પણ જાહેર કરવામાં આવી હતી.

ઈન્ડિયન આર્મીના સત્તાવાર સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ પર પણ શહીદોને તરત જ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. ૮ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ એરફોર્સ ચીફે વાયુસેનાના શહીદ સાર્જન્ટના પરિવારજનોને સન્માનિત કર્યા જ્યારે ૧૫ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ જયપુરમાં સેના દિવસ પરેડ દરમિયાન આર્મી એ ત્રણ શહીદોના પરિવારજનોને સેના મેડલ (વીરતા) આપ્યા હતા.

નેશનલ વોર મેમોરિયલમાં નામ નોંધવામાં મોડું થવા વિશે સંરક્ષણ મંત્રાલયે ચોખવટ કરી છે કે, રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર શહીદોના નામ નોંધવાની એક નિશ્ચિત પ્રક્રિયા અને પ્રોટોકોલ છે. ઓપરેશન સિંદૂરના શહીદોનાં નામ આ પ્રક્રિયા હેઠળ નોંધવામાં આવ્યાં છે તેથી નામ નોંધવામાં વિલંબ થયો છે કે શહીદોને હવે પહેલીવાર સન્માન મળ્યું છે એ વાત સાચી નથી. મંત્રાલયે એવો દાવો પણ કર્યો છે કે, કેન્દ્ર સરકારે શહીદોના પરિવારોને શિક્ષણ, આરોગ્ય અને અન્ય તમામ નિર્ધારિત સુવિધાઓ પણ આપી છે.

રાજનાથસિંહના નિવેદન વિશે મંત્રાલયે એવો બચાવ કર્યો છે કે, રાજનાથ સિંહના સંસદમાં આપેલા ભાષણના એક ભાગને અલગ કરીને રજૂ કરીને એવો ખોટો સંદેશ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે કે રાજનાથે ઓપરેશન સિંદૂરમાં કોઈ ભારતીય સૈનિક શહીદ ન થયા હોવાની વાત કહી હતી. વાસ્તવમાં રાજનાથ સિંહે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેનાના પાઇલટોના મૃત્યુના દાવાઓને નકાર્યો હતો.

સંરક્ષણ મંત્રાલયની વાત અર્ધસત્ય છે. ઓપરેશન સિંદૂરમાં ભારતીય જવાનોની શહાદતની વાત સરકારે છુપાવી નહોતી એ હકીકત છે પણ રાજનાથે ભારતને કોઈ નુકસાન નથી થયું એવું કહેલું એ પણ હકીકત છે. ૧૧ મેના રોજ શહીદોનાં નામ જાહેર કરાયાં હતાં તેમાં શહીદોનાં નામ જાહેર કરાયેલાં એ વાસ્તવિકતા છે.

કોંગ્રેસ આ મુદ્દાને ચગાવીને આક્ષેપો કરી રહી છે પણ કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધીએ પોતે ૧૨ મે, ૨૦૨૫ના રોજ ટ્વિટ કરીને સુબેદાર પવન કુમાર, સિપાહી એમ. મુરલી નાઈક, લાન્સ નાઈક દિનેશ કુમાર, બીએસએફ સબ ઈન્સ્પેક્ટર મોહમ્મદ ઈમ્તિયાઝ, સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર મોગા, રાઈફલમેન સુનીલ કુમાર અને રાજૌરી સ્થિત અધિકારી રાજ કુમાર થાપાને શ્રદ્ધાંજલિ આપી હતી.

પ્રિયંકાએ ઓપરેશન સિંદૂરનો ઉલ્લેખ નહોતો કર્યો પણ આતંકવાદીઓ સામે ભારતીય લશ્કરના ઓપરેશન અને પાકિસ્તાન સાથેના લશ્કરી જંગ દરમિયાન આપણા સૈનિકોની શહાદતને ખૂબ જ દુઃખદ ગણાવ હતી. સ્પષ્ટ રીતે જ આ વાત ઓપરેશન સિંદૂરની જ છે તેથી સરકારે શહીદોનાં નામ છૂપાવ્યાં એ વાત ખોટી છે. પ્રિયંકા ગાંધીની ટ્વિટ હજુ ડીલીટ નથી કરાઈ તેથી સરકારની ટીકા કરનારા હજુ પણ જોઈ શકે છે.

જો કે રાજનાથસિંહે સંસદમાં ભારતના કોઈ સૈનિક નથી મરાયા એવું કહેલું એ પણ સ્પષ્ટ છે. રાજનાથસિંહે ૨૮ જુલાઈ ૨૦૨૫ના રોજ સંસદમાં કહ્યું કે, વિપક્ષ પૂછે છે કે, આપણાં કેટલાં વિમાન તોડી પડાયાં પણ ક્યારેય એ નથી પૂછ્યું કે, ભારતીય લશ્કરે દુશ્મનોના કેટલા વિમાન તોડી પાડ્યા. વિપક્ષે પૂછવું જ હોય તો એ પણ પૂછે કે, આ ઓપરેશનમાં આપણા બહાદુર સૈનિકોને કોઈ નુકસાન થયું છે? તેનો જવાબ 'ના' છે.

રાજનાથે પોતાના જવાબમાં કેટલા પાઇલટ કે એરફોર્સ સ્ટાફ મરાયો તેવો કોઈ ઉલ્લેખ કર્યો નથી ને સ્પષ્ટપણે સૈનિકો નથી મરાયા એવું કહ્યું છે એ જોતાં રાજનાથના નિવેદન વિશેનો બચાવ લૂલો છે. અલબત્ત, આ મુદ્દો પણ મહત્ત્વનો નથી કેમ કે રાજનાથના જવાબના દોઢ મહિના પહેલાં જ છ ભારતીય જવાનો શહીદ થયા હોવાનો સ્વીકાર કરી લેવાયો હતો.

રાજનાથ કદાચ પાઇલટ્સના સંદર્ભમાં જ વાત કરતા હશે પણ વાતને યોગ્ય રીતે ના મૂકી શક્યા હોય એવું બને. વિપક્ષોએ એ વખતે રાજનાથના નિવેદન સામે વાંધો લેવો જોઈતો હતો. હવે ૧૨ મહિના પછી દૂધમાંથી પોરા કાઢો તેનો શો અર્થ? ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, સોમવાર, તા. ૨૯–૬–૨૦૨૬, વટપૂર્ણિમા, કબીર જયંતી

- ભારતીય દિનાંક ૮, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ –૧૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ–૧૫
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૪મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર મૂળ મધ્યરાત્રિ પછી ક. ૨૮–03 સુધી (તા. 30), પછી પૂર્વાષાઢા
- ચંદ્ર ધનુમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ ધનુ (ભ, ધ, ફ, ઢ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. 0૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૯, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૨–0૮, રાત્રે ક. ૨૩–૩૩
- ઓટઃ સાંજે ક. ૧૮–૧૬, મધ્યરાત્રિ પછી ક. 0૫–૪૨ (તા. 30)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુક્લ – પૂર્ણિમા. વટપૂર્ણિમા, કબીર જયંતી, દેવસ્થાન પૂર્ણિમા (બંગાળ–ઓરિસ્સા), મન્વાદિ, ભદ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૭–0૬ થી સાંજે ક. ૧૬–૧૭, અન્વાધાન, સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગદર્ભ.
- શુભાશુભ દ્દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત મુહૂર્ત, મૂળ જન્મનક્ષત્ર શાંતિ પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, કુળદેવી–દેવતાનું પૂજન, શિવ–પાર્વતી પૂજા, ઔષધ ઉપચાર, પરદેશગમન, પરદેશગમનનું પસ્તાનું, પ્રયાણ મધ્યમ, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ પૂજા, વિદ્યારંભ, બી વાવવું, મિલકત લેવડદેવડ, ખેતીવાડી, ધાન્ય ભરવું, પ્રાણી પાળવા.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચ્યૂન ચતુષ્કોણ ગુપ્ત શત્રુઓ ઊભા થાય, ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ પરિવારના વ્યવહારમાં મુશ્કેલી પડે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચ્યૂન ચતુષ્કોણ, ચંદ્ર–સૂર્ય પ્રતિયુતિ (નિજ જયેષ્ઠ પૂર્ણિમા યોગ) (તા. 30), ચંદ્ર વિષુવવૃત્તથી મહત્તમ દક્ષિણે ૨૭ અંશ ૫૯ કળાના અંતરે રહે છે. બુધ સ્તંભી થઈ વક્રી થશે.
- ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, વક્રી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કર્ક, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# કરાચીમાં આત્મઘાતી હુમલોઃ ચાર મોત

નવી દિલ્હીઃ પાકિસ્તાનના કરાચી શહેરમાં શનિવારે રાત્રે એક મોટો આત્મઘાતી હુમલો થયો હતો. કરાચીના ગુલિસ્તાન-એ-જોહર વિસ્તારમાં યુનિવર્સિટી રોડ ખાતે આવેલા સિંધ રેન્જર્સના કમ્પાઉન્ડ પાસે જોરદાર વિસ્ફોટો થયા હતા. આ દરમિયાન ભારે ગોળીબાર પણ થયો હતો.

આ ભીષણ અથડામણમાં છ ક્રાંતિકારીઓ માર્યા ગયા હતા. જ્યારે એક જીવતો ઝડપાયો હતો. પ્રતિબંધિત તહરીક-એ-તાલિબાન (ટીટીપી)ના એક જૂથ જમાત-ઉલ-અહરાર દ્વારા કરવામાં આવેલા આ હુમલામાં ચાર અર્ધલશ્કરી દળોના જવાનો મોતને ભેટ્યા હતા. ઓક્ટોબર ૨૦૨૪ બાદ કરાચીમાં આ પહેલો મોટો આતંકવાદી હુમલો હતો.

હુમલાખોરોએ કરાચીના ગીચ વસ્તીવાળા ગુલિસ્તાન-એ-જોહર વિસ્તારમાં સિંધ રેન્જર્સની ભિટ્ટાઇ વિંગ હેડક્વાર્ટર પર રાત્રે ૮-૩૦ વાગ્યે હુમલો કર્યો હતો. સ્પેશિયલ સિક્યુરિટી યુનિટના કમાન્ડો અને એન્ટી-ટેરરિસ્ટ ફોર્સે રેન્જર્સના જવાનો સાથે મળીને છ ક્રાંતિકારીઓને માર્યા બાદ લગભગ ૯૦ મિનિટ સુધી ચાલેલા ગોળીબારનો અંત આવ્યો હતો. જ્યારે એક હુમલાખોરને જીવતો પકડી લેવામાં આવ્યો હતો.

શનિવારના હુમલાની જવાબદારી ટીટીપીના એક જૂથ જમાત-ઉલ-અહરારે સ્વીકારી છે. આ જૂથ મોટાભાગે અફઘાનિસ્તાનની સરહદે આવેલા પાકિસ્તાનના ઉત્તર-પશ્ચિમ ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં સક્રિય હોવાનું માનવામાં આવે છે. આ જૂથ નાગરિકો, સુરક્ષા કર્મચારીઓ અને સરકારી અધિકારીઓ પર હુમલા કરે છે. આ હુમલો ઓક્ટોબર ૨૦૨૪ બાદ કરાચીમાં પહેલો આત્મઘાતી હુમલો છે. તે વખતે કરાચી એરપોર્ટ નજીક થયેલા આત્મઘાતી બોમ્બ ધડાકામાં બે ચીની એન્જિનિયરો મૃત્યુ પામ્યા હતા. આ હુમલાની જવાબદારી પ્રતિબંધિત બલુચિસ્તાન લિબરેશન આર્મીએ સ્વીકારી હતી.

# વેનેઝુએલાના ભૂકંપમાં મરણાંક ૧૪૩૦ થયો

નવી દિલ્હીઃ વેનેઝુએલામાં આવેલા વિનાશકારી ભૂકંપમાં મૃત્યુઆંક સતત વધી રહ્યો છે. અત્યાર સુધીમાં ૧૪૩૦ લોકોનાં મોત નીપજ્યાં હોવાના અહેવાલ છે. જ્યારે દેશભરમાં શોધખોળ અને બચાવ કામગીરી ચાલી રહી છે.

મીડિયા અહેવાલ અનુસાર વેનેઝુએલાના વરિષ્ઠ રાજકારણી જોર્જ રોડ્રિગ્ઝે સરકારી ટેલિવિઝન પર એક પ્રસારણ દરમિયાન નવા આંકડા જાહેર કર્યા હતા. રોડ્રિગ્ઝે જણાવ્યું કે મૃત્યુઆંકમાં ઝડપથી વધારો નોંધાયો છે. અગાઉ આ આંકડો ૯૨૦ હતો. ઉપરાંત ૩,૨૩૮ લોકો ઘાયલ થયા હતા. જ્યારે ૩,૧૪૨ લોકો ઘરવિહોણા બન્યા હતા. જો કે મૃત્યુઆંક વધ્યો છે તેના કરતાં સૌથી આઘાતજનક આંકડો ગુમ થયેલા લોકોનો છે. આ કુદરતી આપદા પછી બનાવવામાં આવેલી ગુમ થયેલા લોકોની વેબસાઇટ અનુસાર વેનેઝુએલામાં ગુમ થયેલા લોકોની સંખ્યા ૫૫,૦૦૦નો આંકડો વટાવી ગઇ છે. આ વેબસાઇટ પર જણાવ્યા મુજબ બુધવારે રાત્રે આવેલા ભૂકંપ પછી લગભગ ૬૮,૦૦૦ લોકો ગુમ થયાની માહિતી મળી હતી.

# જાપાનમાં ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ

ટોક્યોઃ જાપાનમાં રવિવારે સવારે ૬.૧ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. પરિણામે ઇવાતે અને તેની આસપાસના વિસ્તારો ધ્રુજી ઊઠ્યા હતા. આ જાણકારી જાપાન હવામાન એજન્સીએ આપી હતી.

જો કે, ભૂકંપને પગલે સુનામીની કોઇ ચેતવણી જારી કરવામાં આવી ન હતી. તેમ જ નુકસાન કે જાનહાનિના તાત્કાલિક કોઇ અહેવાલ પ્રાપ્ત થયા નથી. જો કે, તાજેતરના ભૂકંપે આ વિસ્તારમાં ભૂસ્ખલનની ચિંતા વધારી દીધી છે, કારણ કે આ વિસ્તારમાં હવે વાવાઝોડાની મોસમ શરૂ થઇ રહી છે.

આ ભૂકંપ રવિવારના રોજ સ્થાનિક સમય અનુસાર સવારે ૭-૨૫ વાગ્યે ઇવાતે પ્રાંતના દરિયાકાંઠે નોંધાયો હતો. તેનું કેન્દ્રબિંદુ જમીનથી લગભગ ૪૦ કિલોમીટર(૨૫ માઇલ)ની ઊંડાઇએ સ્થિત હતું. ભૂકંપના આંચકા આઓમોરી પ્રાંત અને આસપાસના વિસ્તારોમાં પણ અનુભવાયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે જાપાનમાં ભૂકંપ અને સુનામીનો ખતરો તોળાતો રહે છે. તાજેતરમાં અહીં ઘણા ભૂકંપ આવ્યા છે, જેમાં ગુરુવારના રોજ રવિવારવાળા ભૂકંપ સ્થળની પાસે આવેલા ૭.૨ની તીવ્રતાના ભૂકંપનો પણ સમાવેશ થાય છે. એજન્સીએ વધુ ભૂકંપની ચેતવણી જારી કરી છે. શુક્રવારે ૫.૬ની તીવ્રતાના ભૂકંપે યામાનાશી પ્રાંત અને તેની આસપાસના વિસ્તારોને ધ્રુજાવી નાખ્યા હતા. આ વિસ્તારો માઉન્ટ ફુજીની નજીક અને ટોક્યોની પશ્ચિમમાં આવેલા છે.

# રશિયાની રિફાઈનરી પર યુક્રેનના હુમલા

કિવઃ યુક્રેને તેના શક્તિશાળી ડ્રોનથી રશિયા પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું હતું. રશિયાના સત્તાવાળાઓએ રવિવારે કહ્યું હતું કે રશિયાની તેલની રિફાઈનરી પરના યુક્રેનના ડ્રોન હુમલાથી આગ લાગી હતી અને બે જણ મરણ પામ્યાં હતાં.

યુક્રેનના પ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ મેસેજિંગ એપ પર લખ્યું હતું કે રવિવારે અમારા લાંબા અંતરના ડ્રોન રશિયાની તેલની બે રિફાઈનરી પર ત્રાટક્યા હતા. આ દરેક હુમલાથી રશિયાની વોર મશીનને અપાતા સંસાધનો ઓછા થાય છે અને આ શાંતિ તરફનું એક કદમ છે.

તાજેતરના મહિનાઓમાં યુક્રેને રશિયાના લશ્કર ઉદ્યોગ અને ઊર્જાના મથકો પરનો હુમલો વધારી દીધો છે. યુક્રેન આમ કરીને મોસ્કોને આક્રમણથી થયેલા ફાયદાને ઘટાડવા માગે છે અને રશિયાને યુદ્ધના પરિણામોની અનુભૂતિ કરાવવા માગે છે. આ બે દેશ વચ્ચેનું યુદ્ધ પાંચમા વર્ષમા પ્રવેશ્યું છે.

યુક્રેનની આ રણનીતિથી રશિયાના ઈંધણ પુરવઠા અને મિલિટરી ડિલિવરી પર માઠી અસર પડી છે. પશ્ચિમના વિશ્લેષકોના જણાવ્યા પ્રમાણે યુક્રેનની આ રણનીતિથી મોસ્કોની જમીન પરની આગેકૂચ પણ થંભી ગઈ છે અને રશિયા પર ચર્ચાના ટેબલ પર આવવાનું દબાણ આવે છે. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### અમેરિકા અને ઈરાન

સવારે ઈસ્લામિક રિપબ્લિકની પાંચ દરિયાકાંઠાની ચોકીઓ પર હુમલો કર્યો. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને યુદ્ધવિરામનું ઉલ્લંઘન ન કરવા માટે અલ્ટીમેટમ આપ્યું છે. આ વચ્ચે ઇરાનની સેનાએ આઠ અમેરિકી લશ્કરી ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કરવાનો દાવો કર્યો છે. ઈરાને દાવો કર્યો કે આ હુમલો અમેરિકાના નવા આક્રમણનો જવાબ હતો.ઇરાને કહ્યું કે હવે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો માટે તેઓ જવાબદાર છે. ઇરાને ચેતવણી આપી છે કે નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ જહાજ સામે પહેલા કરતાં વધુ કડક કાર્યવાહી કરવામાં આવશે.

દરમિયાન અમેરિકાના સેનાએ કહ્યું કે તેણે ઇરાનની અંદર અનેક લક્ષ્યો પર હુમલો કર્યો છે. આ કાર્યવાહી એક તેલ ટેન્કર પરના હુમલાના જવાબમાં કરવામાં આવી હતી. શુક્રવારે જ્યારે ઇરાની નૌકાદળે હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા એક જહાજ પર ગોળીબાર કર્યો ત્યારે વિવાદ શરૂ થયો હોવાનું કહેવાય છે. આનાથી અમેરિકાએ ઇરાન પર હુમલો કર્યો અને ઈરાને વળતો જવાબ આપ્યો. ઈરાનનો દાવો છે કે અમેરિકાએ અનેક યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. કુવૈતના સૈન્યએ જણાવ્યું હતું કે રવિવારે સવારે તેમની એર ડિફેન્સ સિસ્ટમે ઈરાની ડ્રોન અને મિસાઈલોને અટકાવ્યા હતા. ઇરાનના હુમલામાં કોઈ ઈજા કે નુકસાનના અહેવાલ નથી. બહેરીનના ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ઇરાની હુમલાઓથી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ નજીક એક રહેણાક ઇમારતને નુકસાન થયું હતું અને કોઈનું મોત થયું નથી. અમેરિકન સૈન્યના સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે તેણે રવિવારે ઇરાનના સૈન્યના 'સર્વેલન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કોમ્યુનિકેશન સિસ્ટમ્સ, એર ડિફેન્સ સાઇટ્સ, ડ્રોન સ્ટોરેજ' પર હુમલો કર્યો હતો. નોંધનીય છે કે અમેરિકાની સેનાએ કહ્યું કે શુક્રવારની કાર્યવાહી પછી ઇરાનને યુદ્ધવિરામનું પાલન કરવાની તક આપવામાં આવી હતી, પરંતુ તણાવ ઓછો કરવાને બદલે તેણે નવા હુમલાથી પરિસ્થિતિને વધુ ખરાબ કરી દીધી. વાણિજ્યિક જહાજો હોર્મુઝમાંથી પસાર થતા રહેશે. અમારી સેના કોઈપણ પરિસ્થિતિનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે સતર્ક, સક્ષમ અને તૈયાર છે. ■

### મોદીને

પર પહોંચ્યો હતો. સેશેલ્સના પ્રમુખ પૅટ્રીક હર્મિનીએ મોદીને આ અવૉર્ડથી નવાજ્યા હતા. સેશેલ્સ દ્વારા આપવામાં આવેલો આવો પ્રથમ અવૉર્ડ હતો. અવૉર્ડ બદલ મોદીએ સેશેલ્સનો આભાર માન્યો હતો અને પર્યાવરણમાં પરિવર્તનના પડકારનો સામનો કરી રહેલા રાષ્ટ્રોને અવૉર્ડ અર્પણ કર્યો હતો. (એજન્સી) ■

### ગણપતિની માટીની

બોલતાં તેમણે કહ્યું હતું કે રાજગઢમાં સેંકડો કિલો પ્લાસ્ટિકને રિસાઈકલ કરી તેનો ફળદાયી ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બીજા શબ્દોમાં એક મહિલાના પ્રયાસને કારણે એક સમયે શહેરમાં પ્રદૂષણ ફેલાવતું પ્લાસ્ટિક હવે શહેરને વધુ સુંદર બનાવવામાં યોગદાન આપી રહ્યું છે. મૅડ ઈન ઈન્ડિયા સી-૨૯૫ ઍરક્રાફ્ટની પ્રથમ હવાઈ ઉડાન અને સ્વતંત્ર રીતે વિકસાવવામાં આવેલા લૉન્ગ રૅન્જ લૅન્ડ ઍટેક ક્રૂઝ મિસાઈલ (એલઆરએલએસીએમ)ને ટાંકીને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશને આત્મનિર્ભર બનાનવા અનેક સીમાચિહ્નરૂપ સિદ્ધિઓ હાંસલ કરી હોવા પર પ્રકાશ પાડ્યો હતો.

દર મહિને રેડિયો પરથી પ્રસારિત થતા 'મન કી બાત' કાર્યક્રમમાં મોદીએ કહ્યું હતું કે જૂન મહિનામાં જ ભારતે ઉડ્ડયન ક્ષેત્રે મહત્ત્વની સફળતા અને સિદ્ધિ મેળવી છે.

સી-૨૯૫ ઍરક્રાફ્ટ સ્વદેશી બનાવટનું છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આવા ૪૦ વિમાન ભારતમાં જ બનાવવામાં આવ્યા છે અને આ બાબત એમએસએમઈ અને ઍરોસ્પેસ સેક્ટરને નવી તાકાત આપી રહી છે જેને કારણે રોજગારની નવી તકો પણ ઊભી થશે. ભારતીય બનાવટના પ્રથમ સી-૨૯૫ લશ્કરી માલવાહક વિમાને ૧૦ જૂને પ્રથમ સફળ ઉડાન ભરી હોવાનું તેમણે કહ્યું હતું. ઈન્ડિયન ઍરફૉર્સ (આઈએએફ) રૂ. ૨૧,૯૩૫ કરોડને ખર્ચે ૫૬ સી-૨૯૫ વિમાન પ્રાપ્ત કરશે અને ટાટા ઍડવાન્સ સિસ્ટમ્સ લિ. ઍરબસ સાથે સહયોગ સાધી તેમાંથી ૪૦ વિમાન વડોદરાસ્થિત ઉત્પાદન સ્થળે એસેમ્બલ કરશે. તાજેતરમાં જ ભારતીય નૌકાદળના કાફલામાં આઈએનએસ દુનાગીરી, આઈએનએસ શશાંક અને આઈએનએસ અગ્રયાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ત્રણેય જહાજની ડિઝાઈનથી લઈને ઉત્પાદન ભારતે સ્વતંત્ર રીતે કર્યું હોવાનું તેમણે કહ્યું હતું. બીજા શબ્દોમાં કહીએ તો સમુદ્રથી લઈને આકાશ સુધી ભારત સુરક્ષિત અને આત્મનિર્ભર બની રહ્યું છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

### શ્રેયસ-ગંભીરની

આયરલૅન્ડના ક્રિકેટ-ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે. આઇસીસી સાથે સંકળાયેલા રાષ્ટ્રોમાં આયરલૅન્ડ બહુ નાનો દેશ છે. ૧૨મા ક્રમના આ દેશની ટીમ સામે સર્વોચ્ચ ક્રમાંકિત સિરીઝમાં ભારત સાવ નતમસ્તક થઈ ગયું. ત્રણ દિવસમાં સતત બે ટી-૨૦ હારી જતાં આઇરિશ ટીમે ૨-૦થી ક્લીન સ્વીપ કરી છે. આયરલૅન્ડે બૅટિંગ મળ્યા બાદ આઠ વિકેટે ૧૫૪ રન બનાવ્યા હતા. ભારતે જવાબમાં ૨૦ ઓવરમાં નવ વિકેટે ૧૫૩ રન બનાવ્યા હતા. નવોદિત ફાસ્ટ બોલર પ્રિન્સ યાદવ અને અનુભવી ખેલાડી અર્શદીપ સિંહમાંથી જો કોઈ એક પ્લેયરે એક રન બનાવ્યો હોત તો મૅચ સુપર ઓવરમાં ગઈ હોત અને બે રન બનતાં ભારત જીત્યું હોત. જોકે એ પહેલાં ભારતની મુખ્ય બૅટિંગ લાઇન-અપ પણ ફ્લૉપ ગઈ હતી. હેડ-કોચ ગૌતમ ગંભીર, કૅપ્ટન શ્રેયસ ઐયર તેમ જ ટીમના વરિષ્ઠ ખેલાડીઓથી બનેલા ટીમ મૅનેજમેન્ટે આઇપીએલ-૨૦૨૬માં હાઇએસ્ટ ૭૭૬ રન બનાવનાર વૈભવ સૂર્યવંશીને સિરીઝમાં ધરાર ન રમાડીને મોટું બ્લન્ડર કર્યું. સિક્સર સ્પેશિયાલિસ્ટ વૈભવના ધમાકેદાર આરંભ સામે આયરલૅન્ડની ટીમ ઝૂકી ગઈ હોત, પણ તેણે અને તેના અસંખ્ય ચાહકોએ બન્ને મૅચ વખતે નિરાશ હાલતમાં બેઠા રહેવું પડ્યું. ભારતીય મૂળના ફાસ્ટ બોલર જય મુંદરાની દાવની પહેલી જ ઓવરના પહેલા જ બૉલમાં સૅમસન (૦) અને અભિષેક શર્મા (૦) વિકેટ ગુમાવી બેઠા હતા. બન્નેને નામે ગોલ્ડન ડક લખાયા હતા. સૅમસન દાવના પ્રથમ બૉલમાં એલબીડબ્લ્યૂ થયો ત્યાર પછી ઇશાન કિશન બૅટિંગમાં આવ્યો અને થોડી વાર બાદ અભિષેકે પોતાના પહેલા જ બૉલમાં હૉલાર્ડને કૅચ આપી દીધો હતો. રાજસ્થાનના ટોંક શહેરનો જય ભારતને સતત બીજી મૅચમાં ભારે પડી ગયો. તેણે અને મૅટ હૉલાર્ડે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. તિલક વર્માએ ૪૬ બૉલમાં પંચાવન રન બનાવ્યા હતા, પણ એ એળે ગયા હતા. કિશન (૧૨ રન), શ્રેયસ (૧૦ રન), અક્ષર (૧૪ રન) શિવમ (૨૦) ભારતને પરાજયથી નહોતા બચાવી શક્યા. ■

### મહિલા વર્લ્ડ કપમાં

આફ્રિકાને ગ્રૂપ-૧માંથી આપોઆપ સેમિ ફાઇનલમાં જવા મળ્યું છે.

એ પહેલાં, વર્લ્ડ કપની સેમિ ફાઇનલમાં પહોંચવા ઝઝૂમી રહેલી ભારતીય ટીમે બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૭૦ રન બનાવ્યા હતા જેમાં કૅપ્ટન હરમનપ્રીત કૌરના ૫૬ રન હાઇએસ્ટ હતા. એમાં તેના ત્રણ છગ્ગા, છ ચોગ્ગા સામેલ હતા.

વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના (૩૮ રન) અને શેફાલી વર્મા (૩૪ રન)ના સાધારણ યોગદાન હતા, જ્યારે જેમિમા રૉડ્રિગ્સ પોતાના ૩૪મા રને રિટાયર આઉટ થઈ હતી. ભારતની દમદાર બોલિંગ લાઇન-અપનો ઑસ્ટ્રેલિયાએ વળતો જવાબ આપ્યો હતો.

રવિવારે સાંજે આ જ મેદાન પર બાંગ્લાદેશ સામે સાઉથ આફ્રિકા ચાર વિકેટે જીતી ગયું હતું. ગ્રૂપ-ટૂમાંથી ઇંગ્લૅન્ડ અને વેસ્ટ ઇન્ડિઝ સેમિમાં પહોંચી ગયા છે. ભારતીય ટીમમાં નંદની શર્માના સ્થાને ક્રાંતિ ગૌડને ફરી ટીમમાં સમાવવામાં આવી હતી, જ્યારે ઑસ્ટ્રેલિયાએ અલાના કિંગના સ્થાને ફીબી લિચફીલ્ડને ઇલેવનમાં સમાવી હતી. ■

### ઈરાનનું અસ્તિત્વ

વચગાળાના યુદ્ધવિરામ કરારના દસ દિવસ પછી જ તણાવ ફરી વધ્યો છે. અમેરિકન સેનાના જણાવ્યા અનુસાર, અમેરિકન સૈન્યએ ફરી એકવાર અનેક ઈરાની લક્ષ્યો પર હવાઈ હુમલા કર્યા છે. અમેરિકન સૈન્યએ તહેરાનમાં ડ્રોન સ્થળો અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા હતા.

ટ્રમ્પે ચેતવણી આપી હતી કે જો ઈરાન યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવાનું ચાલુ રાખશે તો અમેરિકન સૈન્ય વધુ લશ્કરી કાર્યવાહી કરી શકે છે. તેમણે કહ્યું કે અમે એવા તબક્કે પહોંચી શકીએ છીએ જ્યાં ઇસ્લામિક સ્ટેટનું અસ્તિત્વ ખતમ થઈ જશે.

ઈરાની ડ્રોન હુમલા બાદ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપતા કહ્યું કે ''જો યુદ્ધવિરામનું ઉલ્લંઘન ચાલુ રહેશે તો ઈરાનનું અસ્તિત્વ ખતમ થઈ જશે.'' અમેરિકાનો આરોપ છે કે ઈરાને કરારની શરતોનું ઉલ્લંઘન કર્યું છે, જેના કારણે આ લશ્કરી કાર્યવાહી કરવાની ફરજ પડી છે. ■

### ભારત-સેશેલ્સ

વિસ્તારમાં આવેલા દ્વીપસમૂહવાળા રાષ્ટ્રો સાથે સુરક્ષા, જોડાણ, ક્ષમતાના નિર્માણ અને ડેવલપમેન્ટ ક્ષેત્રે વ્યૂહાત્મક ભાગીદારી વધારશે તેનું પ્રતિબિંબ પાડે છે.

દ્વીપસમૂહ દેશોમાં યુપીઆઈ આધારિત ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવા નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઑફ ઈન્ડિયા (એનપીસીઆઈ) ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિ. અને સેન્ટ્રલ બૅન્ક ઑફ સેશલ્સ વચ્ચેના કરાર પર બંને દેશે સહી કરી હતી.

વિદેશ ખાતાના જણાવ્યા અનુસાર બંને દેશ વચ્ચે જે ક્ષેત્ર સહકાર સાધવામાં આવશે તેમાં અવકાશના શાંતિપૂર્ણ ઉપયોગ, સેશેલ્સમાં યુપીઆઈ આધારિત ડિજિટલ પેમેન્ટનો વ્યાપ વધારવા, એક્સપોર્ટ-ઈમ્પોર્ટ બૅન્ક ઑ ફ ઈન્ડિયા સાથે ક્રેડિટ ઍગ્રીમેન્ટ અને ન્યૂ સેશેલ્સ નેશનલ હૉસ્પિટલ સાથેના કરાર સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

સેશેલ્સને ફાસ્ટ પેટ્રોલ વેસલ્સ, ૨૦ યુટિલિટી વ્હિકલ્સ. પાંચ લૅસર રેડિયલ ક્લાસ બૉટ અને ડૉર્નિયર ઍરક્રાફ્ટને ગ્લાસ કૉકપીટથી અપગ્રેડ કરવા સહિતની જાહેરાત કરવામાં આવી હતી. (એજન્સી)

### રામ મંદિરના

જૂન સુધી અદાલતી કોટડીમાં મોકલ્યા એના બે દિવસ બાદ દરોડા પાડવામાં આવ્યા હતા.

રવિવારના દરોડા દરમિયાન પોલીસે આરોપી મનીષ યાદવના ઘરેથી આધાર કાર્ડ, પાન કાર્ડ અને બૅન્કને સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા હતા. પોલીસે બંધ ઘરને ખોલવા તેના કુટુંબીજનોને કહ્યું હતું.

દરોડા રામશંકર ઉર્ફે તિન્નુ યાદવને ત્યાં પણ પાડવામાં આવ્યા હતા. પોલીસે તેના કુટુંબીજનોની પૂછપરછ કરી હતી અને દસ્તાવોજો તપાસ્યા હતા. પોલીસ તેના પડોશી અને કુટંબીજનો સાથે વાતચીત કરી હતી અને તેની મિલકત, પાર્શ્વભૂમિ અને પ્રવૃત્તિ વિશે પૃચ્છા કરી હતી.

દરમિયાન શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રે અયોધ્યાના રામ મંદિરની દાનપેટીમાં કથિત ઉચાપતને પગલે રાજીનામું આપ્યું હોવાની જાહેરાત ટ્રસ્ટે કરી છે.

ટ્રસ્ટે જાહેર કરેલા પહેલા નિવેદનમાં કહ્યું હતું કે તે નિષ્પક્ષ તપાસ માટે અને શ્રદ્ધાળુની આસ્થાને ફરી સ્થાપવા પ્રતિબદ્ધ છે. (એજન્સી) ■

# સ્નીફર ડોગની મદદથી અમદાવાદ એરપોર્ટ પરથી ૧૦ કરોડનો ગાંજો પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર બૅંગકોકથી અમદાવાદ આવેલા એક પેસેન્જરની ટ્રોલી બેગમાંથી હાઇબ્રીડ ગાંજાના કન્સેડ કરેલા પાંચ પેકેટ મળી આવતા કસ્ટમ વિભાગે પેસેન્જરની ધરપકડ કરી લીધી હતી. આ પેસેન્જર ટ્રોલી બેગમાં ૧૦.૯૧૧ કિલોગ્રામ એટલે કે અંદાજે ૧૧ કિલો હાઇબ્રીડ ગાંજો લઈને આવ્યો હતો, જેની ઇન્ટરનેશનલ માર્કેટ વેલ્યૂ રૂ. ૧૦ કરોડ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમદાવાદનો આ પેસેન્જર ટ્રોલી બેગમાં પ્લાસ્ટિકમાં પેક કરી પાંચ પેકેટ લઈ આવ્યો હતો અને કસ્ટમ વિભાગના માત્ર નવ મહિનાના નાર્કોટિક્સના ટ્રેઈન્ડ નવા સ્નીફર ડોગની મદદથી પકડી પાડવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ ડોગ અમૃતસરના અટારી જિલ્લામાં ચાર મહિનાનું હતું ત્યારે જ નાર્કોટિક્સની ટ્રેનિંગ આપવામાં આવી હતી અને અમદાવાદ એરપોર્ટ પર તેની ફરજ દરમિયાનનો પહેલો નાર્કોટિક્સનો કેસ સફળ રહ્યો છે.

બૅંગકોકથી અમદાવાદ આવેલી આઈજી ૩૪૬ ફ્લાઈટમાં પેસેન્જર અમદાવાદ આવ્યો હતો અને તેની શંકાસ્પદ હિલચાલના પગલે કસ્ટમ વિભાગે તેની પૂછપરછ કરી હતી, પરંતુ તેણે કોઈ સંતોષકારક જવાબ આપ્યો ન હતો, જેથી એરપોર્ટ કસ્ટમના એર ઇન્ટેલિજન્સ અધિકારીઓને શંકા જતા તેની ટ્રોલી બેગની તપાસ કરતા બેગેજમાંથી પાંચ પેકેટ મળી આવ્યા હતા. જેથી કસ્ટમ વિભાગે એનડીપીએસ ઍક્ટની કલમ હેઠળ કાર્યવાહી શરૂ કરી છે.

અમદાવાદમાં આ ગાંજો સપ્લાય કરવાનો હતો, પરંતુ પેસેન્જર પકડાઈ જતા ડિલિવરી લેવા આવનાર વ્યક્તિ ફરાર થઈ ગયો હતો. અમદાવાદ કસ્ટમ્સના એડિશનલ કમિશનર એસ.આર. વિશ્નોઈએ મીડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલ મુસાફરની ઓળખ ઈબ્રાહિમ સેફુલ્લા (૨૦) તરીકે થઈ છે, જે ગુજરાતના જૂનાગઢ જિલ્લાનો રહેવાસી છે. ■

# અમદાવાદમાં સ્ક્રીન એડિક્શનની ફરિયાદ કરતો રોજનો એક કોલ આવે છે અભયમ હેલ્પલાઈનને

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહિલાના પ્રશ્નો ઉકેલવા માટે ખાસ બનેલી અભયમ હેલ્પલાઈન નંબર ૧૮૧ પર રોજ એક કોલ મોબાઈલ એડિક્શનનો આવી રહ્યો હોવાનું જાણવા મળ્યું છે. છેલ્લા અમુક વર્ષોથી ધીમે ધીમે આવા કોલ્સમાં વધારો થઈ રહ્યો છે અને આંકડા અનુસાર દરરોજ એક કોલ સ્ક્રીન એડિક્શનનો આવી રહ્યો હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે.

હેલ્પલાઈન સાથે જોડાયેલા સલાહકારોના જણાવ્યા અનુસાર સ્ક્રીન એડિક્શન માત્ર ધ્યાનનો અભવા જ નથી, પરંતુ ઘણા કિસ્સાઓમાં તે ગુસ્સો, ચિંતા, હતાશા, હિંસક વર્તન, ઊંઘમાં વિક્ષેપ અથવા ઘટતા ગ્રેડ તરીકે પણ સામે આવી રહ્યું છે.

તાજેતરમાં જ અમદાવાદ પૂર્વમાં રહેતા એક પરિવારે અભયમની મદદ લીધી હતી. પરિવારનો ૧૪ વર્ષીય દીકરો મોબાઈલ ગેમની લતે ચડી ગયો હતો અને એકાદ મહિનાથી સ્કૂલે જતો ન હતો. તે સ્કૂલના નામે ઘરેથી નીકળી જાહેર સ્થળો પર બેસી ગેમ્સ રમ્યા કરતો હતો. સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા માતા-પિતાને જાણ કરવામાં આવતા મામલો બહાર આવ્યો હતો.

દીકરા પાસેથી મોબાઈલ લઈ લેવામાં આવે તો તે હિંસક બની જતો હતો. આખરે અભયમના કાઉન્સિલર્સની મદદથી કિશોરે મોબાઈલ જોવાનું ઓછું કરી સ્કૂલે જવાનું શરૂ કર્યું હોવાની માહિતી સૂત્રો પાસેથી મળી હતી. ■

# એસીબીએ બે પોલીસકર્મીને લાંચ લેતા રંગે હાથ ઝડપ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના એન્ટિ કરપ્શન બ્યૂરો (એસીબી)એ શનિવારે છટકું ગોઠવી અને માંજલપુર પોલીસ સ્ટેશનમાં તહેનાત એક પોલીસ સબ-ઇન્સ્પેક્ટર (પીએસઆઈ) અને એક આસિસ્ટન્ટ સબ-ઇન્સ્પેક્ટર (એએસઆઈ) ને ₹૧૦,૦૦૦ની લાંચ લેતા પકડ્યા હતા. આરોપીએ ફરિયાદીને તેમની સામે નોંધાયેલા કેસમાં હેરાન ન કરવા અને તેમની જામીન કાર્યવાહી ઝડપી બનાવવા માટે લાંચ માંગી હતી.

એસીબીના સૂત્રોના જણાવ્યા મુજબ, ફરિયાદી વિરુદ્ધ ૧ જૂન, ૨૦૨૬ ના રોજ માંજલપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. તપાસ વિશ્વામિત્રી પોલીસ ચોકીમાં તહેનાત પીએસઆઈ મલ્લિકાબેન ખીમજીભાઈ પરમાર કરી રહ્યા હતા. તપાસ દરમિયાન, પીએસઆઈએ શરૂઆતમાં ફરિયાદીને હેરાન ન થાય અને તેમની જામીન કાર્યવાહી ઝડપથી પૂર્ણ થાય તે માટે ₹૨૫,૦૦૦ ની લાંચ માંગી હતી. ત્યારબાદ રૂ. ૧૦, ૦૦૦ લાંચ તરીકે આપવાનું નક્કી થયું હતું. પીએસઆઈએ ફરિયાદીને એએસઆઈ જયકિશન સોમાજી ગામેતીને પૈસા સોંપવાની સૂચના આપી હોવાની માહિતી સૂત્રો દ્વારા મળી હતી.

ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી, તેમણે એસીબીનો સંપર્ક કર્યો હતો. તેમની ફરિયાદના આધારે, એસીબીએ છટકું ગોઠવ્યું હતું. કામગીરી દરમિયાન, પીએસઆઈ મલ્લિકાબેન પરમાર વતી એએસઆઈ જયકિશન ગામેતીએ ફરિયાદીને તેમની કારના ડેશબોર્ડ પર રોકડ મૂકવાનું કહીને ₹૧૦,૦૦૦ લાંચ સ્વીકારી હતી. ત્યારબાદ એસીબીની ટીમે બંને આરોપીઓની ધરપકડ કરી અને લાંચની રકમ જપ્ત કરી હતી, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# રાજ્યવ્યાપી પલ્સ પોલિયો અભિયાનનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરથી પ્રારંભ કરાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બાળલકવા નાબૂદી માટે પલ્સ પોલિયો અભિયાન અંતર્ગત મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતે બાળકોને પોલિયો રસીના ટીપાં પીવડાવીને પોલિયો વિરોધી રસીકરણનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન અંતર્ગત રાજ્યના ૦ થી ૫ વર્ષની વય જૂથના ૮૩ લાખ ૪૯ હજારથી વધુ બાળકોને આવરી લેવામાં આવશે. આ હેતુસર રાજ્યભરમાં ૩૨,૯૯૭ પોલિયો બૂથ પરથી આરોગ્ય વિભાગના ૬,૫૯૯ સુપરવાઇઝર્સના માર્ગદર્શનમાં કુલ ૬૫,૯૯૪ આરોગ્ય ટીમ બાળકોને ટીપાં પીવડાવવાની કામગીરીમાં જોડાશે.

૨૮ જૂન, ૨૦૨૬ના રવિવારને પોલિયો રવિવાર તરીકે મનાવીને આ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ સાથે તારીખ ૨૯ અને ૩૦ જૂનના દિવસોએ આરોગ્ય કર્મીઓ હાઉસ ટુ હાઉસ ફરીને ૦ થી ૫ વર્ષના ભૂલકાઓને પોલિયો ટીપાં પીવડાવશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

# ઘરનાં ઘરનું સપનું અધૂરુંઃ ગુજરાતમાં હોમલોન લેનારાની સંખ્યા નવ ટકા ઘટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એક તરફ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં મોંઘવારી અને બીજી બાજુ મોંઘા થતા ઘરને કારણે ગુજરાતમાં રહેતા પરિવારોનું ઘરનું ઘર લેવાનું સપનું પૂરું થતું નથી. વર્ષ ૨૦૨૫ કરતા વર્ષ ૨૦૨૬માં અત્યાર સુધીમાં હોમ લોન લેનારાની સંખ્યામાં ૯.૫ ટકાનો ઘટાડો નોંધાયો હોવાનું એક અહેવાલ જણાવે છે.

રાજ્ય સ્તરીય બૅંકર્સ સમિતિના ડેટા અનુસાર, ગુજરાતમાં હોમ લોન ખાતાઓની સંખ્યા નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૪.૦૩ લાખ થઈ છે જે વર્ષ ૨૦૨૫માં ૪.૪૬ લાખ હતી. એટલે કે ૯.૫%નો ઘટાડો નોંધાયો છે. જોકે, આ વર્ષે અપાયેલી લોનની કિંમત ૯.૬% વધીને રૂ. ૫૮,૩૯૯ કરોડથી રૂ. ૬૩,૯૯૭ કરોડ થઈ હોવાનું જાણવા મળ્યું હતું. બૅંકિંગ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આ ફેરફાર ઘરની વધારે ડિમાન્ડ નહીં, પરંતુ વધતા પ્રોપર્ટી પ્રાઈઝનો સંકેત આપી રહ્યા છે, તેમ એક અહેવાલ દ્વારા જાણવા મળ્યું હતું.

નિષ્ણાતોના કહેવા અનુસાર અમદાવાદ, વડોદરા, ગાંધીનગર જેવા શહેરોમાં ખરીદનારની જરૂરત અને આર્થિક તૈયારીને ધ્યાનમાં ન લેતા થ્રી બીએચકે ફ્લેટ્સ બને છે, જેની કિંમત રૂ. એક કરોડ કે તેનાથી વધારે હોય છે. પરવડે તેવા મકાનો બનતા નથી. બીજી બાજુ નોકરિયાતોનો પગારવધારો એટલો ઝડપથી થતો નથી. આથી તેમણે ઘર લેવા ઉછીના લેવા પડે છે, જેમની પાસે આ વિકલ્પ નથી, તેઓ ઘર લેવાનું માંડી વાળે છે.

બિલ્ડરોએ કિંમતોમાં વધારા માટે જમીન, બાંધકામ માટેની સામગ્રી અને મજૂરીના ખર્ચમાં સતત વધારો જવાબદાર ગણાવ્યો હતો, જ્યારે તેમના નફાના માર્જિનમાં ઘટાડો થયો હોવાનું તેમનું કહેવાનું છે.

આવકવેરા કાયદાની કલમ ૮૦-આઈબી હેઠળ ટૅક્સમાં આપવામાં આવતાં ઈન્સેન્ટિવ પાછા ખેંચી લેવામાં આવ્યા હતા, તેના લીધે પણ પોષાય તેવા ઘર બનાવવાનું બિલ્ડરોએ ઓછું કરી નાખ્યું હોવાનું નિષ્ણાતો જણાવે છે. બિલ્ડર્સ બોડીની એવી પણ ડિમાન્ડ છે કે પરવડે તેવા ઘરની વ્યાખ્યા અને માપદંડો બદલવામાં આવે. ■

# ગુજરાતમાં ધોરણ ૯ અને ૧૦ના અભ્યાસક્રમમાંથી કોમર્સ-ટેક્નિકલ સહિત નવ વિષય નાબૂદ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને અનુસરીને ધોરણ ૯ અને ૧૦ ના અભ્યાસક્રમમાંથી ૯ વિષયો નાબૂદ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ અંગે એક સત્તાવાર આદેશ પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. આ ફેરફારનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ પરથી પરંપરાગત વિષયોનો બોજ ઓછો કરવાનો છે. સરકારના આ આદેશ અનુસાર આ ફેરફારો બે તબક્કામાં લાગુ કરવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૭-૨૮ થી ધોરણ ૯માંથી અને શૈક્ષણિક વર્ષ ૨૦૨૮-૨૯થી ધોરણ ૧૦માંથી આ વિષયો પાછા ખેંચવામાં આવશે. આ સમયગાળા બાદ નાબૂદ કરાયેલા ૯ વિષયો એસએસસી બોર્ડની પરીક્ષાનો ભાગ રહેશે નહીં. બોર્ડ દ્વારા તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને આ નિર્ણયની જાણ તેમની હેઠળની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઇડ અને ખાનગી માધ્યમિક શાળાઓને કરવા અને સુધારેલા અભ્યાસક્રમનું ચુસ્તપણે પાલન સુનિશ્ચિત કરવા સૂચના આપી દેવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી.

સરકાર દ્વારા જે ૯ વિષયોને હટાવવાનો નિર્ણય લેવાયો છે તેમાં કોમર્સ પ્રવાહના ૩ વિષયો- એલિમેન્ટ્સ ઓફ કોમર્સ, કોમર્શિયલ કરસ્પોન્ડન્સ એન્ડ સેક્રેટરિયલ પ્રેક્ટિસ અને ઇન્ટ્રોડક્શન ટુ કોમર્સનો સમાવેશ થાય છે. જ્યારે ટેક્નિકલ શિક્ષણ અંતર્ગત એલિમેન્ટ્સ ઓફ એન્જિનિયરિંગ, કોમ્પ્યુટર-એઇડેડ એન્જિનિયરિંગ ડ્રોઇંગ અને બેઝિક્સ ઓફ એન્જિનિયરિંગ પ્રોસેસ, મેઇન્ટેનન્સ એન્ડ સેફ્ટી નાબૂદ કરાશે. બાકીના ત્રણ વિષયોમાં હોમ સાયન્સ, ડેરી વિજ્ઞાન અને પશુપાલન તેમજ અને સીવણ અને ભરતકામ સામેલ છે. 'સીવણ અને ભરતકામ' વિષય રાજ્યની તમામ માધ્યમિક શાળાઓમાંથી કાયમી ધોરણે હટાવી દેવાશે, જ્યારે 'હોમ સાયન્સ' અને 'ડેરી વિજ્ઞાન અને પશુપાલન' વિષયો ગ્રામીણ અને કૌશલ્ય આધારિત શિક્ષણ આપતી બુનિયાદી શાળાઓમાં ચાલુ રહેશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી. ■

# અમદાવાદમાં કાર અને ટ્રિપલ સવારી બાઈક વચ્ચે અકસ્માતઃ એકનું મોત, બે ગંભીર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરી વાહનો ચલાવાતા હોવાથી અકસમાતના કિસ્સાઓ અટકતા નથી. અમદાવાદમાં ફરી એક અક્સમાતમાં એક યુવકનો જીવ ગયો હતો જ્યારે અન્ય બે યુવકને ગંભીર ઈજાઓ થઈ હતી.

ઘટનાની મળતી વિગતો અનુસાર શહેરના વ્યાસવાડી વિસ્તાર પાસે શનિવારે મોડી રાત્રે ઝડપથી આવતી કારની હડફેટે એક ટ્રિપલ સવારી લઈ જતી બાઈક આવી ગઈ હતી. બાઈક પર બેસેલા ત્રણેય યુવાન અખબારનગરથી સુભાષબ્રિજ તરફ બાઈક લઈને જઈ રહ્યા હતા. આ દરમિયાન ભીમજીપુરા તરફથી આવી રહેલી કારે બાઈકને ઉડાડી હતી. બન્નેની ટક્કર એટલી ભયાનક હતી કે બાઈક ઉછળ્યું હતું અને બાઈકચાલક યુવકનું ઘટના સ્થળે જ મોત થયું હતું જ્યારે તેની પાછળ બેસેલા અન્ય બેને ગંભીર ઈજા થઈ હતી.


આ બન્નેને સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મળતી વિગતો અનુસાર કારચાલકનું નામ નરેન્દ્ર વાઘેલા હોવાનું અને તેની પાસે લાઇસન્સ ન હોવાનું બહાર આવ્યું હતું. છતાં તેણે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# બારડોલીની યુવા કલાકાર ત્વિષા વ્યાસને પ્રતિષ્ઠિત 'ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાં યુવા રાષ્ટ્રીય પુરસ્કાર'

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના બારડોલીનાં જાણીતાં યુવા કલાકાર ત્વિષા વ્યાસની લોકનૃત્ય 'ગરબા' ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન બદલ કેન્દ્ર સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળની સંગીત નાટક અકાદમી દ્વારા વર્ષ ૨૦૨૫ના પ્રતિષ્ઠિત 'ઉસ્તાદ બિસ્મિલ્લાહ ખાં યુવા રાષ્ટ્રીય પુરસ્કાર' માટે પસંદગી કરવામાં આવી છે. યુનેસ્કો દ્વારા ગુજરાતના પરંપરાગત ગરબાને અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદીમાં સ્થાન મળ્યા બાદ, ત્વિષા વ્યાસને મળેલી આ સર્વોચ્ચ રાષ્ટ્રીય સિદ્ધિથી સમગ્ર ગુજરાતનું ગૌરવ વધ્યું છે. બારડોલી ખાતે 'વી. કિલ્લોલકુમાર ગ્રૂપ ઓફ મ્યુઝિક એન્ડ નૃત્ય એકેડેમી' ચલાવતા અને ગરબાને આસ્થા તેમજ આધ્યાત્મિકતાનું જીવંત સ્વરૂપ માનતા આ યુવા કલાકાર ગરબાની મૂળભૂત પરંપરા અને પવિત્રતા જાળવી રાખી નવી પેઢીને તેની બારીકીઓ શીખવી રહ્યા છે.

અંગ્રેજી સાહિત્યમાં અનુસ્નાતક અને ભરતનાટ્યમમાં 'અલંકાર' ગોલ્ડ મેડાલિસ્ટ ત્વિષા વ્યાસ બહુમુખી પ્રતિભા ધરાવે છે. તેઓ એક કુશળ વાયોલિન વાદક છે અને દેશના રાષ્ટ્રપતિઓ સમક્ષ પ્રસ્તુતિ કરવા ઉપરાંત મેન્ડોલિન, વાંસળી અને તબલા જેવા વિવિધ વાદ્યોમાં નિપુણતા ધરાવે છે, જે તેમની ગરબા પ્રસ્તુતિમાં અદ્ભુત લય અને અભિવ્યક્તિ ઉમેરે છે. રાજ્ય સરકારના મોઢેરા અને વસંતોત્સવ જેવા અનેક પ્રતિષ્ઠિત મહોત્સવો તેમજ જી-૨૦ જેવા આંતરરાષ્ટ્રીય મંચો પર કલા પ્રદર્શન કરી ચૂકેલા ત્વિષા વ્યાસે દેશના વિવિધ રાજ્યોમાં પણ ગુજરાતની લોકસંસ્કૃતિનું સફળ પ્રતિનિધિત્વ કર્યું છે. ■



# બે ઊંટની લડાઈમાં કચ્છના સામાજિક અગ્રણીનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશ અને ગુજરાતમાં ગાય-ભેંસ અથવા રખડતા શ્વાનને લીધે અકસ્માત અને મોતના બનાવો બનતા રહે છે, પરંતુ કચ્છમાં બે ઊંટ વચ્ચેના વિચિત્ર અકસ્માતમાં એક વેપારીનું મોત થવાની ઘટના બની હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, બંદરીય માંડવી તાલુકાના ભેરૈયા પાટિયા નજીક શનિવારે રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં એક વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. ગઢશીશા ગામના પ્રતિષ્ઠિત સામાજિક અગ્રણી અને ઈલેક્ટ્રિક ઉપકરણોની દુકાન ધરાવતા ૬૮ વર્ષીય રમેશભાઈ શિવજી બ્રહ્મક્ષત્રિય પોતાના મિત્ર સાથે મોટરસાઈકલ પર ગઢશીશા તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન ભેરૈયા પાટિયા પાસે ધોરીમાર્ગ પર બે ઊંટ અંદરોઅંદર ઝઘડતા-ઝઘડતા અચાનક મુખ્ય માર્ગ વચ્ચે દોડી આવ્યા હતા.

ચાલક કંઈ સમજે તે પૂર્વે જ આ ઊંટ મોટરસાઇકલ સાથે અથડાતાં રમેશભાઈ રોડ પર પટકાતા તેમને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. તેમને તાત્કાલિક પ્રથમ ગઢશીશા અને ત્યારબાદ ભુજની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં મોડી રાત્રે ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં તેમના મિત્રને સામાન્ય ઈજાઓ થઈ છે. રમેશભાઈ સાર્વજનિક પાણીપુરવઠા ટ્રસ્ટ અને ગઢશીશા પદયાત્રી સેવા કેમ્પ જેવી અનેક સંસ્થાઓમાં સક્રિય હોઈ, તેમના અવસાનથી સમગ્ર પંથકમાં શોક વ્યાપી ગયો છે. ■

# અમરેલીમાં ૨૪ કલાકમાં ત્રણ સિંહબાળનાં મોત, એકની હત્યા થઈ હોવાની આશંકાથી તપાસ શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં જ ગીરમાં બેબિસિયા વાયરસને કારણે સિંહોના ભેદી મોતની ઘટનાઓ બાદ અમરેલી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં જ ત્રણ એશિયાટિક સિંહબાળનાં મોત થતાં વન્યજીવ પ્રેમીઓમાં ભારે ચિંતા વ્યાપી ગઈ છે અને વન વિભાગે આ મામલે તપાસ આદરી દીધી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પ્રાથમિક તપાસમાં બે સિંહબાળના મોત કુદરતી કારણોસર થયા હોવાનું માનવામાં આવે છે, પરંતુ દલખાણિયા રેન્જમાં મળી આવેલા એક સિંહબાળના શરીર પર ઇજાના નિશાન જોવા મળતા તેની ઇરાદાપૂર્વક હત્યા કરવામાં આવી હોવાની આશંકા વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. મૃત્યુ પામેલા સિંહબાળ પૈકી એક તો માત્ર બે થી ત્રણ દિવસનું જ હોવાનું જાણવા મળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ પહેલાં મે મહિનામાં વન પ્રધાન અર્જુન મોઢવાડિયાએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં આઠ સિંહબાળનાં મોતની પુષ્ટિ કરી હતી, ત્યારે હવે અમરેલીમાં વધુ ત્રણનાં મોતના અહેવાલોથી વન્યજીવ નિષ્ણાતોમાં ચિંતા ઘેરી બની છે. દલખાણિયા ફોરેસ્ટ રેન્જમાંથી આશરે ૬ થી ૭ મહિનાના સિંહબાળનો મૃતદેહ મળ્યો હતો, તેના શરીર પરના ઘાના નિશાનો જોવા મળતા તે માનવ હસ્તક્ષેપ તરફ ઈશારો કરે છે. આ સિંહબાળના મોતના ચોક્કસ કારણો જાણવા માટે પોસ્ટમોર્ટમ અને ફોરેન્સિક તપાસના આદેશ આપવામાં આવ્યા હતાં, જ્યારે બીજી તરફ પોલીસે આ વન્ય જીવ પર હુમલો કરનાર અજાણ્યા શખસને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

બે મૃતદેહ બગસરા અને પાણિયા રેન્જમાંથી મળી આવ્યા હતા. વન વિભાગની પ્રાથમિક તપાસમાં આ બંને સિંહ બાળનું કુદરતી મોત હોવાનું અનુમાન છે. જો કે, સિંહબાળ કોઈ ચેપી રોગ કે અન્ય કોઈ આંતરિક બીમારીનો ભોગ બન્યા છે કે કેમ, તે સ્પષ્ટ કરવા માટે વન વિભાગે જરૂરી સેમ્પલ એકત્ર કરીને લેબોરેટરીમાં પૃથ્થકરણ માટે મોકલી આપ્યા છે, જેથી મોત પાછળના વાસ્તવિક કારણો સુધી પહોંચી શકાય. ■

# ગાંધીનગરમાં અમિત શાહના હસ્તે ડિજિટલ પ્લેટફોર્મ 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' પ્રોજેક્ટ લોન્ચ

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ ગુજરાતના પ્રવાસ પર હોય તેમના હસ્તે ગાંધીનગર લોકસભા મતવિસ્તાર માટે પ્રાયોગિક ધોરણે એક વિશેષ સંકલિત ડિજિટલ પ્લેટફોર્મ 'પીએમ - ફેમિલી કેર ટ્રેકર' પાયલોટ પ્રોજેક્ટ કાર્યરત કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે આ કોમન આઈડેન્ટિટી સિસ્ટમથી શાસનની કામગીરી વધુ સુદૃઢ બનશે અને કોઈ પણ પાત્રતા ધરાવતા લાભાર્થી લાભથી વંચિત નહીં રહે.

આ પ્રસંગે અમિત શાહના હસ્તે પ્રધાનમંત્રી 'ફેમિલી કેર ટ્રેકર' યોજનાના પ્રથમ ત્રણ લાભાર્થીઓને સત્તાવાર ડિજિટલ પત્રક એનાયત કરીને પ્રોજેક્ટની સફળ શરૂઆત કરાવવામાં આવી હતી. તેમણે બાળકોને પોલિયોના ટીપાં પીવડાવ્યા હતા. આ સાથે જ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય ગૃહ પ્રધાનના હસ્તે બાળકો, ધાત્રી માતાઓ અને સગર્ભા મહિલાઓને ન્યુટ્રિશન કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું તેમજ 'હેલ્થ પાસપોર્ટ' પણ જારી કરવામાં આવ્યા હતા. તે ઉપરાંત પીએમ ઇ-બસ સેવાનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

અમિત શાહે આ જટિલ સિસ્ટમ અને સોફ્ટવેર તૈયાર કરવા બદલ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને સમગ્ર વહીવટી તંત્રની પ્રશંસા કરી અભિનંદન પાઠવ્યા હતાં. તેમણે જણાવ્યું હતું કે, આ ટ્રેકરના માધ્યમથી જન્મ-મૃત્યુ, સ્વાસ્થ્ય, પોષણ, શિક્ષણ અને સમાજ કલ્યાણ જેવા તમામ વિભાગોના ડેટાબેઝને એક કોમ્પ્યુટર પ્રણાલીમાં સાંકળી લેવાયા છે. કોઈ બાળક રસીકરણથી વંચિત રહી જશે કે કોઈ બાળકી શાળાએ જવાનું બંધ કરશે, તો તુરંત જ સિસ્ટમમાં એલર્ટ થશે. સ્થાનિક અધિકારીઓથી લઈને ધારાસભ્ય અને સાંસદ સુધી નામ ફ્લેશ થતાં જ સ્વયંસેવકો અને તંત્ર બાળકના ઘરે પહોંચી તેની સુવિધા સુનિશ્ચિત કરશે. આ ઉપરાંત માતાના ગર્ભથી લઈને ૧૬ વર્ષના બાળક સુધીના સ્વાસ્થ્ય અને પોષણનું આઈટી માધ્યમથી સચોટ ટ્રેકિંગ થશે તેમ અમિત શાહે જણાવ્યું હતું. ■

# પાટણના હાજીપુરમાં વરઘોડા પર હુમલા મામલે પાંચ શખ્સ સામે એટ્રોસિટીની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આઝાદીના વર્ષો બાદ પણ જાતિવાદની સમસ્યાથી આપણો સમાજ પીડાઈ રહ્યો છે. પાટણ જિલ્લાના હાજીપુર ગામે પટણી સમાજના એક યુવકના લગ્નનો વરઘોડો જ્યારે ઠાકોર સમાજના વિસ્તાર બાજુથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે જ્ઞાતિસૂચક અપશબ્દો કહીને પાંચ શખ્સોએ વરઘોડા પર કથિત હિંસક હુમલો કર્યો હોવાના આક્ષેપ સાથે પોલીસ સ્ટેશનમાં એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં આક્ષેપ કરવામાં આવ્યો છે કે હુમલાખોરોએ વરરાજાને ઘોડા પરથી નીચે પછાડી દઈ તેમનો લગ્નનો સૂટ ફાડી નાખ્યો હતો.

મળતી વિગતો અનુસાર, હાજીપુર ગામના રહેવાસી કૌશિકભાઈ પટણીના લગ્ન પ્રસંગમાં પરિવારજનો અને સબંધીઓ ધામધૂમથી વરઘોડા સાથે પરત ફરી રહ્યા હતા, ત્યારે આ બનાવ બન્યો હતો. ફરિયાદીના આક્ષેપ અનુસાર, તેના જ ગામના રામુજી ઠાકોર નામના શખ્સ અચાનક વરઘોડાની વચ્ચે ઘસી આવ્યા હતા અને વરરાજાને નીચે પછાડી દીધા હતા. આ સમયે વરરાજાને બચાવવા વચ્ચે પડેલા તેમના કાકા પર અન્ય બે શખ્સો હુમલો કરી કપાળ તેમજ બરડાના ભાગે ઈજાઓ પહોંચાડી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો. આ હિંસક ઝપાઝપીમાં વચ્ચે પડેલા વરરાજાના કાકી અને માતાને પણ શારીરિક ઈજાઓ પહોંચી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ દરમિયાન બીજા બે શખ્સો પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને જાતિસૂચક અપશબ્દો કહ્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ માથાકૂટ બાદ ગામના અન્ય લોકો પણ એકઠા થઈ જતાં આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે. આ ઘટના બાદ વરરાજાએ પોલીસ સમક્ષ પાંચેય હુમલાખોરો વિરુદ્ધ નામજોગ ફરિયાદ નોંધાવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઘટના બાદ સામાજિક તંગદિલીને ધ્યાનમાં રાખીને સુરક્ષા ખાતર ચુસ્ત પોલીસ પહેરો ગોઠવી દેવામાં આવ્યો હતો. ■

# ગાંધીનગરમાં ઈ-બસ સેવાનો પ્રારંભ, માત્ર ન્યૂનતમ ₹ ૫ થી મહત્તમ ₹ ૩૦ ભાડું નિર્ધારિત

અમદાવાદઃ પીએમ-ઈ-બસ સેવા યોજના અંતર્ગત ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આધુનિક, સ્વચ્છ અને ગ્રીન પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાઓની શરૂઆત કરવામાં આવી હતી.

આ યોજના અંતર્ગત ગાંધીનગર શહેરને કુલ ૧૦૦ ઇલેક્ટ્રિક મિડી બસોની ફાળવણી કરવામાં આવી છે. જેના પ્રથમ તબક્કા તરીકે ૪૦ આધુનિક એ.સી. ઇ-બસોને લીલી ઝંડી આપીને નિયમિત રૂટો પર કાર્યરત કરવામાં આવી છે. ઇ-બસ સેવાના નિર્વિઘ્ન અને અવિરત સંચાલન માટે સરગાસણ ખાતે અંદાજે રૂ. ૧૭ કરોડના ખર્ચે અત્યાધુનિક ડેપો અને ચાર્જિંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવામાં આવ્યું છે, જ્યાં આધુનિક ચાર્જિંગ સ્ટેશન, મેન્ટેનન્સ વ્યવસ્થા અને ઓપરેશનલ કંટ્રોલ સિસ્ટમ જેવી ટેક્નિકલ સુવિધાઓ ઊભી કરાઈ છે. નાગરિકોની સુવિધા માટે ગાંધીનગર શહેર અને તેની આસપાસના વિસ્તારોને સાંકળતા ૧૮ વૈજ્ઞાનિક ધોરણે આયોજનબદ્ધ રૂટો નક્કી કરાયા છે. આ નેટવર્ક અંતર્ગત સરગાસણ, પાથિકાશ્રમ, સચિવાલય, ગાંધીનગર રેલવે સ્ટેશન, મહાત્મા મંદિર, ગિફ્ટ સિટી, ચિલોડા, દહેગામ, કડી, કલોલ, ચાંદખેડા, ધમાસણ, નારદિપુર, સોનિપુર, કોથા, આદરજ મોટી, ટીંટોડા, આઈઆઈટી ગાંધીનગર, ડભોડા અને માણસા સહિતના વિસ્તારોને આવરી લેવાયા છે. સામાન્ય નાગરિકોને પોષાય તેવા હેતુથી મુસાફરીનું ભાડું અંતરના આધારે ન્યૂનતમ રૂ. ૫ થી મહત્તમ રૂ. ૩૦ નિર્ધારિત કરવામાં આવ્યું છે. ■

# એકનાથ શિંદે રામ અને દેવેન્દ્ર ફડણવીસ લક્ષ્મણ જેવા છે; જ્યોતિ વાઘમારે

મુંબઈ : શિવસેનાના રાજ્યસભા સાંસદ જ્યોતિ વાઘમારેએ એકનાથ શિંદેની તુલના ભગવાન શ્રીરામ સાથે કરી છે અને સાથે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની સરખામણી લક્ષ્મણ સાથે કરીને સંકેત આપ્યો છે કે શિવસેના રાજ્યમાં 'મોટો ભાઈ' છે.

છ સાંસદોના શિવસેનામાં પ્રવેશ બાદ રાજ્યમાં કયો પક્ષ સૌથી મોટો? તે અંગે ચર્ચા શરૂ થઈ છે. સાંસદ જ્યોતિ વાઘમારેનાં નિવેદનથી ફરી એકવાર શિવસેના અને ભાજપ વચ્ચે કોણ મોટું, તેનો વિવાદ વકરે તેવા એંધાણ છે. ભાજપ આ ટિપ્પણીનો કેવો પ્રતિભાવ આપશે તે જોવાનું બાકી છે.

દરમિયાન, જ્યોતિ વાઘમારેએ ઉદ્ધવ ઠાકરેને રાવણ અને સંજય રાઉતને કૈકેયી સાથે સરખાવ્યા છે. ધારાશિવ જિલ્લામાં સ્થિત ઉમરગામમાં એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે આ વિવાદાસ્પદ નિવેદન આપ્યું હતું. ઉદ્ધવ ઠાકરેનો પ્રવાસ ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળું મારવા જેવી વાત છે. છ સાંસદો સરઘસ નીકળી ચૂક્યું છે, અને હવે આ 'ઘોડો અને વાછરડું' ફક્ત પૂછપરછ કરવા માટે રાજ્યનો પ્રવાસ કરી રહ્યા છે. શિવસેનાના સાંસદ જ્યોતિ વાઘમારેએ આ પ્રવાસની ટીકા કરતા કહ્યું છે કે તેનો કોઈ હેતુ નથી; જો આ યોગ્ય સમયે કરવામાં આવ્યું હોત, તો તે અસરકારક હોત. હિન્દુ હૃદયસમ્રાટ બાળાસાહેબ ઠાકરે હિન્દુત્વના 'કલ્પવૃક્ષ' હતા, જ્યારે તેમના બાળકો ફક્ત તેના પરના પરોપજીવી છે. ■

## થાણેમાં યુવક સહિત બે જણની હત્યાઃ ત્રણ ઝડપાયા

થાણેઃ થાણેમાં બે અલગ અલગ ઘટનામાં ૧૯ વર્ષના યુવક સહિત બે જણની હત્યા કરવામાં આવી હતી, જેને પગલે પોલીસે ત્રણ જણને ઝડપી પાડ્યા હતા. પોલીસ અધિકારીના કહેવા મુજબ ચિતલસર વિસ્તારમાં શાળાની નજીક બુધવારે બપોરના ત્રણ વાગ્યાની આસપાસ ટોળાએ શસ્ત્રના ઘા ઝીંકી ૧૯ વર્ષના યુવક સાહિલ પંચાલની હત્યા કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે નજીવી બાબતે થયેલા વિવાદમાં સાહિલની હત્યા કરવામાં આવી હતી. પોલીસે આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરીને ત્રણ શકમંદને પૂછપરછ માટે તાબામાં લીધા હતા.

દરમિયાન હત્યાની બીજી ઘટના થાણેના તળાવપાડી વિસ્તારમાં બુધવારે રાતના નવ વાગ્યાની આસપાસ બની હતી. બની હતી. ત્રણ અજાણી વ્યક્તિએ ૪૨ વર્ષના મુબારક ઉર્ફે મુન્ના શેખની માથામાં પથ્થર ઝીંકી હત્યા કરી હતી. નૌપાડા પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ આરોપીની શોધ ચલાવાઇ હતી. મુબારક શેખની હત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. (પીટીઆઇ) ■

# શું અમે ગીની પીગ છીએ?: એફડીએના અધિકારીઓ

## વીઆઇપી મહેમાનો માટે ખાદ્ય તપાસ માટેની ડ્યૂટી પર ઉઠાવ્યા સવાલો

મુંબઈઃ વીઆઈપી ઇવેન્ટ્સમાં મહેમાનો પહોંચતા પહેલા બે પ્રકારના લોકો ત્યાં પહોંચી જતા હોય છે. જેમનું કાર્ય વીઆઈપી ગેસ્ટ અને નેતાઓના જમ્યા પહેલા એ ખાદ્ય પદાર્થોનું ફૂડ ટેસ્ટિંગ કરી તેની સુરક્ષાની તપાસ કરવી, જેમાં આ કામગીરી ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશનના ફૂડ ઇન્સ્પેક્ટર અને સ્થાનિક પોલીસના કોન્સ્ટેબલની હોય છે.

તાજેતરમાં એનસીપીની ધારાસભ્ય સુપ્રિયા સુલેની દીકરી રેવતી અને સારંગ લાખાણીના લગ્ન સમારંભમાં ફૂડ ઇન્સ્પેક્ટર અને અન્ય કોન્સ્ટેબલો ખૂબ હેરાન થયા હતા. જેમાં બન્યું એવું કે એફડીએ ઇન્સ્પેક્ટરોને મેનુમાં હાજર દરેક ખાદ્ય સામગ્રીને ચાખીને તેના નમૂના ભેગા કરીને સીલ કરવા પડતા હતા. આ નમૂનાઓને ૭૨ કલાક સુધી પોલીસ રેકોર્ડમાં રાખવામાં આવતા હતા. આ સ્ટાન્ડર્ડ પ્રોટોકોલ પહેલા જનરલ એડ્મિનિસ્ટ્રેશન વિભાગ અને પછી પ્રોટોકોલ મિનિસ્ટ્રીએ લાગુ કર્યા હતા, જેથી ફૂડ ઇન્સ્પેક્ટરોને અઠવાડિયાના અડધા દિવસો સુધી તો વીઆઈપીની કામગીરીમાં જ વિતાવવા પડતા હતા. આ ડ્યૂટી ક્યારેક તો ૧૩ દિવસો સુધી પણ ચાલતી હોય છે.

ખાદ્ય વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ તો એ પણ પૂછી લીધું કે શું અમે ગીની પિગ છીએ, જેના પર આવા પ્રયોગો કરવામાં આવી રહ્યા છે, અમારી મુસાફરી માટે કોઈ વ્યવસ્થા સુધ્ધાં પણ કરવામાં આવતી નથી. આ પ્રોટોકોલ હેઠળ આવતા નેતાઓની સંખ્યા પણ ખૂબ મોટી છે, જેમાં વિપક્ષના સદસ્યો પણ સામેલ છે.

ફૂડ ટેસ્ટર્સ વિભાગમાં અગાઉ એક સરકારી હૉસ્પિટલનું સભ્ય પણ સામેલ થતું હતું. જો કે મેડિકલ ટીમોએ આ બાબતનો વિરોધ કર્યો અને તેઓ પોતાની કામગીરીમાંથી હટી ગયા હતા, કારણકે તેમની મુખ્ય જવાબદારી દર્દીઓનો ઈલાજ કરવાની છે, નહીં કે ખાદ્ય પદાર્થની ચકાસણી કરવી.

એક મેડિકલ સુપરિટેન્ડન્ટના જણાવ્યા અનુસાર, આ કામગીરી ખૂબ કઠિન હતી. અમુક દિવસના પ્લાનિંગ સાથે હાઈ-પ્રોફાઈલ લગ્નોમાં તેમ જ એરપોર્ટના વીઆઈપી લોન્જમાં પણ આવતા જતા વીઆઈપી માટે તેમને નિયમિત કામગીરી કરવી પડતી હતી.

વીઆઈપી માટે જે ઇન્સ્પેક્ટરોની દેખરેખ કરવાવાળા એક ફૂડ સેફ્ટી ઓફિસરના જણાવ્યા મુજબ અઠવાડિયામાં ત્રણથી ચાર દિવસ આ ઈન્સ્પેક્ટરો હાજર હોતા નથી, જેથી તેમની રોજિંદી કામગીરીમાં મોડું થાય છે. એફડીએ અધિકારીઓના જણાવ્યા મુજબ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કે ગૃહ પ્રધાન અમિત શાહ પોતાના પ્રવાસ દરમિયાન તેમની પોતાની ઇન્ટર્નલ સુરક્ષા ટીમોના પ્રોટોકોલ અંતર્ગત સાઇનાઇડ ટેસ્ટ કરે છે.

અધિકારીઓને કોઈ પણ કાર્યક્રમના સ્થળે પણ સુરક્ષાના પગલે પેકડ સામાનની તપાસ પણ કરવી પડે છે. આ રીતે ફૂડ ઍન્ડ ડ્રગ વિભાગ પર ખૂબ મોટી અને અગત્યની જવાબદારી આવે છે, જેનું સાવચેતીપૂર્વક નિરીક્ષણ કરવું તેમના માટે એક પડકાર બની જતો હોય છે. ■

## મોહરમના જુલૂસમાં ઝેરી કેપ્સ્યૂલ્સ

# કાવતરાને અંજામ આપવા પખવાડિયાથી ચાલી રહી હતી તૈયારી

## પુણેમાં આરોપીના પરિવારજનોની પોલીસે કરી પૂછપરછઃ ઝિંક ફોસ્ફાઇડના સપ્લાયરની શોધ શરૂ

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ભાયખલા વિસ્તારથી પસાર થનારા મોહરમના જુલૂસ વખતે હજારો લોકોને મોતના મુખમાં ધકેલી દેવાના કાવતરાને અંજામ આપવા માટે પખવાડિયાથી તૈયારી ચાલી રહી હતી, એવું સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. આ કાવતરાની તપાસ કરી રહેલી પોલીસની ટીમે પુણેમાં આરોપી ફૈયાઝ પ્રેમજીના ઘરે જઇને તેના પરિવારજનોની પૂછપરછ કરી હતી, જ્યારે બીજી ટીમ ઝિંક ફોસ્ફાઇડના સપ્લાયરની શોધ ચલાવી રહી છે.

ભાયખલા આરોપી ફૈયાઝ પ્રેમજીની ધરપકડ કર્યા બાદ તેને કોર્ટમાં હાજર કર્યો હતો, જ્યાં તેને બે દિવસની પોલીસ કસ્ટડી ફટકારવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે ફૈયાઝે મુંબઈ બહારથી ઝિંક ફોસ્ફાઇડ ખરીદ્યું હતું. તેની પાસેથી જપ્ત કરાયેલી ૧૪,૯૦૦ કેપ્સ્યૂલ્સ તપાસ માટે કલિના ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં મોકલવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ડોંગરીના ગેસ્ટ હાઉસમાં રહેનારા ફૈયાઝે ૩૦,૦૦૦ ખાલી કેપ્સ્યૂલ્સ તેમ જ પચાસ કિલો ઝિંક ફોસ્ફાઇડ ઓનલાઇન મગાવ્યા હતા. જોકે આરોપી બધી કેપ્સ્યૂલ્સમાં ઝિંક ફોસ્ફાઇડ (ઉંદર મારવાનુ ઝેર) ભરી શક્યો નહોતો. ઇરાન-ઇરાકમાં અનેક વાર જઇ આવેલા ફૈયાઝે ઇરાકમાં બે મહિના નોકરી કરી હતી અને થોડા દિવસો અગાઉ ત્યાંથી પાછો ફર્યો હતો. ફૈયાઝ માનસિક રીતે અસ્વસ્થ હોવાનું લાગી રહ્યું છે. ક્રાઇમ બ્રાન્ચની ટીમ પણ આ મામલાની તપાસ કરી રહી છે.

ગોવંડીમાં રહેતા અને બેગ બનાવવાના કારખાનામાં કામ કરતા ફરિયાદી સલમાન સૈયદ મોહરમના જુલૂસમાં માતમ કરવા માટે શુક્રવારે ડોંગરી આવ્યો હતો. જુલૂસમાં સામેલ સલમાન રાતના થોડા સમય માટે એક સ્થળે બેઠો હતો ત્યારે બુરખો પહેરેલી મહિલા તેની પાસે આવી હતી અને તેણે તેને કેપ્સ્યૂલ્સ આપી હતી.

કેપ્સ્યૂલ્સ વિશે સલમાને પૂછતાં મહિલાએ જણાવ્યું હતું કે જુલૂસમાં તેને અજાણી વ્યક્તિએ આપી હોવાનું કહ્યું હતું. કેપ્સ્યૂલ્સ ગળ્યા બાદ ગોવંડી ગયેલા સલમાનને વચ્ચે ઊલટી આવી હતી. ઘરે પહોંચેલા સલમાનને બેચેની લાગી હતી અને ઊંઘ આવતી ન હોવાથી તેણે પરિવારને આની જાણ કરી હતી અને બાદમાં ઇમામવાડા ખાતે રહેતા સમુદાયના લોકોનો સંપર્ક કર્યો હતો, જેમણે તેને ડોંગરી વિસ્તારમાં આવીને ત્યાંની હોસ્પિટલમાં સારવાર લેવાની સલાહ આપી હતી.

સારવાર બાદ તેણે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. ■

## ભારત દેશ મોદી સરકાર હેઠળ થયેલા અભૂતપૂર્વ વિકાસનો સાક્ષી છેઃ નિતીન ગડકરી

નાગપુરઃ કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ શનિવારે એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ભાજપ સરકારના કાર્યકાળ વિશે ચર્ચા કરી હતી, જેમાં તેમણે જણાવ્યું હતું કે જે વિકાસનું કાર્ય છેલ્લા છ દાયકામાં નહોતું થયું, તે પ્રગતિ અને વિકાસનું કાર્ય નરેન્દ્ર મોદી સરકારના છેલ્લા ૧૨ વર્ષના સમયગાળામાં થયું છે.

તેમણે આગળ જણાવ્યું હતું કે ભારત દેશ ખેતી, ઉદ્યોગ, આરોગ્ય, વિજ્ઞાન, ટેક્નોલોજી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્ત્રી સશક્તિકરણ, સામાજિક અને આર્થિક એમ દરેક ક્ષેત્રોમાં આગળ વધી રહ્યો છે. મિશ્ર ઇંધણમાં ઇથેનોલના ઉપયોગમાં વધારો કરવા માટે સરકારે આગ્રહ કર્યો છે, કેન્દ્ર પરિવહન અને ધોરીમાર્ગ પ્રધાન દ્વારા જણાવવામાં આવ્યું કે, તેમણે આ બાબતે સરકારને પૂર્ણ સહકાર આપ્યો છે અને તેમણે તાજેતરમાં જ ૧૦૦ ટકા ઈથેનોલનો વાહનોમાં ઉપયોગ કરવા માટે નિયમો લાગુ કર્યા છે. કેન્દ્ર પ્રધાને કહ્યું કે, દેશના ૧૨ વર્ષના વિકાસ પાછળ ભારતના નાગરિકોનો ભાજપ પરનો અતૂટ વિશ્વાસ પણ દેશની પ્રગતિમાં મહત્વનો ફાળો ભજવે છે. ■

# 30 વર્ષ સુધી મહારાષ્ટ્ર અને અર્થતંત્રને આગળ ધપાવશે વાઢવણ બંદરઃ ફડણવીસ

મુંબઈ : મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે રવિવારે જણાવ્યું હતું કે પાલઘર જિલ્લામાં આવનારું વાઢવણ બંદર ભારતની વિકાસ યાત્રામાં એક ''ઐતિહાસિક પ્રકરણ'' બનશે અને આગામી ત્રણ દાયકા સુધી રાજ્ય અને દેશની આર્થિક વૃદ્ધિને આગળ ધપાવશે. પાલઘરમાં મુખ્ય માળખાકીય પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કર્યા પછી ફડણવીસ પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા.

ફડણવીસે કહ્યું કે વાધવન સુવિધામાં જવાહરલાલ નહેરુ બંદરની કાર્ગો-હેન્ડલિંગ ક્ષમતા કરતાં લગભગ ત્રણ ગણી હશે અને તે વિશ્વના ટોચના ૧૦ બંદરોમાં સ્થાન મેળવશે.

ફડણવીસે જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટથી આશરે ૧૦ લાખ નોકરીઓનું સર્જન થવાની અપેક્ષા છે અને સરકાર ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને અપગ્રેડ કરી રહી છે, મત્સ્યઉદ્યોગ સંસ્થાઓની સ્થાપના કરી રહી છે અને સ્થાનિક યુવાનોને રોજગારની તકોનો લાભ મળે તે સુનિશ્ચિત કરવા માટે કૌશલ્ય વિકાસ કાર્યક્રમો શરૂ કરી રહી છે. વધુમાં ઉમેર્યું કે, માછીમારોને તેમના વ્યવસાયને વિસ્તૃત કરવામાં અને સીફૂડ નિકાસને વેગ આપવા માટે એક આધુનિક માછીમારી બંદર વિકસાવવામાં આવશે. તેમણે કહ્યું કે વાઢવણ બંદર, વિરાર-અલીબાગ કોરિડોર, વિરાર નજીક પ્રસ્તાવિત એરપોર્ટ અને સુધારિત રેલ અને રોડ કનેક્ટિવિટી, પાલઘર પ્રદેશને ''ચોથા મુંબઈ'' તરીકે એક મુખ્ય આર્થિક કેન્દ્રમાં પરિવર્તિત કરશે અને સ્થાનિક સમુદાયોની સમૃદ્ધિ સુનિશ્ચિત કરશે.

આ બંદર પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ લગભગ ૭૬,૨૨૦ કરોડ રૂપિયા છે. તેનું આયોજન તબક્કાવાર કરવામાં આવ્યું છે, જેમાં પ્રથમ તબક્કો ૨૦૩૦માં પૂર્ણ કરવાનું લક્ષ્ય છે અને પ્રોજેક્ટ સંપૂર્ણપણે ૨૦૩૪-૨૦૩૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે. આ પ્રસંગે મુખ્ય પ્રધાને બોઇસર ખાતે બુલેટ ટ્રેન સ્ટેશન પરના કામની પણ સમીક્ષા કરી હતી. (પીટીઆઈ) ■

## પેડેસ્ટ્રિયન ફર્સ્ટ પૉલિસીનો ભંગ

# કોલાબાના શૌચાલયને તોડીને અધિકારી પાસે ખર્ચ વસૂલોઃ નગરસેવકની માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈના કોલાબામાં લાયન ગેટ સામે ગેરકાયદે રીતે ઊભા કરવામાં આવેલા 'આકાંક્ષી શૌચાલય'ને તાત્કાલિક તોડી પાડવાની અને આ શૌચાલય બાંધવાની મંજૂરી આપનારા પાલિકાના સંબંધિત અધિકારીને સસ્પેન્ડ કરી તેની પાસેથી પ્રોજેક્ટના ખર્ચની વસૂલી કરવાની માગણી કોલાબાના નગરસેવકે કરી છે.કોલાબાના ભાજપના નગરસેવકે પાલિકા કમિશનર અશ્વિની ભીડે તથા વિધાનસભા અધ્યક્ષ રાહુલ નાર્વેકરને પત્ર લખીને આ ગેરકાયદે શૌચાલયને તાત્કાલિક તોડી પાડવાની માગણી કરી છે. આ પૂરા પ્રકરણની તપાસનો અહેવાલ રાજ્યના અર્બન ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ પાસે રજૂ કરવામાં આવ્યો હોઈ તેને વિધાનસભામાં પણ રાખવામાં આવ્યો છે.

નગરસેવક મકરંદ નાર્વેકરે જણાવ્યું હતું કે લાયન ગેટ પરિસરમાં પાલિકાએ 'પેડેસ્ટ્રિયન ફર્સ્ટ પૉલિસી' હેઠળ ૦.૯ થી ૧.૫ મીટરની પહોળાઈની ફૂટપાથ પ્રસ્તાવિત કરી છે ત્યારે ફૂટપાથને બદલે અહીં શૌચાલય બાંધીને પાલિકાએ 'રાહદારી પહેલા'ની પૉલિસીનું ઉલ્લંઘન કર્યું છે. આ તો રાહદારીઓના હકની જગ્યા પર અતિક્રમણ કહેવાય. હાલ ચોમાસું શરૂ થઈ ગયું હોઈ ગેરકાયદે બાંધકામ જોખમી સાબિત થયું હોઈ તે ફૂટપાથ પર ઊભું કરવામાં આવ્યું હોઈ નાગરિકોને ચાલવા માટે સુરક્ષિત જગ્યા બચી નથી. તેથી આ શૌચાલય તાત્કાલિક તોડીને અહીં ફૂટપાથને તેની મૂળ સ્થિતિમાં લાવવું આવશ્યક છે.

નગરસેવકે આ પ્રોજેક્ટને મંજૂરી આપનારા એન્જિનિયર અને પાલિકાના સંબંધિત અધિકારીને તાત્કાલિક સસ્પેન્ડ કરવાની માગણી પણ કરી છે. જાહેર ભંડોળનો ઉપયોગ કરીને જાણીજોઈને ગેરકાયદે બાંધકામને મંજૂરી આપવા બદલ સંબંધિતો સામે તપાસ કરવાનો અને પ્રોજેક્ટનો ખર્ચ તેમના પગારમાંથી વસૂલ કરવાની પણ માગણી કરી છે. આ પ્રોજેક્ટ પાછળ ૧.૬૫ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. ■

## સંજય જાધવની પ્રતીકાત્મક અંતિમયાત્રા કાઢવામાં આવી

પરભણી : સાંસદ સંજય જાધવના શિવસેના 'યુબીટી' સામે બળવો કરવાના નિર્ણયના પ્રત્યાઘાત જિલ્લામાં દેખાવા લાગ્યા હતા. સાંસદ સંજય જાધવના બળવા બાદ વફાદાર શિવસૈનિકોએ પોતાનો રોષ વ્યક્ત કર્યો છે. સોનપેઠમાં, શિવસૈનિકોએ આક્રમક વલણ અપનાવ્યું અને સાંસદ સંજય જાધવ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન કરતા તેમના પૂતળાને પગરખાંથી મારવામાં આવ્યો. ગુસ્સે ભરાયેલા કાર્યકરોએ સાંસદ જાધવની પ્રતીકાત્મક અંતિમયાત્રા પણ કાઢી હતી.

''ગદ્દાર સંજય જાધવ'' જેવા નારા લગાવતા,આ પ્રતીકાત્મક અંતિમયાત્રા શહેરના મુખ્ય માર્ગ પરથી નીકળીને છત્રપતિ શિવાજી મહારાજ ચોક પહોંચી. ત્યાં કાર્યકરોની હાજરીમાં સાંસદ સંજય જાધવના પૂતળાનું જાહેરમાં દહન કરવામાં આવ્યું હતું. આખો વિસ્તાર નારાઓથી ગુંજી ઉઠ્યો હતો. પક્ષના કાર્યકરોએ જાહેર કર્યું છે કે તેઓ ફક્ત ઉદ્ધવ ઠાકરેની સાથે છે. ■

# નાંદેડના પેઠકર પરિવારે લગ્નમાં જાનૈયાઓને આપી અનોખી ભેટ, મોદીએ કર્યા વખાણ

## લગ્નમાં ભેટ તરીકે આપ્યો એક લાખ રૂપિયાનો વીમો અને હેલ્મેટ!

નાગપુર/નાંદેડઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'મન કી બાત' કાર્યક્રમના એપિસોડમાં મહારાષ્ટ્રના નાંદેડમાં આયોજિત લગ્નનો ઉલ્લેખ કરીને મહત્ત્વની વાત કરી હતી. મોદીએ 'મન કી બાત'ના ૧૩૫માં મહારાષ્ટ્રના નાંદેડમાં યોજાયેલા એક અનોખા લગ્નનો ઉલ્લેખ કર્યો હતો. પેઠકર પરિવારે પોતાના પુત્રના લગ્નમાં ગામના ૩,૫૦૦ લોકોને ₹૧ લાખનો અકસ્માત વીમો અને હેલ્મેટ ભેટમાં આપીને સુરક્ષાની અનોખી મિસાલ કાયમ કરી છે, જે વાતે સોશિયલ મીડિયા પર પણ લોકોમાં કૌતુક જગાવ્યું હતું, જ્યારે લોકોએ પરિવારની પ્રશંસા કરી હતી.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે નાંદેડના બહાદુરપુરા ગામમાં પેઠકર પરિવાર રહે છે. આ પરિવારે તેમના ઘરે શુભ લગ્નપ્રસંગે ગામના લગભગ સાડા ત્રણ હજાર લોકોને ભેટ સ્વરૂપે દુર્ઘટના વીમા ઉતારવા માટે વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી દીધી હતી. દરેક વ્યક્તિને એક લાખ રૂપિયાનું વીમા કવર આપવામાં આવ્યું હતું.

નાંદેડના બહાદુરપુરા ગામમાં સિદ્ધેશ્વર પેઠકર અને મંજુષાના લગ્ન સમારંભમાં ૩,૫૦૦ જેટલા સ્થાનિકોને વીમો ઉતારવાની સૌને ભેટ આપવામાં આવી હતી. સિદ્ધેશ્વર પેઠકરના જણાવ્યા અનુસાર અમારા ગામમાં લોકો મજૂરો અને ખેડૂતો છે, જ્યારે તેઓ ખેતરોમાં કામ કરવા જાય છે ત્યારે તેઓ કોઈ દુર્ઘટનાનો પણ ભોગ બને છે, ક્યારેક તેમને સાપ કરડી જાય છે અથવા કોઈ જંગલી પ્રાણી હુમલો કરી દે છે.

જોકે, આ પ્રકારની દુર્ઘટનાઓ થતી રહે છે, જેથી તેમની સુરક્ષા માટે તેમના માટે ઈન્શ્યોરન્સની વ્યવસ્થા કરવાનો વિચાર આવ્યો હતો. તેમણે કહ્યું હતું કે આ વીમા યોજના દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોને એક લાખ રૂપિયા આપી મદદ પુરી પાડવામાં આવશે. જેથી ગામના લોકોની આર્થિક મુશ્કેલીઓને ધ્યાનમાં રાખીને આ વિચાર આવ્યો હતો.

પેઠકર પરિવારે લગ્નમાં અગાઉ વીમા અને હેલ્મેટ કેમ્પનું આયોજન કર્યું હતું, જેમાં એક જ દિવસમાં ૯૦૦ લોકોનો વીમો ઉતારવામાં આવ્યો હતો. લગ્ન સમારંભ દરમિયાન પણ તેમણે સુરક્ષાના ઉપાય તરીકે મહેમાનોમાં હેલ્મેટ વહેંચી હતી.

દુલ્હન મંજુષાએ પણ પોતાના પતિની આ અનોખી પહેલથી ખુશી વ્યક્ત કરી હતી. મંજૂષાએ જણાવ્યું હતું કે પોતાના લગ્નને ગામ માટે એક નાની ભેટમાં પરિવર્તિત કરવા માંગતા હતા. તેમનો પરિવારે પણ આ પહેલથી પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

હવે તો વડા પ્રધાન પણ આ લગ્નસમારંભમાં થયેલી વિશેષ પહેલથી પ્રભાવિત થયા હતા, જેના લીધે હવે સિદ્ધેશ્વર પેઠકર અને મંજૂષાના લગ્નની ચર્ચાએ પણ જોર પકડ્યું છે, જ્યારે મહારાષ્ટ્રના નેતાઓએ પણ આ લગ્નને વધાવ્યા હતા. ■

## હિન્દુ મરણ

**સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસો બ્રાહ્મણ**

ગામ ઉસરડ હાલ વસઈ અ.સૌ.સ્વ. રક્ષા (ઉં. વ. ૭૫) તે મહેન્દ્રકુમાર નંદલાલ જાની (મધુભાઈ)ના ધર્મપત્ની. તે સુમિત અને ભક્તિના માતુશ્રી. તે સ્વ. તન્વી અને જસમિનકુમાર પટેલના સાસુ. તે દેવાંશુના દાદી. તે શ્રીયાંકના નાની. તે ભાવનગર(કમળેજ) નિવાસી સ્વ. જયાબેન ધીરજલાલ વૃજલાલ જોષીના દિકરી તેમનો સ્વર્ગવાસ તા. ૨૫.૦૬.૨૬ના ગુરુવારે થયેલ છે. (લૌકિક વ્યવહાર તથા સાદડી પ્રથા બંધ છે).

**વીસનગરા નાગર બ્રાહ્મણ**

અમરીષભાઇ ઓચ્છવલાલ મહેતા (ઉં. વ. ૭૫) તે સૌ. અર્ચનાબેન મહેતાના પતિ. તે કૃતિન તથા શ્રુતેશના પિતા. તે સૌ. સુહાલી તથા સૌ. ટિવન્કલના સસરા તા. ૨૭-૬-૨૬ના હાટકેશ શરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૯-૬-૨૬ના સાંજે ૪થી ૬. પિયરનું બેસણું સાથે રાખેલ છે. ઠે. પાવનધામ મહાવીર નગર, એમસીએ મેદાનની બાજુમાં, સત્યાનગર, કાંદિવલી (પશ્ચિમ).

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

મહેન્દ્ર રમણીકલાલ નિર્મળ (ઉં. વ. ૭૪) મૂળ ચિતળના મુંબઇ નિવાસી સ્વ. લતાબેન રમણીકલાલ નિર્મળના પુત્ર. સુરેખાબેનના પતિ. સ્વ. પ્રભાવતી દુર્લભજી બગરિયાના જમાઇ. માનસી હિરેન સંઘરાજકા અને અંક્તિના પિતા. દિનકર-જયોતીન્દ્ર-દેવેન્દ્ર તથા દેવયાની-સુધાના ભાઇ. તા. ૨૭-૬-૨૬ શનિવારના અમદાવાદ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નવીનચંદ્ર વિરજી મજેઠીયા લીલાવતી નવીનચંદ્ર મજેઠીયા ગામ કચ્છ માતાજીના નેત્રા હાલ થાણાના પુત્ર ભાવેશ (ઉં. વ. ૫૧) તે કવિતાબેનના પતિ. પ્રથમના પિતા. તે વિનય, અને રક્ષા જીજ્ઞેશ ભીંડેના ભાઇ. તે જુગલ અને રીયાના કાકા. તે અશ્વિનભાઇ બાબુભાઇ ઠક્કર ગામ રાપરના જમાઇ. તા. ૨૬-૬-૨૬ના રામશરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૯-૬-૨૬ના સાંજે ૫.૩૦થી ૭. ઠે. મુલુંડ મહાજન વાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ (વે). બૈરાઓએ તે જ દિવસે આવી જવું, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ દ્વારકા હાલ બોરીવલી નિવાસી ગં. સ્વ. મંગાબેન જમનાદાસ મોદીના સુપુત્ર કૃષ્ણકાંતભાઇ (ઉં.વ.૭૬) તે લતાબેન મોદીના પતિ. સેજલ તથા રોહનના પપ્પા. જિગર તથા પ્રિયાના સસરા. જિયાનના નાના. દેવેન્દ્રભાઇ, જિતેન્દ્રભાઇ, મહેશભાઇ તથા સ્વ. મધુબેન રાયઠઠા, સ્વ. પ્રમિલાબેન રાયચુરા અને મિનળબેન માણેકના ભાઇ. તેમ જ સ્વ. કેસરબેન કેશવજી લખાણી (જાંબુવાડા)ના જમાઇ તા. ૨૭-૬-૨૬ના શનિવારના શ્રીચરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**સુરતી દશા લાડ વૈષ્ણવ**

હિંદબાળા જયેન્દ્ર બુકસેલર (ઉં. વ. ૯૨) તે કમલેશ નૂતન વિનયભાઇ શાહના માતુશ્રી. તે જાગૃતિના સાસુ. કવિનના દાદી. કોમલના દાદી સાસુ તા. ૨૭-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ માળિયા હાટીના, હાલ બોરીવલી, ધીરજલાલ મણિલાલ કાનાબાર (ઉં. વ. ૮૧) તે ૨૭-૬-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન મણિલાલ કાનાબારના પુત્ર. ગં. સ્વ. વનિતાબેન (રમાબેન) વિઠ્ઠલદાસ સોમૈયા તથા અશોકભાઈના ભાઈ. સૌ. કાન્તાબેન અશોકકુમાર કાનાબારના જેઠ. રમણદાસ, ગોકુલદાસ તથા વિજયના મામા. જીજ્ઞા નકુલ ખીલોચિયાના કાકા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

અ. સૌ. હેમાબેન પ્રકાશભાઈ ઠક્કર (મજેઠીયા), (ઉં. વ. ૬૧) કચ્છ ભુજ, હાલ મલાડ, પ્રકાશભાઈના પત્ની. તે સ્વ. રતનબેન જયરામભાઇના પુત્રવધૂ. તે રૂપેશ, પૂનમના માતૃશ્રી. સ્વ હીરાબેન ચત્રભુજ ઠક્કર (કાથરાણી)ના સુપુત્રી. તે ધીરજલાલ, સ્વ મુકેશભાઈ, નીતિનભાઈ, સ્વ. વિજયભાઈના બહેન તા ૨૭-૬-૨૬ના રામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થના સભા તા.૨૯-૬-૨૬ના, ૫થી ૬:૩૦ કલાકે શરાફ માતૃ મંદિર હોલ પોદ્દાર રોડ, મલાડ ઇસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા હાલ નાલાસોપારા સ્વ.જગજીવન કરસનદાસના પુત્ર જીતેન્દ્ર ભાઈ પારેખ (ઉં. વ. ૮૫) તા.૨૮.૦૬.૨૦૨૬ ને રવિવારના શ્રીજી શરણ પામેલ છે,તે રેણુકાબેનના પતિ. દિપાલી, જીલ્પાના પિતાશ્રી. હેમંત મોદી, સૌરભ ગાંધીના સસરા. તે સ્વ,ભુપેન્દ્ર ભાઈ. સ્વ,મહેન્દ્ર ભાઈ. સ્વ. મહેશભાઈ પારેખ, સ્વ. અરુણાબેન તથા અ. સૌ. જયોતિબેનના ભાઈ. સસુરપક્ષે હડમતીયાવાળા સ્વ. નંદલાલ છગનલાલ મહેતાના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકીક પ્રથા બંધ છે

**કપોળ**

રાજુલા નિવાસી (હાલ મુંબઈ) સ્વ. ધનલક્ષ્મી ભવાનીદાસ શેઠની પુત્રવધુ અ. સૌ. અંજના (અંજુ) જીતેન્દ્ર શેઠ તા. ૨૬.૦૬.૨૦૨૬ ના શુક્રવારનાં શ્રીજીચરણ પામ્યાં છે. તેઓ જીતેન્દ્ર ભવાનીદાસ શેઠનાં ધર્મપત્ની. માનસી અને યાશિકાના માતૃશ્રી. સ્વ. તાપીદાસ, સ્વ. ચંપકલાલ, સ્વ. કિશોરભાઈ, સ્વ. હીરાબેન ગંગાદાસ પારેખ, નગીનદાસભાઈ, શાંતિભાઈ, પ્રવિણભાઈ, ગ.સ્વ. અરૂણાબેન સુરેશકુમાર મહેતાની ભાઈના પત્ની પિયરપક્ષે મુંબઈ નિવાસી સ્વ. જયાબેન પ્રભુદાસભાઈ વિઠલાણી ની સુપુત્રી. સાદડી અને લૌકિક પ્રથા બંધ છે. એડ્રેસ : ઈ-૧૦, તારાબાગ એસ્ટેટ, ચર્નીરોડ ઈસ્ટ.

**કપોળ**

મહુવાવાળા, હાલ કાંદિવલી. જમનાબેન દોલતરાય મંગળદાસ ગાંધીના પુત્ર, ધીરેન્દ્રભાઈ (ઉં. વ. ૮૨) તે સ્વ. લતાબેન (લક્ષ્મીબેન)ના પતિ અને ઓજસના પિતાશ્રી. મીનલના સસરા. દિયાના દાદા. તે સરોજબેન કાંતિલાલ પારેખના ભાઈ. મોણપર વાળા જયંતિલાલ જીવાભાઈ મહેતાના જમાઇ. તા.૨૩/૦૬/૨૦૨૬ મંગળવારના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

ફડસર નિવાસી, હાલ પરેલ - મુંબઇ, શાંતાબેન તથા સ્વ. મનસુખલાલ વિઠ્ઠલદાસ સોમૈયાના પુત્રવધુ મીતાબેન (ઉં.વ.૬૫) તે ધીરેનભાઇ મનસુખલાલ સોમૈયાના ધર્મપત્ની. તે ભાવીક-ચાર્વી તથા નીધી રુષભ છેડાના માતુશ્રી. તે સ્વ. ઉર્મિલાબેન તથા સ્વ. લાભચંદ અમરશી પુજારાના સુપુત્રી. તે પન્નાબેન-ચેતનભાઇ, ચેતનાબેન-દીલેશભાઇ, દીપાબેન ભાવેશભાઇ તથા ક્રિષ્ના હર્નિષભાઇ વણઝારાના ભાભી. તે જયેશ-ભાવના-બીના પુજારા, અલ્પા મજીઠીયાના બહેન. તે પ્રણ્યાના દાદીમા તથા યુવાનના નાનીમા તા. ૨૬-૬-૨૦૨૬ના શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

## પારસી મરણ

ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ વિલેપાર્લે મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૫) તે સ્વ. કંચનબેન તથા સ્વ. ભાઇચંદભાઇના સુપુત્ર. તે સ્વ. હેમાબેનના પતિ. તે પરાગભાઇ તથા અ. સૌ. જીજ્ઞાબેનના પિતા. તે અ. સૌ. શીતલબેન, હિમાંશુભાઇના સસરા. તે સ્વ. બિપીનભાઇ, ગં. સ્વ. મંગળાબેન, અ. સૌ. તારાબેન, અ. સૌ. કોકીલાબેન, અ. સૌ. જયોતીબેન, અ. સૌ. ભારતીબેનના ભાઇ. તે સ્વ. મનુભાઇ મહેતાના જમાઇ તા. ૨૭-૬-૨૬ શનિવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જેતપુર નિવાસી હાલ મુલુંડ સ્વ. લલિતાબેન શાંતિલાલ દોશીના સુપુત્ર મહેન્દ્રભાઇ (ઉં. વ. ૭૩) તા. ૨૭-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. બીપીનભાઇ, કમલેશભાઇ, ભાવનાબેન જિતેન્દ્ર પારેખ, રૂપાબેન નિપુણ કોટીચાનાં ભાઇ. વર્ષાબેન અને અલકાબેનના જેઠ. શ્રદ્ધા અનુજ અને મીલોની નીરવના મોટા પપ્પા. બિલખા નિવાસી ગીરધરલાલ માણેકચંદ દોશીના જમાઇ. મોસાળ સ્વ. જેઠાલાલ ડાયાભાઇ શાહ (રાયપુર). પ્રાર્થનાસભા તા. ૩૦-૬-૨૬ મંગળવારના ૩.૩૦થી ૫.૩૦. ઠે. આર્ય નિવાસ, ૬ઠો માળ, વિકાસ સેન્ટર, જંકશન ઓફ એન.એસ.રોડ. એન્ડ સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ).

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના હરિલાલ મેઘજી શેઠિયા (ઉં. વ. ૭૦) તા. ૨૪-૬-૨૬ ના કચ્છમાં અવસાન પામેલ છે. ભચીબાઇ વેલજીના પૌત્ર. વેલબાઈ મેઘજીના સુપુત્ર. ધીરજ, મણિલાલ, હસમુખ, સરલા, ભારતીના ભાઈ. સાડાઉના મમીબાઈ ઉમરશી મોરારજીના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચિંતન શેઠીયા, બી-૬, રાધા નિવાસ, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ.).

નાના ભાડિયાના માણેકચંદ ગેલાભાઈ રાંભિયા (ઉં. વ. ૯૪) તા. ૨૬-૦૬-૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઈ ગેલાભાઈ શીવજીના સુપુત્ર. ભાનુમતીબેનના પતિ. બિદડાના રાજબાઈ મુરજી રવજી દેઢિયાના જમાઈ. માંકબાઈ તેજશી મોનાના દોહિત્રીવર. કાકુભાઈ, દેવજીભાઈ, ખેતશીના ભાઈ, લક્ષ્મીબેન વેરશી, પાનબાઈના ભાઈ. તેજબાઈ, જવેરબેનના દિયર. પ્રાર્થના રાખેલ નથી. નિ. : કાંતિલાલ ભાણજી રાંભિયા, સી/૫૦૪, રામેશ્વરમ એવન્યુ, ભોલા નગર, ૧૫૦ ફૂટ રોડ, ભાયંદર (વે).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

તોરી નિવાસી હાલ કાંદીવલી સ્વ અચરતબેન પ્રાણલાલ પંચમીઆનાં પુત્ર ધીરજલાલ (ઉં. વ. ૯૨) તે ચંદ્રિકાબેનના પતિ. તે વિપુલ, મનીષ, નીતા, રાજેશ દોશી અને ભાવના, પરેશ શાહના પિતા. અમિતા, આરતીના સસરા. તે પ્રવીણભાઈ ,હસમુખભાઈ, ચંપકભાઈ, બીપીનભાઈ, સ્વ મંજુલાબેન દલીચંદ બદાણી સ્વ પ્રવીણાબેન શાંતિલાલ દોશી, મધુબેન કિરીટભાઈ ઠોસાણી, સ્વ સુધાબેન હર્ષદરાય દોશી, ચેતનાબેન પ્રદીપ શેઠનાં ભાઈ તે બગસરા નિવાસી સ્વ વ્રજલાલ ભવાનજી કોઠારી ના જમાઈ તારીખ ૨૭/૦૬/૨૦૨૬ ને શનિવારના અરિહંત શરણ પામેલ છે. (લૌકિક વ્યવહાર બંધ છે.)

# સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અકસ્માતઃ બાળકી સહિત પાંચનાં મોત

મુંબઈઃ સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ટ્રક સાથે કાર ભટકાતાં બાળકી સહિત એક જ પરિવારના પાંચ જણનાં મોત થયાં હતા. ટક્કર એટલી જોરદાર હતી કે કારનો કચ્ચઘાણ નીકળી ગયો હતો. પોલીસે આ પ્રકરણે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર અમરાવતી જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર ચેનલ નંબર ૧૦૫ નજીક રવિવારે બપોરે ૧૨ વાગ્યાની આશપાસ આ અકસ્માત થયો હતો. એક્સપ્રેસવે પર રવિવારે બપોરે પૂરપાટ વેગે જઇ રહેલી કારના ચાલકે અચાનક કાબૂ ગુમાવ્યો હતો અને તે રસ્તાને કિનારે ઊભેલી ટ્રક સાથે અથડાઇ હતી. કારની ટક્કર એટલી જોરદાર હતી કે તેમાં હાજર બાળકી સહિત પાંચ જણના ઘટનાસ્થળે મોત થયાં હતાં. મૃતકોમાં ભાસ્કર જીવને (૫૭), આરતી જીવને (૪૦), લતા જીવને (૪૩) એ કૃષ્ણા જીવને (૧૨)નો સમાવેશ હતો.


ચંદ્રપુરમાં રહેનારા જીવને પરિવારના પાંચ સભ્ય રવિવારે કાર્યક્રમમાં હાજરી આપવા માટે કારમાં નીકળ્યા હતા. ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ધર્મતેજ

## દિપક રાગથી દીવાનું પ્રગટવું...

મનન
હેમંત વાળા
feedback@bombay samachar.com



સનાતની પરંપરામાં વિકસેલ શાસ્ત્રીય સંગીતમાં એવી ક્ષમતા હતી કે ચોક્કસ રાગ ચોક્કસ સમયે શાસ્ત્રીય રીતે જો ગાવામાં આવે તો તેનાથી દીવો પણ પ્રગટે અને વર્ષા પણ થાય. ઇતિહાસમાં આ વાત સ્થાપિત થઈ ચૂકી છે. કોઈ પરધર્મીના શાસનમાં આવી ઘટના ઘટીત થઈ છે, નોંધાઈ છે. આથી આ બાબત માટે પૂર્વગ્રહિત લોકોના મનમાં શંકા ન રહેવી જોઈએ. શાસ્ત્રીય સંગીતના ચોક્કસ રાગ દ્વારા અગ્નિ પ્રગટ થઈ શકે, અગ્નિ શાંત થઈ શકે, પવન વહી શકે, સુગંધ પ્રસરી શકે અને વરસાદને પણ આમંત્રણ આપી શકાય. આ એક વિજ્ઞાન છે, માન્યતા નથી.

જે દેખાતું નથી તેનું અસ્તિત્વ નથી તેમ માની ન શકાય. આજના વિજ્ઞાનની કેટલીક બાબતો - પૂર્વ ધારણાઓ એ પ્રકારની છે કે જેને જોઈ શકાતી નથી પણ તેના અસ્તિત્વનો સ્વીકાર કરાયો છે. જે દેખાતું નથી તેનું અસ્તિત્વ ન હોય તેમ હવે માનવાને કારણ નથી. વિજ્ઞાન જ્ઞાનેન્દ્રિયોની પહોંચથી આગળ નીકળી ગયું છે. વિજ્ઞાન બુદ્ધિના તર્કના સીમાડા સુધી પહોંચી ગયું છે, ક્યારેક તો એમ જણાય છે કે વિજ્ઞાન આ સીમાડાને ઓળંગવાનો પ્રયત્ન કરે છે. જો અર્વાચીન વિજ્ઞાનની આવી બાબતો માન્ય રહેતી હોય તો પ્રાચીન વિજ્ઞાનની આવી બાબતો તો માન્ય રહેવી જ જોઈએ.

ધ્વનિના તરંગો શક્તિ અર્થાત ઊર્જા ઉત્પન્ન કરી શકે. ધ્વનિ સ્વયં શક્તિ છે. આજના વિજ્ઞાનની પરિભાષા પ્રમાણે, જો શક્તિનું એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં રૂપાંતરણ શક્ય હોય તો એમ કહી શકાય કે ધ્વનિ શક્તિનું રૂપાંતરણ પ્રકાશ શક્તિમાં થવું શક્ય છે. આ માટે ધ્વનિ તેમજ પ્રકાશ શક્તિ માટે જરૂરી સામગ્રીની હાજરી આવશ્યક છે. ધ્વનિ માટે શાસ્ત્રીય રીતે ચોક્કસ માળખામાં સ્વર નીકળી શકે તેવું વાજિંત્ર કે ગળું જરૂરી છે. તેવી જ રીતે પ્રકાશ માટે તૈયાર દીવો જરૂરી છે. આ બંનેની હાજરી ન હોય તો ધ્વનિ શક્તિ તેનું જરૂરી સ્વરૂપ ધારણ ન કરી શકે અને પ્રકાશ શક્તિ તેની હાજરી પ્રતીત ન કરાવી શકે. દરેક પ્રકારના અનુકૂળ સંજોગો જરૂરી છે. અનુકૂળ સંજોગોમાં એકાગ્રતા માટેનું અનુકૂળ વાતાવરણ પણ જરૂરી છે. શાસ્ત્રીય રાગની પ્રસ્તુતિમાં જો અનિચ્છનીય ખલેલ - પછી તે માનસિક હોય કે દુન્યવી - પડ્યાં કરતી હોય તો પરિણામ સંભવ નથી.

સ્થૂળ વિશ્વ પર સૂક્ષ્મ વિશ્વનો પ્રભાવ હોય છે. સૂક્ષ્મતા જો શુદ્ધ હોય, નિર્દોષ હોય, કામના રહિત હોય તો જ સ્થૂળતા પર તેની અસર સંભવી શકે. એક નિયંત્રિત છે અને એક નિયંત્રક છે. પાંચ મહાભૂતમાનું એક અગ્નિ નિયંત્રિત છે, અને તેને નિયંત્રણ કરનાર ધ્વનિમાંથી ઉદ્ભવતો સૂક્ષ્મ ભાવ છે. જો સૂક્ષ્મ ભાવ સવિકલ્પ હોય, શંકાયુક્ત હોય, અસમંજસમાં હોય, શ્રદ્ધા તથા વિશ્વાસ વિનાનો હોય તો તેના થકી સ્થૂળ વિશ્વ પર થનારી સંભવિત અસર નિષ્ફળ પણ બને. સંસારનો આ સર્વ સ્વીકૃત અને સામાન્ય સિદ્ધાંત છે. દિપક પ્રગટશે કે નહીં એ બાબતે જો કોઈ દ્વિધા હોય તો દીપક ન પ્રગટવાનું પસંદ કરે.

સનાતની આધ્યાત્મિક સાહિત્ય પ્રમાણે સૃષ્ટિના સર્જનના શરૂઆતના તબક્કામાં ધ્વનિનું સર્જન થયું હતું. આ ધ્વનિએ સમયાંતરે જુદા જુદા સ્વરૂપો ધારણ કર્યાં, જેમાંનું એક સ્વરૂપ પ્રકાશ છે. અર્થાત પ્રકાશનો ઉદ્ભવ ધ્વનિમાંથી થયો છે - ધ્વનિમાંથી પ્રકાશ ઉદ્ભવી શકે. જો ઇતિહાસમાં આ શક્ય બન્યું હોય તો આજે પણ શક્ય બને છે. જો આ ઇતિહાસને માનવામાં ન આવે તો આ પ્રકારનું તારણ ન નીકળી શકે. સનાતની તત્ત્વજ્ઞાન મુજબ પ્રારંભિક ધ્વનિ ૐનો છે. આધુનિક અવકાશ વિજ્ઞાનમાં આ સાબિત પણ થઈ ચૂક્યું છે. અર્થાત સનાતની સંસ્કૃતિમાં પ્રવર્તતું ઇતિહાસનું આ જ્ઞાન સત્ય છે. અર્થાત ધ્વનિ થકી પ્રકાશનું સર્જન થઈ શકે.

ધ્વનિના તરંગો પડદો હલાવી શકે. ધ્વનિ નરમાશ ધરાવતી બાબતોમાં તરંગ સ્થાપિત કરી શકે. ધ્વનિના તરંગો હવાને એક સ્થાનેથી અન્ય સ્થાને સ્થળાંતરિત કરી શકે. ધ્વનિના તરંગો સ્પંદન પ્રવાહિત કરી શકે. ધ્વનિ માહોલની સુક્ષ્મતાની ગુણવત્તાને અસર કરી શકે. ધ્વનિના તરંગો લાગણીને અસર કરી શકે. ધ્વનિના તરંગો શાશ્વત છે. ધ્વનિના તરંગો અલખ સાથે પણ સંપર્ક સાધી શકે. પણ આ બધું ત્યારે જ શક્ય બની જ્યારે ધ્વનિ ઉત્પન્ન કરવા માટેની અને તેને એ પ્રમાણે પ્રવાહિત કરવા માટેની પારંગતતા હોય. એ તો વ્યવહારુ વાત છે કે જો સાધનનો ઉપયોગ કરતાં ન આવડે તો સાધન પરિણામ ન આપી શકે. દીવો પ્રગટે એ સાધ્ય છે અને ધ્વનિ એ સાધન છે. દીવો પ્રગટાવવા માટે, સાધન તરીકે શાસ્ત્રીય રાગની સમજ સાથે તેનું ચોક્કસ રીતે ધ્વનિમાં રૂપાંતર થાય તે જરૂરી છે. આ રૂપાંતર સાથે ભાવના તથા શ્રદ્ધા સંકળાયેલી હોવી જોઈએ.

દરેક શબ્દનો અર્થ છે. દરેક શબ્દ એ ચોક્કસ પ્રકારના ધ્વનિનું સંયોજન છે. અર્થાત દરેક ધ્વનિનો એક અર્થ છે. દરેક ધ્વનિ મનને ચોક્કસ માહિતી પહોંચાડી શકે છે. દરેક ધ્વનિ એક અર્થને પ્રસ્તુત કરે છે. સામાન્ય સંજોગોમાં એમ કહી શકાય કે ધ્વનિનું ચોક્કસ સ્વરૂપ છે એટલે ચોક્કસ અર્થ સમજમાં આવે છે. અર્થ સમજમાં આવ્યા પછી તે પ્રમાણેનું આચરણ અસ્તિત્વમાં આવે. મન દ્વારા અર્થ વિશે જ્ઞાન થયા બાદ શરીર તે પ્રમાણે પ્રતિભાવ આપે. દીવો પણ એક શરીર છે. એ પણ આ પ્રકારનો પ્રતિભાવ આપી શકે. દીવાની વાટની આજુબાજુ એકત્રિત થયેલી અણુઓ ચોક્કસ રીતે દીવામાં પ્રકાશની સ્થાપના કરી શકે - જેમ મનના અણુઓ ધ્વનિના સંદર્ભમાં તેમનું કાર્ય કરે છે.

તર્ક તો ઘણાં આપી શકાય, પણ મન માનવા તૈયાર થાય તો જ તે માને. લાખ તર્ક આપ્યા છતાં પણ જો મન માનવા તૈયાર જ ન હોય તો બધું વ્યર્થ જાય. પરંતુ સનાતની સંસ્કૃતિના અત્યાર સુધીના ઈતિહાસ પરથી તો એમ કહી શકાય, કે આ વાત આજે નહીં તો કાલે, વાયા પશ્ચિમ થઈને, દુનિયાએ સ્વીકારવી પડશે. ■

## જેનું દુષ્ટ ચરિત્ર છૂટ્યું નથી, જે દુષ્ટતાથી મુક્ત નથી થયો તેને કથાતત્ત્વ નહીં સમજાય



માનસ મંથન
મોરારિબાપુ
feedback@bombaysamachar.com



નવ દિવસ પછી અસ્તિત્વ દ્વારા નિર્માણ થયેલી આ ઘટના એમને એમ વહી ન જાય. તેને આચરણાત્મક રૂપ આપીએ. દસ વર્ષ પહેલા પત્રકારભાઈઓએ મુંબઈમાં પૂછેલું; બાપુ, રામાયણની કથા કરીને તમે કેટલાને સુધાર્યા? ત્યારે મેં સહજ જવાબ આપેલો, કે સુધારવાનો મેં કોઈ ઠેકો નથી લીધો. બીજાને સુધારવા માટે નથી. હું બગડી ન જાઉં, એટલા માટે આ છે. મને ને તમને કથા ગમે છે. જે શાંતિ તમે રાખો છો, એનું કારણ તમને ગમે છે અને ગમે છે તેનું કારણ તમે નથી, તમારો સ્વભાવ છે. પોતાનો સ્વભાવ અધ્યાત્મ છે. કોઈ પ્રલોભનો, અર્થ, કોઈ મૂઢતા અને મને ને તમને કુસંગ કરાવે છે, જેની થોડીયે તૈયારી નહિ હોય, એને કથા નહિ સમજાય, નથી સમજાતી. જે દુષ્ટ ચરિત્રથી મુક્ત નથી થયો, જેનું દુષ્ટ ચરિત્ર છૂટ્યું નથી તેને કથા નહિ સમજાય.ગોસ્વામીજી કહે છે-ખૂબ દૂર રહેજો બાપ, સંગત મને ને તમને બગાડે. બાકી અંદરથી બધા ભગવાન છે. સંગ જ બગાડે છે. જેનું ચરિત્ર દુષ્ટતાથી ભરેલું છે. એને અધ્યાત્મ નહિ સમજાય. કથા ઘણી શુદ્ધિ કરશે, પરંતુ એના પહેલાં આપણાં દ્વારાયે પાત્રતા નિતાંત આવશ્યક છે. થોડી શુદ્ધિ મારે ને તમારે રાખવી પડશે.

આપણે કથા ગાઈએ છીએ, બોલીએ છીએ, સાંભળો છો તમે. આ બધું તો થાય છે. નવ દિવસ પછી અસ્તિત્વ દ્વારા નિર્માણ થયેલી આ ઘટના એમને એમ વહી ન જાય. આચરણાત્મક રૂપ આપીએ. કથા સૂનો ઔર કૂછ ચૂનો. ઘણા મને ચિઠ્ઠી લખે છે કે બધા પાસે સંકલ્પો લેવડાવો. તમે જ મનમાં ગાંઠ વાળી દોને કે હવે આમ જીવીશું. વ્યાપારીઓ ગાંઠ વાળી દે. ધર્મપુરુષો ગાંઠ વાળી દે. શિક્ષકો, વકીલો, ડૉક્ટરો... ભાઈ-બહેનો નક્કી કરી લે. કથા કોને પચશે? જે દુષ્ટ ચરિત્રથી મુક્ત નથી થયો, એને સત્સંગ દોહ્યેલો છે. થોડીક આપણા તરફથી તૈયારી હોય. બાળક થોડા હાથ ઊંચા કરે, થોડું એની શક્તિ અનુસાર રડે. તોયે ઓછામાં ઓછું મા દોડીને લઇ લેશે. એમ થોડોય પ્રયત્ન કરીએ તો એ વિરાટમાં બેઠેલી મા, અસ્તિત્વમાં બેઠેલી એ આપણને હાથ લાંબા કરીને ઉઠાવી લેશે. એ માટે થોડુંક આપણે ચાલીએ.

જે દુષ્ટ આચરણથી દૂર નથી થયો, જે અશાંત છે એ પણ નહિ સમજી શકે. માનસિક રીતે જે અશાંત છે, સંતાપમાં જ રહે છે, જેના ચિત્તમાં ફરિયાદો સિવાય કઈ નથી એ સત્સંગને નહિ સમજી શકે. ઘણા માણસો વિચારપ્રધાન હોય. પછી ભલે સાંસારિક હોય કે વેદાંતના વિચારો હોય,પણ વિચારો જ કરતા રહે. ઘણા માણસો વિકારપ્રધાન હોય, એમનામાં વિકાર ઊભરાતા હોય. ઘણા વિદ્રોહપ્રધાન હોય, વિદ્રોહ જ કર્યા કરે, બળવો કરે. બધી વાતોમાં એમને ફરિયાદ જ હોય, શિકાયત સિવાય કઈ નહિ. સત્સંગ એને પચે છે, જે શાંત છે.

જેને સમાધાન પ્રાપ્ત નથી થયું, કે મારે આ જ વસ્તુ પ્રાપ્ત કરવી છે, ને સમાધાનની જેનામાં પ્રામાણિક જીજ્ઞાસા પેદા નથી થઇ એને સત્સંગ નહિ પચે. જેનાં મનમાં કામ, ક્રોધ આદિ વિકારો ચાલ્યા જ કરે છે, એને પણ નહીં સમજાય. દુર્જનોથી દૂર રહેવું. કેવળ વિચારપ્રધાન ન રહેવું. આચારપ્રધાન પણ બનવું. સમાધાન માટે પ્રામાણિક પ્રયાસો કરવા.મનમાં સંકલ્પો, વિકલ્પો, અનેક વિકારોનું જે યુદ્ધ આપણા જીવનમાં ચાલતું હોય છે, એને અભ્યાસપૂર્વક અટકાવવા. જો આપણે બીજામાં રહેલી શુભ વસ્તુઓને જ જોવાનું શીખી જઈએ તો જગતની બહુ સમસ્યાઓ સમાપ્ત થઇ જશે. ભીંતરની વૈરવૃત્તિને મિટાવો એ જ 'શિક્ષા' છે. એ જ 'દિક્ષા' છે. એ રહસ્ય સમજાઈ જશે તો આપણે કોઈની નિંદા નહિ કરી શકીએ.

આકાશને કોઈ સીમાઓ નથી. હૃદયાકાશમાં કોઈ સીમાઓ ન રહે તેવો સંકલ્પ કરો. ધરતી સૌને ધારણ કરે છે. આપણે સૌને યથાશક્તિ ધારણ કરીએ. આપણે નદીની જેમ વહીએ. તીવ્રતાથી ગતિ કરીએ. સૌને લીલાછમ કરી સાગરરૂપી અંતિમ લક્ષ તરફ તીવ્ર ગતિ કરીએ. જે વિકારો બિન જરૂરી છે તેનું દમન નહિ, દહન કરીએ. અનાવશ્યકને બાળવું. વાયુતત્ત્વની જેમ સ્વને ક્યાંય દેખાવા ન દેવું અથવા વાયુપુત્રને પકડો. સત્સંગ આંતર મંથનની પ્રક્રિયા છે.

ગીતામાં બે શબ્દો અભ્યાસ અને વૈરાગ્ય વાપર્યા છે. અભ્યાસ અને વૈરાગ્યપૂર્વક મનને કાબૂમાં રાખો. એની પરિભાષા શું ? આપણા મનને એવી જગ્યાએ ગોઠવવું કે જ્યાં ગોઠવીએ ત્યાં દગો ન થાય. મન તો કેટલું રૂપ લઇ બેઠું છે, એને એવી રીતે ગોઠવીએ. ક્યારેક શ્રવણમાં, ક્યારેક મનનમાં, ક્યારેક ચિંતનમાં, ક્યારેક સ્વધામમાં. જુદી જુદી જગ્યાએ મનને ગોઠવીએ. આપણી પાસે પૈસા હોય ને, એને સમજણપૂર્વક, જુદે જુદે ઠેકાણે રોકી દેવા, એનું નામ અભ્યાસ. વીસ હજાર રૂપિયા પાંચ વર્ષની સ્કીમમાં મૂકી દીધાં. દસ હજાર એફ.ડી. કરી નાખ્યા. તેનું નામ અભ્યાસ. મુદત પૂરી થાય એટલે બધું ઉપાડી લેવું, એનું નામ છે વૈરાગ્ય. ક્યાં ક્યાં મન મૂક્યું હોય, અમુક ઉંમર થાય એટલે -સબ કર મમતા તાગ બટોરી...બધી જ મમતાના દોરા સાથે બાંધીને, શ્રીહરિનાં ચરણોમાં મૂકી દેવું આનું નામ વૈરાગ્ય. આવી રીતથી થોડી તૈયારી કરીએ, જેથી આ તત્ત્વ, સત્સંગ સમજાય.

આ કથા એક ધર્મની નથી, સંપ્રદાયની નથી. રામાયણની કથા કોઈ એક જ્ઞાતિનીયે નથી, આ તમામની કથા છે. તેથી તમામ અહીં આવકાર્ય છે. મોરારિબાપુ આના કેન્દ્રમાં ન રહે, એ બધાને કહું છું. મોરારિબાપુ તો આજે છે ને કાલે નથી. મોરારિબાપુ મહત્ત્વના નથી. આ દેશની સંસ્કૃતિ, આ દેશની સભ્યતા, રામનામ, આ દેશની રામકથા મહત્ત્વના છે. હું મારા દેશના તમામ ધર્મોનાં ભાઈ-બહેનોને પણ નિમંત્રણ આપું. કોઈ પણ ધર્મના સંપ્રદાયના આ બધાની કથા છે. સાથે મળીને સંકલ્પ કરીએ કે રાષ્ટ્રમાં કંઈ રચનાત્મક કામ થાય.

સંકલન : જયદેવ માંકડ ■

## માતાને પુનઃજીવિત કરવા આવ્યો છું, તમારે એને જીવિત કરવી પડશે

શિવ રહસ્ય
ભરત પટેલ
feedback@bombay samachar.com



દેવર્ષિ નારદ કૈલાસ પહોંચે છે અને ભગવાન શિવને જણાવે છે કે અરુણાસુરે પંચતત્ત્વ દેવતાઓ, દેવગુરુ બૃહસ્પતિ અને કામધેનુને બંદી બનાવ્યા છે, તે કહે છે કે પશુપતિનાથને કહો કે મારી મૃત માતાને જીવિત કરી આપો હું દેવતાઓને છોડી દઈશ. આટલું સાંભળતાં જ માતા પાર્વતી માતા કામધેનુની સુરક્ષા માટે પોતે તૈયાર થતાં ભગવાન શિવ કહે છે, 'ધીરજ ધરો પાર્વતી, હું તમને વચન આપું છું કે કામધેનુની સુરક્ષા હું પોતે સ્વયં કરીશ.' અરુણાસુરનું લક્ષ્ય તો પોતાની માતાને જીવંત કરવાનું હતું, તેણે સમગ્ર દેવતા સહિત કામધેનુને બંદી બનાવી લીધા હોવા છતાંય ભગવાન શિવ કે માતા પાર્વતી તેમને છોડાવવા આવ્યા નહીં. કંટાળેલો અરુણાસુર અંતે માતા કામધેનુની હત્યા કરવા તૈયાર થયો. એ જ સમયે ભગવાન શિવ ત્યાં પ્રગટ થાય છે અને કહે છે, 'હું આવ્યો છું દેવતાઓ અને પશુઓની માતાની રક્ષા કરવા, નહીં કે તમારી માતાને પ્રાણજીવન આપવા. જન્મ અને મૃત્યુ તો કાળનો ક્રમ છે, તે અવિરત ચાલુ રહે છે. મુક્ત કરી દો કામધેનુ અને મુક્ત કરી દો દેવતાઓને.' આટલું સાંભળતાં ચતુર અરુણાસુરે પશુઓ, કામધેનુ અને દેવતાઓને મુક્ત કરી દીધા અને કહ્યું, 'તમારા કહેવાથી મેં બધાને મુક્ત કરી દીધા, હવે તમે મારી મા મને પાછી આપો.' ભગવાન શિવ તેને સમજાવતાં કહે છે, 'યાદ રાખો અરુણાસુર! આ પશુ મારા નથી જેમ તમારી માતા તમારી નથી. તમારી માતાના અંતિમ સંસ્કાર કરી તેમને મુક્ત કરી આસક્તિ બંધ કરો.' અરુણાસુર કહે છે, 'હું તમારી જેમ મહાન નથી કે જેણે પોતાના પુત્રનું શિષ જ કાપી નાંખ્યું. મુક્તિ આપી દેવી જોઈતી હતી તેને, પણ તમે તેને નવજીવન આપ્યું. સંસારને વિપરીત જ્ઞાન આપી રહ્યા છો, અર્થાત્ તમારા પ્રિયજનોને પુનઃજીવિત કરવા ઉચિત છે અને હું મારી માતા પુનઃજીવિત કરવા ઈચ્છુ એ માનસિક વિકૃતિ? ફરી ભગવાન શિવ સમજાવતાં કહે છે, 'અરુણાસુર પ્રશ્ન નિયંત્રણનો નથી તમારા અહંકારનો છે, અને અહંકારી માનવ ક્યારેય અજ્ઞાનના અંધકારથી ક્યારેય મુક્ત થતો નથી. પ્રકૃતિ ક્યારેય એ નથી જોતી કે કોણે શું મેળવ્યું અને કોણે શું ખોયું. વિચાર કરી જુઓ અરુણાસુર કે તમે તમારી માતાને ફરી પુનઃજીવિત કરી પિતા કરતાં વધુ કષ્ટ આપવા તો નથી માંગતા ને?

***

ભગવાન શિવના પ્રશ્નનો ઉત્તર ન આપી શકનારો અરુણાસુર મૌન થઈ ગયો. ભગવાન શિવ અને માતા પાર્વતી બંદીવાન પંચતત્વ દેવતાઓ, દેવરાજ ઈન્દ્ર, દેવગુરુ બૃહસ્પતિ અને માતા કામધેનુને લઈ ત્યાંથી વિદાય લે છે. અરુણાસુર તેમને અટકાવવાની કોશિષ પણ કરતો નથી. એ પોતાની માતાને કઈ રીતે ફરી જીવીત કરવી એના વિચારમાં ગરકાવ થઈ જાય છે.

***

બંદી પંચતત્ત્વ દેવતાઓ, દેવરાજ ઈન્દ્ર, દેવગુરુ બૃહસ્પતિ અને માતા કામધેનુ ભગવાન શિવ સાથે કૈલાસ પધારતા શિવગણો માતા પાર્વતી અને ભગવાન શિવનો જયજયકાર કરે છે.

એ જ સમયે દેવર્ષિ નારદ, બ્રહ્માજી, માતા સરસ્વતી, માતા લક્ષ્મી અને ભગવાન શ્રીહરિ વિષ્ણુ ત્યાં પધારે છે.

માતા પાર્વતીઃ 'બ્રહ્માજી, દેવી સરસ્વતી, દેવી લક્ષ્મી, શ્રીહરિ વિષ્ણુ અને સમગ્ર દેવોનું કૈલાસ ખાતે સ્વાગત છે.'

બ્રહ્માજીઃ '(ભગવાન શિવને) તમારા દ્વારા દેવગુરુ અને દેવતાઓને ફરીવાર ઉગારવા બદલ હું તમારો આભાર માનું છું.'

ભગવાન શિવઃ 'સૃષ્ટિના સંચાલનમાં ક્યારેય કોઈ અસુર અડચણ લાવશે તો દેવતાઓને ઉગારવા હું, પાર્વતી અને શ્રીહરિ વિષ્ણુ હંમેશાં તત્પર રહીશું.'

દેવરાજ ઈન્દ્રઃ 'પ્રભુ તમારી કૃપાથી ફરી દેવગણોને સ્વર્ગલોકની પ્રાપ્તિ થશે એ બદલ હું પણ તમારો આભાર માનું છું. માતા આજે કૈલાસ ખાતે સમગ્ર શિવગણો અને દેવગણો ઉપસ્થિત છે, શિવગણોને તો તમારી આશીર્વાદરૂપી ખીર હંમેશાં ઉપલબ્ધ થતી હોય છે. શું એ આશીવાદરૂપી ખીરનો રસાસ્વાદ અમને દેવગણોને ઉપલબ્ધ થઈ શકશે?'

માતા પાર્વતીઃ 'અવશ્ય દેવરાજ! શિવગણોની સાથે સાથે દેવગણો પણ મારા પ્રિય છે, તમારી ઇચ્છા જરૂર પૂરી થશે.'

માતા પાર્વતીને માતા સરસ્વતી અને માતા લક્ષ્મી ખીર બનાવવા સહાય કરે છે. ઉત્તમ ખીર તૈયાર થતાં જ સમગ્ર દેવગણ ખીર આરોગે છે અને ધન્યતા અનુભવે છે. કૈલાસ ખાતે ઉત્સવ જેવું વાતાવરણ થઈ જાય છે. શિવગણો અને દેવગણો નૃત્ય કરી ઉત્સવ ઉજવે છે.

દેવર્ષિ નારદઃ 'પ્રભુ તમારી મધ્યસ્થિથી સમગ્ર સંસારના પ્રાણીઓનો છુટકારો થયો અને હવે તેઓ માનભેર જીવન જીવી શકશે.'

ઐરાવતઃ 'પ્રભુ! અમને જ્યારે મુક્ત કરવામાં આવ્યા ત્યારે અરુણાસુરે કહ્યું કે હું તમને મુક્ત કરું છે, કેમ કે ભગવાન શિવે મારી માતાને પુનઃજીવિત કરવાનું વચન આપ્યું છે, પણ તમે અરુણાસુરની માતાને પુનઃજીવિત કરી નથી તો હવે શું એ શાંત બેસશે?'

ભગવાન શિવઃ 'નહિ, એ શાંત નહીં બેસે, પણ એ એના અંત તરફ આગળ વધશે. દેવતાઓ તમે તમારા લોક તરફ પ્રયાણ કરો અને ભક્તિનો પ્રચાર-પ્રસાર કરી અંધશ્રદ્ધા અને અભક્તિનો નાશ કરો. સંસારમાં માનવો અને પશુઓને અન્યાય ન થાય એની તકેદારી રાખો.'

ભગવાન શિવના આશીર્વાદ લઈ દેવતાગણ પોતપોતાના લોક તરફ પ્રયાણ કરે છે.

***

અરુણાસુરઃ 'સૈનિકો, આ અન્યાય છે, પોતાના પુત્ર અને દેવતાઓને પુનઃજીવિત કરવા અને મારી માતાને નહીં. ભગવાન શિવ દ્વારા થયેલા અન્યાયનો હું વિરોધ કરું છું. જે પ્રકૃતિના સ્વામી બનીને ભગવાન શિવ આવી વાતો કરી રહ્યા છે એ પ્રકૃતિ અને નિયતિને જ હું મારી દાસી બનાવીશ અને મારી માતાને પુનઃજીવિત કરીશ. એ પહેલાં હું મારી માતાનું જીવન સમાપ્ત કરનાર યમરાજને દંડીત કરીશ, ત્યારબાદ પ્રકૃતિને મારી દાસી બનાવીશ.'

અરુણાસુર પોતાની યુક્તિને સાકાર કરવા યમલોક પહોંચે છે, યમલોકના દ્વારપાલ ચંડ અને પ્રચંડ તેને કહે છે, 'હે માનવ તું કોણ છે અહીં શું કરે છે, તને અહીં કોણ લાવ્યું? શું તારી જીવાદોરી સમાપ્ત થઇ ગઈ છે?'

અરુણાસુરઃ 'હું અરુણાસુર! મારી માતાને યમપાશથી લઈ જનારા યમદેવને હું દંડીત કરવા આવ્યો છું, તેને દંડીત કરી મારી માતાને ફરી લઈ જઈશ.'

ચંડઃ 'હું તને એટલું અવશ્ય કહીશ કે આ યમલોક છે અહીંથી પરત કોઈ જતું નથી, તમારી માતાનું આયુષ્ય પૂર્ણ થયું હશે તો જ યમદૂત તેમનો આત્મા અહીં લાવ્યા હોઈ શકે.'

અરુણાસુરઃ 'નહીં હું મારી માતાનો આત્મા અવશ્ય લઈ જઇશ.'

દ્વારપાલ ચંડ અને પ્રચંડ અરુણાસુરની વાત નહીં માનતા અરુણાસુરે તેમને ચેતવણી આપી, દ્વારપાલ ચંડ અને પ્રચંડ અરુણાસુર સાથે યુદ્ધ કરવા માંડયા. યુદ્ધનો અવાજ સાંભળી યમદેવ બહાર આવ્યા.

યમદેવઃ 'હે અરુણાસુર, નિયતીના ક્રમ મુજબ જ અહીં કાર્ય ચાલી રહ્યું છે, તારી માતાનું આયુષ્ય પૂર્ણ થઈ ગયું છે, હવે તેમને ફરી જીવિત નહીં કરી શકાય. તું અહીંથી ચાલ્યો જા.'

અરુણાસુરઃ 'યમદેવ હું તમને વિનંતી કહો તો વિનંતી અથવા ચેતવણી કહો તો ચેતવણી આપું છું, હું મારી માતાને પુનઃજીવિત કરવા અહીં આવ્યો છું, તમારે એને ફરી જીવિત કરવી જ પડશે.'

યમદેવઃ 'આ અશક્ય છે, નિયતીના ચોપડા મુજબ જ અમે તારી માતાને અહીં લાવ્યા છીએ.'

યમદેવ અરુણાસુરની વાત નહીં માનતા અરુણાસુર યમદેવ પર આક્રમણ કરે છે.

અરુણાસુરને બ્રહ્માજીનું વરદાન હોવાથી યુદ્ધમાં અરુણાસુર યમરાજ પર પ્રભુત્વ મેળવવા માંડે છે. યમરાજના બધા શસ્ત્રો નિષ્ફળ થાય છે.

***

બીજી તરફ કૈલાસ ખાતે કુમાર કાર્તિકેય ભગવાન શિવ પાસે આવે છે.

કુમાર કાર્તિકેયઃ 'પિતાશ્રી આ અરુણાસુર યમરાજ પાસે પહોંચી ગયો છે તેમની સાથે યુદ્ધ કરી રહ્યો છે. યમરાજના બધા શસ્ત્રો નિષ્ફળ થઈ રહ્યા છે. શું મારે તેમની સહાયઅર્થે જવું જોઈએ.'

ભગવાન શિવઃ 'કુમાર કાર્તિકેય તમે દેવસેનાના સેનાપતિ છો, સત્યથી ચાલનારાને સહાયતા કરવી તમારી જવાબદારી છે પણ... તમારે આ યુદ્ધમાં અવશ્ય ધ્યાન રાખવું પડશે કે તમે અહીં યોદ્ધા છો, નહીં કે કોઈના પુત્ર, નહીં કે કોઈના પિતા, નહીં કે કોઈના પતિ, એક યોદ્ધા તરીકે બુદ્ધિપૂર્વક આ યુદ્ધમાં ઉતરવું પડશે. આ યુદ્ધ લડવા માટે યુદ્ધ કૌશલ્ય તો આવશ્યક છે, પણ બુદ્ધિ કૌશલ્ય પણ તેથી વધુ આવશ્યક છે. તમારે આ યુદ્ધ કોઈ દયાભાવના કે સંવેદનશીલતાને છોડીને લડવું પડશે. કુમાર કાર્તિકેય તમને હું ફરી વખત કહું છું કે આ યુદ્ધ યુદ્ધ કૌશલ્યથી નહીં બુદ્ધિ કૌશલ્યથી લડવું રહ્યું.' (ક્રમશઃ) ■

ચિંતન

હેમુ ભીખુ
feedback@bombaysamachar.com

## અદ્રવ્યપ્રયત્નો બાલુકાકવકથનાદનન્યઃ
# સાધન વગર સફળતા શક્ય નથી



'અદ્રવ્યપ્રયત્નો બાલુકાકવકથનાદનન્યઃ' એ ચાણક્ય નીતિનું સૂત્ર છે જેમાં સાધનનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જો સાધન યોગ્ય ન હોય અથવા સાધનનો અભાવ હોય તો પ્રયત્ન નિષ્ફળ જાય. અદ્રવ્યઃ એટલે દ્રવ્ય વગર અર્થાત સાધન વગર, પ્રયત્નઃ એટલે પ્રયત્ન અર્થાત મહેનત અર્થાત પુરુષાર્થ, વાલુકા અર્થાત રેતી, ક્કથનાત્ અર્થાત ઉકાળવાથી અને અનન્યઃ અર્થાત અલગ નથી અર્થાત સમાન છે. અહીં એમ કહેવામાં આવે છે કે સાધન વગર કરાયેલ પ્રયત્ન રેતીને ઉકાળવા જેવો હોય છે. જેમ રેતી ઉકાળવાથી તેમાંથી કંઈ મળતું નથી તેમ યોગ્ય સાધન વગર કરેલો પ્રયત્ન સફળ થતો નથી.

કોઈપણ કાર્ય માટે સત્ય આધારિત જાણકારી અને જ્ઞાન, યોગ્ય કૌશલ્ય, નિષ્ઠાપૂર્વકના પ્રયત્ન અને જરૂરી સાધન - સંસાધનોની પૂર્તિ આવશ્યક છે. માત્ર જાણકારી કે જ્ઞાન પરિણામ ન આપે, સાધન અને સામગ્રી વગરની કુશળતા વ્યર્થ બની રહે, સાધન, જ્ઞાન અને કૌશલ્ય વિના પ્રયત્ન પણ શક્ય નથી, જ્યારે સંસાધનો તો પરિણામ સ્થાપિત કરવા માટેની અગત્યની સામગ્રી છે. ચાણક્ય કહે છે કે રેતી ઉકાળવાથી તેમાંથી તેલ કે રસ પ્રાપ્ત ન થઈ શકે. રેતી ઉકાળવાથી તેલ કે રસ પ્રાપ્ત ન થાય તેની જાણકારી હોવી જોઈએ, જેમાંથી તેલ પ્રાપ્ત થઈ શકે તેમાંથી તેલ નીકળવાની કુશળતા હોવી જોઈએ, તે પદાર્થમાંથી તેલ કાઢવાના પ્રયત્નોમાં નિષ્ઠા હોવી જોઈએ અને તે પ્રયત્ન માટે જરૂરી સાધન સામગ્રી પણ હાજર હોવી જોઈએ. આ બધું જ યથાયોગ્ય સ્વરૂપે એકત્રિત થાય ત્યારે પ્રયત્ન પરિણામ આપે, તેલ પ્રાપ્ત થઈ શકે.

ગીતા મુજબ કાર્યની સફળતા - કે નિષ્ફળતા - માટે પાંચ કારણો છે. આ વાત ગીતાના અઢારમા અધ્યાય મોક્ષસંન્યાસયોગના ચૌદમા શ્લોકમાં આવે છે. જો કે શ્રીકૃષ્ણ એમ બતાવે છે કે આ વાત કપિલ મુનિએ સાંખ્ય દર્શનમાં જણાવી છે. આ પાંચ કારણો છે અધિષ્ઠાન, કર્તા, કરણ, ચેષ્ટા અને દૈવ. અધિષ્ઠાન એટલે જે સ્થાને, જે સમયે કાર્ય ઘટિત થઈ રહ્યું છે તે બાબત. તેને ક્ષેત્ર, પરિસ્થિતિ કે આધાર પણ કહી શકાય. કર્તા એટલે કાર્ય કરનાર વ્યક્તિ કે વ્યક્તિ-સમૂહ. કરણ એટલે સાધન, સામગ્રી, પદાર્થ, યાંત્રિક ઉપકરણો; જેની હાજરી થકી જ તે કાર્ય શક્ય બને. અમુક સંજોગોમાં જ્ઞાનેન્દ્રિય, કર્મેન્દ્રિય અને મન જેવી બાબતનો પણ અહીં સમાવેશ થતો હોય છે. ચેષ્ટા એટલે વિવિધ પ્રકારનાં પ્રયત્નો, પ્રવૃત્તિ, કાર્ય-શૃંખલા, પ્રયાસ અને મહેનત જેનાં થકી કાર્ય સંપન્ન થઈ શકે. અહીં જરૂરી સાતત્યતા તથા અંતરાલની આવશ્યકતા રહે. એમ કહી શકાય કે દૈવ એટલે નસીબ, ઈશ્વરીય તત્વ, ભાગ્ય, પ્રારબ્ધ જે માનવીના નિયંત્રણમાં નથી હોતાં. કુરુક્ષેત્ર હોય, અર્જુન હોય, હાથમાં ગાંડીવ હોય, શાસ્ત્રીય પદ્ધતિથી તીર છોડાતાં હોય અને સાથે શ્રીકૃષ્ણ હોય તો એક પરિણામ આવે. આમાંનું એક પણ પરિબળ જો નબળું હોય તો પરિણામ ભિન્ન રહે. માનવીનો પ્રયત્ન, સાધનો, પરિસ્થિતિ, પ્રક્રિયા અને દૈવી કૃપા; બધાં જ મળીને પરિણામ સ્થાપિત કરે છે. અહીં એ સમજવું જરૂરી છે કે ભાગ્ય પણ અંતિમ પરિણામના નિર્ધારણમાં ભાગ ભજવે છે. એમ નથી કે ગીતામાં જણાવેલાં દરેક પરિબળનો ફાળો એક સમાન એટલે કે પાંચમા ભાગનો હોય છે; આ બધાં જ પરિબળોની અસર પરિસ્થિતિ પ્રમાણે બદલાતી રહે. ચાણક્ય નીતિમાં અહીં એક પરિબળ સાધનની વાતને જ મહત્ત્વ આપવામાં આવ્યું છે, જે સાંદર્ભિક રીતે યોગ્ય પણ છે.

ગુજરાતીમાં કહેવત છે કે 'સાધન વગર કામ નહિ', 'હાથમાં સાધન અને પરિણામે કામ', 'બીજ વાવ્યા વગર પાક ન મળે' કે 'જ્યાં સાધન ત્યાં સિદ્ધિ'. આ બધી વાતો પણ સાધનનું મહત્ત્વ સમજાવે છે. સાથે સાથે એ પણ કહેવત છે કે 'જે હાથમાં હોય તે હથિયાર'. હથિયાર એટલે કે સાધન પ્રાપ્ત થવાની સંભાવના હોવી જોઈએ. બની શકે કે સાધન પ્રાપ્ય ન હોય, તો તે મેળવવા પડે. જરૂરી નથી કે દર વખતે શાસ્ત્રીય કક્ષાનું સાધન મળી રહે. ખાડો ખોદવો હોય તો જેસીબી પણ ચાલે, કોદાળી પણ ચાલે, ત્રિકમ પણ ચાલે અને નાની ચમચી પણ કામ આવે. પ્રશ્ન માત્રાનો અને સમયનો છે. જેસીબી જે માપનો ખાડો જેટલાં સમયમાં ખોદી શકે તે માપનો ખાડો ચમચીથી ખોદવામાં યુગો જતાં રહે - તે રીતે ખોદી શકાય પણ ઇચ્છનીય નથી કારણ કે ખાડો ખોદવાનો હેતુ જ તેમાં પૂર્ણ ન થવાની સંભાવના રહે. અમુક મર્યાદા સુધી ઓછી ક્ષમતા વાળું સાધન ઉપયોગમાં આવી શકે પરંતુ તેનું પરિણામ ઇચ્છિત ન પણ હોય. સાધન હોવું જોઈએ અને તે યોગ્ય હોવું જોઈએ. આ યોગ્યતા ઉપયોગકર્તાની ક્ષમતાને આધારે પણ નિર્ધારિત થાય.

રસોઈ બનાવવાનું સચોટ ઉદાહરણની વાત અહીં થઈ શકે. રસોઈમાં પારંગત એવી વ્યક્તિ હોવી જોઈએ, ખોરાકની યોગ્ય અને ગુણવત્તાવાળી સામગ્રી ઉપરાંત બળતણ અને પાત્ર પણ હોવાં જોઈએ, સમગ્ર રસોઈ એક ક્રમમાં તૈયાર થવી જોઈએ, આજુબાજુની પરિસ્થિતિ પણ સકારાત્મક હોય તે જરૂરી છે - જેમકે ચાલુ વરસાદે ખુલ્લામાં રસોઈ તૈયાર ન થઈ શકે, અને તે બધાં સાથે નસીબનો સાથ જોઈએ. આમાનું કશું પણ જો તેનાં 'સ્થાને', જરૂરિયાત પ્રમાણેનું ન હોય તો ઇચ્છિત પરિણામ પ્રાપ્ત ન થાય. આ વાત દરેક પરિસ્થિતિમાં લાગુ પડે છે. ચાણક્ય નીતિમાં સાધનને વધુ મહત્ત્વ કદાચ એટલા માટે અપાયું હશે કે તેમણે એમ માની લીધું હશે કે બીજી બધી બાબતો યોગ્ય જ હશે. ■

ગીતા મહિમા

સારંગપ્રીત
feedback@bombaysamachar.com

# બુદ્ધિયોગ



ગત અંકમાં કર્તવ્યનો બોધ આપીને હવે ભગવાન કૃષ્ણ બુદ્ધિયોગની છણાવટ કરે છે.

અર્જુન કુરુક્ષેત્રમાં ઊભો છે. સામે સ્વજનો છે, ગુરુ છે, મિત્ર છે. હાથમાંથી ગાંડીવ સરકી જાય છે. આ ક્ષણમાં શ્રીકૃષ્ણ કોઈ શસ્ત્ર આપતા નથી, કોઈ વ્યૂહરચના નથી શીખવતા; તેઓ એક દૃષ્ટિ આપે છે બુદ્ધિયોગ. ગીતા કહે છેઃ બુદ્ધિ ભગવાનમાં જોડાય ત્યારે મનુષ્ય સુખ-દુઃખ, લાભ-હાનિ, જીત-હાર જેવાં બધાં દ્વંદ્વોથી ઉપર ઊઠે છે. આ બુદ્ધિયોગ છે.

સ્પષ્ટ છે કે બુદ્ધિયોગનો અર્થ માત્ર ચતુરાઈ નથી. એ તો એવી સ્વચ્છ બુદ્ધિ છે જે અહંકારથી મુક્ત હોય, આસક્તિથી છૂટેલી હોય અને ધર્મના પ્રકાશમાં નિર્ણય લેતી હોય. ભગવાન અને માયિક જગત વચ્ચેનો સૂક્ષ્મ ભેદ બુદ્ધિયોગ શીખવે છે.

બુદ્ધિયોગ એ મનની આંખે દિવ્ય ચશ્માં પહેરાવવાનું શાસ્ત્ર છે. ચશ્માં સ્વચ્છ હોય તો દૃશ્ય સાચું દેખાય. અહંકાર, ક્રોધ, લોભ આ બધું ધૂળ છે. ધૂળ ચડેલી બુદ્ધિ તાત્કાલિક લાભ જુએ છે; શુદ્ધ બુદ્ધિ દીર્ઘકાલીન કલ્યાણ જુએ છે.

બુદ્ધિયોગનો આરંભ નિર્ણયાત્મક બુદ્ધિથી થાય છે. એક સરળ ઉદાહરણ લઈએ. એક વેપારી છે. બજારમાં મંદી છે. બે રસ્તા છે; એક, ગુણવત્તા ઘટાડીને નફો બચાવવો; બીજો, નુકસાન સહન કરીને પણ નીતિ જાળવવી. પહેલો રસ્તો તરત લાભ આપે છે, બીજો રસ્તો શાંતિ આપે છે. જો નિર્ણય લોભથી લેવાય તો બુદ્ધિ બહેરી બની જાય; જો નિર્ણય ધર્મથી લેવાય તો બુદ્ધિ પ્રકાશિત થાય. બુદ્ધિયોગ ધરાવતો વેપારી જાણે છે કે વિશ્વાસ તૂટે તો વ્યવસાય બચતો નથી. આજે નુકસાન સ્વીકારી લેવું આ ફળત્યાગ છે. કાલે વિશ્વાસનું ફળ મળવાનું છે આ કૃપા છે.

આજના સમયમાં આ પ્રારંભિક બુદ્ધિયોગ પણ વધુ પ્રાસંગિક છે. આજે માહિતીનું પૂર છે, મતભેદોની આંધી છે, લાગણીઓનો ઉછાળો છે. અહીં બુદ્ધિયોગ કહે છે, પ્રતિક્રિયા નહીં, યથાર્થ પ્રતિભાવ આપો. ગુસ્સામાં નિર્ણય નહીં, વિવેકમાં નિર્ણય લો. મન કહે હમણાં, બુદ્ધિ કહે વિચાર પછી. આ વિચાર પછીમાં જ માનવ ઊંચો બને છે.

અહીં સમજવાનું છે કે ગીતા કથિત બુદ્ધિયોગ કેવળ નિર્ણય ક્ષમતા કે સાત્ત્વિક ભૂમિકા સુધી સીમિત નથી. 'બુદ્ધિયોગ' કોઈ માત્ર લૌકિક સમજદારી કે વ્યવહારુ નિર્ણયશક્તિ નથી. તે તો આત્માને પરમાત્મા સાથે અખંડ રીતે જોડનાર દૈવી સેતુ છે.

અહીં બુદ્ધિયોગ એટલે ભગવાનને પામવાની બુદ્ધિ! અર્થાત ભગવાનમાં અડગ નિષ્ઠા, અખંડ સ્મૃતિ અને અનન્ય આશ્રય.

આ બુદ્ધિયોગ મનુષ્યના પ્રયત્નથી માત્ર સિદ્ધ થતો નથી. લૌકિક બુદ્ધિ તો અભ્યાસ, અનુભવ અને ચતુરાઈથી વિકસે છે; પરંતુ ભગવાનપ્રાપ્તિનાં સાધનરૂપ બુદ્ધિયોગ ભગવાનની પ્રસન્નતાથી મળે છે. જ્યારે જીવ ભગવાનમાં સાચા અર્થમાં જોડાય છે. નિષ્ઠા, પ્રીતિ અને સમર્પણ હોય ત્યારે ભગવાન પોતે તેની બુદ્ધિને દિવ્ય બનાવે છે. એ બુદ્ધિ પછી સંશય કરતી નથી, દોલાયમાન થતી નથી, અને વિકલ્પોમાં ભટકતી નથી; તે સીધી ભગવાન તરફ વળી જાય છે.

સ્વામિનારાયણ દર્શનમાં સ્પષ્ટ છે કે બુદ્ધિયોગનો અંતિમ હેતુ લૌકિક સુખ કે સફળતા નથી, પરંતુ ભગવાન સાથે અખંડ સંબંધ છે. અક્ષરધામની પ્રાપ્તિ છે. જ્યારે આ નિષ્ઠા સ્થિર થાય છે, ત્યારે કર્મ, સુખ-દુઃખ, લાભ-હાનિ, આ બધું જીવને બાંધતું નથી. કારણ કે બુદ્ધિ હવે સંસારથી નહીં, ભગવાનથી પ્રકાશિત થવા લાગી છે.

લૌકિક બુદ્ધિ દીવો છે, બુદ્ધિયોગ સૂર્ય છે. દીવો રસ્તો બતાવે છે, સૂર્ય દિશા આપે છે. દીવો હાથમાં રાખવો પડે છે, સૂર્ય આપોઆપ પ્રકાશ આપે છે. જ્યારે ભગવાન પ્રસન્ન થાય છે, ત્યારે તે જીવના આંતરિક આકાશમાં બુદ્ધિયોગનો સૂર્ય ઉગાડે છે. પછી જીવને પૂછવું નથી પડતું કે શું કરું?, કારણ કે ભગવાનપ્રેરિત બુદ્ધિ આપમેળે સાચો માર્ગ બતાવે છે.

આવો બુદ્ધિયોગ ભક્તને અહંકારથી બચાવે છે. કારણ કે તે જાણે છે. આ બુદ્ધિ મારી નથી, ભગવાનની ભેટ છે. તેથી સ્વામિનારાયણ દર્શનમાં બુદ્ધિયોગ અને વિનય અવિભાજ્ય છે. જ્યાં અહંકાર આવે છે, ત્યાં બુદ્ધિયોગ લુપ્ત થઈ જાય છે; જ્યાં દાસભાવ ગાઢ થાય છે, ત્યાં બુદ્ધિયોગ પ્રગટે છે.

મહંત સ્વામી મહારાજ સમજાવે છે- બુદ્ધિયોગ એ ભગવાન તરફ જતો કેવળ માર્ગ નથી. એ તો ભગવાન પોતે જીવને હાથ પકડીને પોતાના તરફ ખેંચે તે કૃપા છે. જીવ પ્રયત્ન કરે છે, સાધના કરે છે, નિષ્ઠા રાખે છે; પરંતુ જ્યારે ભગવાન પ્રસન્ન થાય છે, ત્યારે ભગવાન જ બુદ્ધિયોગ આપે છે. અને એ બુદ્ધિયોગ જીવને સંસાર પાર કરાવીને પરમાત્માનાં ચરણોમાં સ્થિર કરી દે છે. ■

વિશેષ

રાજેશ યાજ્ઞિક
mahendra.punatar@bombaysamachar.com

# ત્રણ પ્રકારના તાપ ને તેમાંથી મુક્તિનો માર્ગ

આપણે ત્રિવિધ પાપ વિશે વાત કરી...ભાઈ, પાપ કરીએ તો પછી કરેલાં કર્મોનો તાપ તો ભોગવવો જ પડે ને?! આ ત્રણ પાપ જીવનમાં ત્રણ પ્રકારના તાપ લઈને આવે છે.

પ્રત્યેક મનુષ્ય જન્મની સાથે જ સુખ અને દુઃખ બંને લખાવીને જ આવે છે. જગતમાં કોઈ જીવ એવો જન્મ્યો નથી, જેણે માત્ર સુખ જ ભોગવ્યું હોય અને દુઃખનો પડછાયો પણ ન જોય હોય, પછી ભલેને એ સાક્ષાત પરમાત્માનો જ અવતાર કેમ ન હોય. પરંતુ જગત ખુશીને આનંદથી ઉજવે છે, પણ દુઃખ તેમના માટે એક પડકાર બની જાય છે; આ સમયે આધ્યાત્મિકતા તેમના જીવનમાં પ્રવેશ કરે છે, જે તેમને દુઃખને સમજવા અને તેમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ બતાવે છે.

મનુષ્ય ત્રણ પ્રકારના દુઃખોમાંથી પસાર થાય છેઃ શારીરિક, માનસિક અને ભાવનાત્મક. પરિણામે, કેટલાક પ્રકારનાં દુઃખ સ્થૂળ શરીરને, કેટલાક દુઃખ સૂક્ષ્મ શરીરને અને કેટલાક કારણ શરીરને સહન કરવા પડે છે. ફિલસૂફી અને આધ્યાત્મિકતામાં, મનુષ્યો દ્વારા અનુભવાતા દુઃખોને ત્રણ પ્રકારોમાં વર્ગીકૃત કરવામાં આવ્યા છે, જેને 'ત્રિવિધ તાપ' કહેવાય છે.

૧. આધ્યાત્મિક તાપ

આ પ્રકારનું દુઃખ વ્યક્તિના પોતાના શરીર અને મનમાંથી ઉદ્ભવે છે. તેમાં શારીરિક બીમારીઓ - જેમ કે તાવ, માથાનો દુખાવો, ઇજાઓ અને રોગો - તેમ જ ચિંતા, શોક, ક્રોધ, ઈર્ષ્યા અને ભય સહિત માનસિક તકલીફોનો સમાવેશ થાય છે. શરીર અને મનમાં અસંતુલનથી ઉદ્ભવતા, આ પ્રકારનું દુઃખ સૌથી સામાન્ય છે અને જીવનભર વારંવાર અનુભવાય છે. તેને સંતુલિત જીવનશૈલી, યોગ્ય આહાર અને દૈનિક ટેવો અને માનસિક શિસ્ત દ્વારા નિયંત્રિત કરી શકાય છે.

આધ્યાત્મિક દુઃખો એ અજ્ઞાનથી જન્મેલા દુઃખો છે. જ્યાં સુધી વ્યક્તિ જ્ઞાન પ્રાપ્ત નથી કરતો, ત્યાં સુધી તે દુનિયામાં તિરસ્કૃત થાય છે, અને લોકો તેને ધુત્કારીને ચાલ્યા જાય છે. આવી વ્યક્તિ વિદ્વાનોની સભામાં ચમકતી નથી; હંસનાં ટોળાં વચ્ચે કાગડાની જેમ. આ દુઃખ તેમના માટે અસહ્ય બની જાય છે. જ્યાં સુધી વ્યક્તિ સ્વાધ્યાય ન કરે અને સદ્ગુણી લોકોની સંગતમાં ન રહે, ત્યાં સુધી વ્યક્તિ પોતાના અજ્ઞાનનો શોક કરતો રહેશે.




૨. અધિભૌતિક તાપ

આ પ્રકારનું દુઃખ બાહ્ય ભૌતિક કારણોથી ઉદ્ભવે છે - જેમ કે દુશ્મનો દ્વારા હુમલા, ચોરી, અકસ્માતો અથવા હિંસક પ્રાણીઓ દ્વારા થયેલ નુકસાન. તે ત્યારે થાય છે જ્યારે બાહ્ય વિશ્વમાં ઉદ્ભવતી કટોકટી વ્યક્તિના જીવનને અસર કરે છે.

પરિવાર, ભાઈ-બંધુઓ અને કાર્યસ્થળને લગતી સમસ્યાઓનું નિરાકરણ કરવું એ પોતે જ એક ભયંકર પડકાર છે. દરેકને સુરક્ષિત રાખવાની ઇચ્છાથી પ્રેરિત, ખાતરી કરવી કે તેઓને જીવનમાં સહેજ પણ ઠોકર ન લાગે, વ્યક્તિ ઘણીવાર તમામ પ્રકારની મુશ્કેલીઓ સહન કરવા મજબૂર બને છે.

૩. આધિદૈવિક તાપ

આ પ્રકારનું દુઃખ માનવ નિયંત્રણની બહારના કારણોથી ઉદ્ભવે છે - જેમ કે કુદરતનો પ્રકોપ -ભૂકંપ, તોફાન, અતિશય વરસાદ, દુષ્કાળ, રોગચાળો, વગેરે અથવા દૈવી અને આકાશી પ્રભાવો - ગ્રહો અને તારાઓની સ્થિતિ, પૂર્વજન્મનાં કર્મોના ફળ વગેરે. આ દુઃખ સહન કરવું સૌથી મુશ્કેલ છે, કારણ કે તેને ફક્ત વ્યક્તિગત પ્રયાસો દ્વારા ટાળી શકાતું નથી; આવી પરિસ્થિતિઓમાં, ફક્ત ધીરજ, શ્રદ્ધા અને સમર્પણ જ મદદરૂપ થાય છે.

જ્યારે મનુષ્ય જન્મ લે છે, ત્યારે તેનું ભાગ્ય તેની સાથે આ પૃથ્વી પર આવે છે. સૃષ્ટિની શરૂઆતથી લઈને આ વર્તમાન જીવન સુધી, તેણે અસંખ્ય અવતાર લીધા છે. તેણે ભૂતકાળના બધા જન્મોમાં કરેલાં પુણ્ય અને પાપ કર્મોનાં પરિણામો ભોગવવા પડશે.

આવાં બધાં શુભાશુભ કર્મોનાં ફળનો અનુભવ કરવો અને તેમની સાથે આવતા વિવિધ ઉતાર-ચઢાવનો સામનો કરવો એ જાણે કે વ્યક્તિની નિયતિ બની જાય છે. આ સાથે, વ્યક્તિ કુદરતી આફતોથી પીડાય છે; જ્યાં સુધી આ કર્મો ભોગવાઈ ન જાય, ત્યાં સુધી વ્યક્તિને મુક્તિ નથી મળતી.

વ્યક્તિએ ભગવાનને શાંતિ માટે પ્રાર્થના કરવી જોઈએ; તેમને આહ્વાન કરવાથી જીવનના ત્રિવિધ તાપથી થતાં કષ્ટોનું શમન થાય છે. જીવનના દરેક ક્ષણનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને, વ્યક્તિએ પરમ પિતા, સર્વશક્તિમાનનો આશ્રય લેવો જોઈએ. માત્ર તેઓ જ છે જે દરેકને તેમના દુઃખ અને મુશ્કેલીઓમાંથી મુક્ત કરે છે. તેથી જ ભગવાન કૃષ્ણએ ગીતામાં માનવતાને ઉપદેશ આપતા કહ્યું, 'મામેકં શરણમ વ્રજઃ'

અને અંતે, આપણે દરેક પ્રાર્થના કે ધાર્મિક કાર્યના સમાપન પર ઓમ શાંતિઃ શાંતિઃ શાંતિઃ એમ ત્રણ વખત બોલીએ છીએ. તેની પાછળનું રહસ્ય એ જ છે કે, આપણને ત્રિવિધ તાપમાંથી મુક્તિ મળે. ■

આચમન

અનવર વલિયાણી
feedback@bombaysamachar.com

# વિષ્ણુની ઉપાસના કરનાર કેવો વ્યક્તિ 'વૈષ્ણવજન' કહેવાય ?

'વૈષ્ણવજન તો તેને રે કહીએ...' પદ એ ગુજરાત અને ગુજરાતીના આદિકવિ નરસિંહ મહેતાએ રચેલું ભજન છે.

- ઇસ્વીસનની ૧૫મી સદીમાં થઇ ગયેલા નરસિંહ મહેતા સૌરાષ્ટ્રના તળાજાના રહેવાસી હતા અને નગર બ્રાહ્મણ હતા.

- કૃષ્ણ ભક્તિમાં તરબોળ નરસિંહ મહેતાએ અનેકાનેક પદો, ભજનો, પ્રભાતિયાં વગેરેની રચના કરેલ અને આજે પણ દરેક ગુજરાતી ઘર અને મંદિરોમાં તેમના ભજનો-કાવ્યો ગવાય છે.

- દરેક ભજનમંડળી કે સત્સંગમાં પણ નરસિંહ મહેતાની રચનાઓ આજે પણ લોકપ્રિય છે.

- આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું એ સૌથી પ્રિય ભજન છે, અને બાપુએ આશ્રમ ભજનાવલીમાં તેનો સમાવેશ કરે છે.

- 'કુંવરબાઇનું મામેરું', 'મારી હૂંડી સ્વીકારો મહારાજ' વગેરે જેવી અનેક નરસિંહ મહેતાની રચનાઓ આજે ૨૧મી સદીમાં ચંદ્ર પર પગલાં માંડી આવ્યાના જમાનામાં પણ એવી જ લોકપ્રિય છે જ્યારે બેલગાડાનો યુગ હતો.

- વૈષ્ણવજન એટલે કે વિષ્ણુની ઉપાસના કરનાર 'વૈષ્ણવ' કેવો હોય અથવા કેવો વ્યક્તિ વૈષ્ણવજન કહેવાય તેનો આબેહુબ ચિતાર આ સમગ્ર પદમાં કવિએ આપ્યો છે.

- ક્રમબદ્ધ, કાવ્યના પંક્તિઓ વાંચતા જઇએ તેમ તેમ કવિ તેનાં લક્ષણો કે ખાસિયતો જણાવતા જાય છે.

- સમગ્ર રીતે જોઇએ તો પારકાની પીડા જાણી શકનાર.

- બીજાનું ભલું કરે પણ તેનું અભિમાન ન કરનાર,

- બીજાની નિંદા ન કરે તેવો.

- નિર્મળ મનવાળો

- અસત્ય ન બોલે અને

- પારકાની સ્ત્રીને માતાતુલ્ય માને.

- લોભ,

- કામ,

- કપટ,


- ક્રોધ જેવા દુર્ગુણો ના ધરાવતો વ્યક્તિ કવિના મતે વૈષ્ણવજન કહેવાય છે, અને

- આવી વ્યક્તિ એ પોતે જ તીર્થરૂપ હોય છે, અને

- જેના દર્શન કરવાથી આપણો પણ બેડો પાર થઇ જાય એમ કવિ માને છે.

- વ્હાલા શ્રદ્ધાળુ વાચક બિરાદરો ! આ કાવ્યનો સ્વર સમ્રાજ્ઞી લતા મંગેશકરજીએ ખૂબ સરસ રીત ગાયું છે.

'વૈષ્ણવજન તો તેને રે કહીએ' ભજનની પંક્તિઓ અમે રજૂ કરી છે. જેને વાચકો વાગોળતા રહેશે તો તેમના જીવનમાં એક નવી શક્તિનો સંચાર થશે અને એ ઊર્જા સકારાત્મક અમલ (કર્મ) તરફ દોરી જશે જેનો પ્રયોગ આ લખનારે પોતા પર



કરીને અનુભવ્યો છે :

*વૈષ્ણજન તો તેને રે કહીયે,*
*જે પીડ પરાઇ જાણે રે,*
*પરદુઃખે ઉપકાર કરે તોયે,*
*મન અભિમાન ન આણે રે. વૈષ્ણવ ૧.*

*સકળ લોકોમાં સહુને વંદે,*
*નિંદા ન કરે કેની રે.*
*વાચ કાછ મન નિશ્ચલ રાખે,*
*ધન ધન જનની તેની રે .- વૈષ્ણવ ૨.*

*સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી,*
*પરસ્ત્રી જેને માત રે.*
*જિહ્વા થકી અસત્ય ન બોલે,*
*પરધન નવ ઝાલે હાથ રે. - વૈષ્ણવ ૩.*

*મોહ માયા વ્યાપે નહીં જેને*
*દઢ વૈરાગ્ય જેના મનમાં રે.*
*રામનામ શું તાળી રે વાગી.*
*સકળ તિરથ તેના તનમાં રે - વૈષ્ણવ ૪.*

*વણલોભીને કપટ રહિત છે.*
*કામ ક્રોધ નિવાર્યા રે.*
*ભણે નરસૈયો તેનું દર્શન કરતા,*
*કુળ ઇકોતેર તાર્યા રે. - વૈષ્ણવ ૫.*
*સંત સમાગમ*

જવલ્લે કોઇને વ્યક્તિગત મળતા, વિદેશમાં વસતા એક સંત મહાત્માએ આશીર્વાદ આપતા આ લખનારને લોકોમાં આદર-સન્માન મેળવવા ઉપદેશ આપ્યો કે, નાનામાં નાના માણસો સાથે ઘણા જ પ્રેમ અને આદરપૂર્વક વર્તવું, નમીને ચાલવું, સૌ પર દયા કરવી, કોઇ કાંઇ બોલ્યું ચાલ્યું હોય તેનો ખાર ન રાખવો.

પોતાની જાત પર કાબૂ રાખવો અને દિલ મોટું તથા હાથ છૂટો રાખવો.

આ પ્રમાણે આપણે સૌએ પોતપોતાના ધર્મોના અસલ સિદ્ધાંતોનું આચરણ કરવું જોઇએ કારણ કે સઘળા ધર્મોનું અસલ શિક્ષણ એક જ છે. ■

# આઈશ્રી સોનલમા કૃત જગદંબાનો વીંઝણો

## દુહાની દુનિયા

ડૉ. બળવંત જાની
feedback@bombay

ચારણ આઈકથામૃતમાં આઈ સોનલમા ભારે મોટા સમૂહમાં પૂજ્ય આદરણીયા છે. પોષ સુદ બીજ એમનો જન્મ દિવસ સોનલબીજ તરીકે ધામધૂમથી ઉજવાય છે. તા.૮-૧-૧૯૨૪ એમનો જન્મદિવસ અને કારતક સુદ તેરશ તા.૨૭-૧૧-૧૯૭૪ એમની નિર્વાણતિથિ. માતાનું મૂળનામ વાલબાઈ પણ શ્વસૂરગૃહે રાણબાઈમા. પિતાશ્રીનું નામ હમીર માણસૂર મોડ. પિતા સ્વભાવ, પ્રવૃત્તિ અને પ્રકૃતિએ ભક્ત હતા. કરાકરાડિયાવાળા સોનબાઈનું એમને વચન મળેલું કે તારે પાંચમી પુત્રી દિવ્ય ચેતના રૂપે અવતરશે અને એનું નામ મારા સ્મરણ નામ તરીકે સોનલ રાખશું. હમીરજી ભક્તિ-અધ્યાત્મયાત્રા-પ્રવાસ છોડી માતાપના આશીર્વાદથી મઢડે પોતાના ઘેર-વતનમાં જ સ્થિર થયા. ધાનબાઈ, દેવબાઈ, લાડુબાઈ, પછી ચોથી પણ પુત્રીની અને પાંચમી પણ પુત્રી જન્મી એનું નામ સોનલ રાખેલું. પરમ ધાર્મિક હતા. એમના વ્રત ઉપાસનામાં બાલ્યાવસ્થાથી જ રત રહેતાં. મઢડા ખાતે ભીમનાથ મહાદેવના મંદિરે પિતાશ્રી હમીરબાપા સાથે જતાં. જલાભિષેક કરતાં અને બીલીપત્ર ચઢાવતા. ધ્યાનમાં બેસી જતાં. તેમનામાં શક્તિપાત થયાના વીજળી જેવા ઝબકારના અનેક પ્રસંગો બન્યા.

પોરબંદરના મહારાણા નટવરસિંહજી સોનલઆઈના દર્શને મઢડા પધારેલા. તેઓ જાણતા હતા કે સોનલઆઈના લગ્ન થયા પણ શક્તિરૂપા માતૃશક્તિની સિદ્ધિઓથી શ્વસૂર પક્ષને પરિચય થયો. લગ્નવિધિ પછીની કોઈ વિધિ થયેલી ન હતી. પિતાશ્રીએ અંતિમ શ્વાસ પણ સોનલઆઈની હાજરીમાં છોડેલા નનકુભાઈને બોલાવવાનો દુરાગ્રહ પણ ન રાખ્યો અને શક્તિ રૂપે સહજ સ્વીકૃતિ પામેલા.

વિ.સં.૨૦૦૨માં હમીરબાપુ અને ૨૦૦૭માં રાણબાઈમા એ સંસારની વિદાય લીધી. સોનલઆઈએ એમની પાછળ ક્રિયા, વિધિ, યાત્રાઓ, પીંડદાન કરીને માતૃપિતૃ ઋણ અદા કરેલું. ૨૦૦૯થી તો મઢડા ખાતે જ સ્થાનકના વિકાસમાં અને સાધનામાં જ રત રહ્યાં. યજ્ઞ યાગાદિ, નવરાત્રી અનુષ્ઠાન, પિંગળશી પાયક, દુલા કાગ, વિશેષ ઉપસ્થિત રહેતા. તા.૫-૫-૧૯૫૪ના રોજ અખિલ ભારતીય ચારણ અધિવેશન યોજેલું. ભારત ભરમાંથી અને ગુજરાતને ખૂણે ખૂણેથી ચારણ સમુદાય એકત્રિત થયેલો. કવિકાગ, મેરુભા અને પિંગળશીબાપુ, વાજસૂરભાઈ આદિ મહાનુભાવોએ સંમેલનને સંબોધેલું. સોનલઆઈ ઉત્તમ ઉપદેશક હતા. ભારે પ્રભાવાત્મક, ઓખસભરી વાણીમાં ઉદ્બોધન કરતાં. તેઓ કવિતાઓ-છંદો પણ રચતા અને પ્રસ્તુત કરતાં. સોનલઆઈ ઉત્તમ ઉપદેશક હતા. ભારે પ્રભાવાત્મક, ઓજસ્વીભરી વાણીમાં ઉદ્બોધ કરતાં.



તેઓ કવિતાઓ-છંદો પણ રચતા અને પ્રસ્તુત કરતાં. સોનલઆઈએ જગદંબાનો વિંઝણો રચના રચેલી. તે ખૂબ પ્રખ્યાત છે એને આસ્વાદીએ...

(માડી તારો કોણે રે વણ્યો રે આવી રૂડો ભેળિઓ - એ ઢાળ)

**માડી તેં તો શેનો રે ગૂંથ્યો રે, આવો રૂડો વીંઝણો?**
**માડી તેં તો કેવો રે ગૂંથ્યો રે, અનુપમ વીંઝણો**
**માડી તારે વીંઝણલે, ઘૂમે છે બ્રહ્માંડ ચૌદ રે, જગદંબા (ધ્રુવ પંક્તિ)**

**માડી તારે વીંઝણલે, ત્રણે ગુણ, જોને રમી રહ્યા (૨);**
**માડી એમાં ભરત ચીતર છે બહુ રંગ રે, જગદંબા તારો વીંઝણો-૧**

**માડી તારે વીંઝણલે, જડ ચેતન કાપડ જળ હળે (૨);**
**માડી એની જાતું ને, ભાતું છે, અપરંપાર રે, જગદંબા તારો વીંઝણો-૨**

**માડી તારો વીંઝણલે, ફરકે ત્યાં જીવ ન જાગતાં (૨);**
**માડી એમાં પ્રગટે, આતમના અંજવાસ રે, જગદંબા તારો વીંઝણો-૩**

**માડી તારે વીંઝણલે, બ્રહ્માદિક જોને ભમી રહ્યા (૨) ;**
**માડી એ તો કરે છે, સૃષ્ટિનાં રૂડાં સર્જન રે, જગદંબા તારો વીંઝણો-૪**

**માડી તારા વીંઝણલે, ચાંદો ને સૂર જ ટાંકીઆ (૨);**
**માડી એમાં ઝળકે, નક્ષાત્ર મોતીડાંની માળ રે, જગદંબા તારો વીંઝણો-૫**

**માડી તારા વીંઝણલે, ગગન સાગર ગાજતા (૨) ;**
**માડી તારા વીંઝણલે, મેઘરાજા મૂશળધાર રે,જગદંબા તારો વીંઝણો-૬**

**માડી તારા વીંઝણલે, અમીની ફોરમે ફોરતો (૨) ;**
**માડી તારે વીંઝણલે, અનોઘાં રસ ને રૂપ રે, જગદંબા તારો વીંઝણો-૭**

**માડી તું તો અખંડ, ઘુમાવે માયા વીંઝણો (૨) ;**
**માડી તારા રૂપનાં, દરશન કેમ નવ થાય રે, જગદંબા તારો વીંઝણો-૮**

**માડી અમે અમૃત, છોડીને વિષ આરોગતાં (૨) ;**
**માડી અમે ભૂલીએ, બેઠાં રે સોન ને ભાન રે, જગદંબા તારો વીંઝણો-૯**

**માડી તારા વીંઝણલે,વશીકરણને કામણ ભર્યા (૨);**
**માડી તને વીસરી, બેઠાં અમે મૂઢ બાળ રે, જગદંબા તારો વીંઝણો-૧૦**

**માડી અમને ખોળલે, બેસાડી દયા દાખવો (૨) ;**
**માડી અમને પીવરાવો, અમીરસનાં પાન રે, જગદંબા તારો વીંઝણો-૧૧**

**માડી તારો વીંઝણલો, પારખે ને તને ઓળખે (૨) ;**
**માડી એની આવણ જાવણ, મટી જાય રે, જગદંબા તારો વીંઝણો-૧૨**

**માડી તારી બાળક સોનલે, ગાયો વીંઝણો (૨) ;**
**માડી અમારા અળગા કરોને, ઉર અંધકાર રે, જગદંબા તારો વીંઝણો-૧૩**

સોનલઆઈ ધર્મગ્રંથોનો ઊંડા અભ્યાસી હતાં. પ્રસ્તુત રચના એમના ભગવતી સ્વરૂપનો, એમની ભવ્ય છબીનાં અને વ્યાપકતાનો પરિચય કરાવે છે. વીંઝણો તો રૂપક છે. અંબામાની - જગદંબાની કૃપાનું. એ અનુપમ વીંઝણો શેમાંથી, કેવી રીતે ગુંથેલ છે કે સમગ્ર બ્રહ્માંડને એ આવરી લે છે. જગતમાં વ્યાપ્ત ત્રિગુણાત્મક શક્તિ અને એની ભીતરે અંતઃકરણમાં કેવા વિવિધ રંગો બીરાજે છે. જડ-ચેતન રૂપી કાપડ જળહળે છે, ચમકે છે એ અપરંપાર જાત-ભાતની શક્તિના એમાં દર્શન થાય છે. તારો વીંઝણો અનુપમ છે, રૂડો અને રૂપાળો છે.

તારી કૃપા રૂપ વીંઝણાનાં ફરફરાટથી જીવન ચૈતન્યવંતું બની જાય છે. આતમરામ જાગૃત થઈ જાય છે. એની ફરતા-આસપાસ બ્રહ્માદિક પણ ભ્રમણ-પરિભ્રમણ પરક્મ્મા કરી રહ્યા છે. અને એને કારણે સૃષ્ટિનું સર્જન થઈ રહ્યું છે. હે જગદંબા તારા અનુપમ વીંઝણાની માયા, કૃપા અપરંપાર છે. તારા વીંઝણે ચંદ્ર-સૂરજ બીરાજે છે. અને મોભીડાની માળાએ નક્ષાત્રમાળા ઝળકી રહી છે. તારા વીંઝણે આમ ગગનસાગર ગર્જી રહ્યો છે અને મૂશળધાર -અનરાધાર રીતે મેઘરાજા એની જળરાશિથી ધરતીને સંપન્ન અને સમૃદ્ધ કરી રહ્યા છે. તારો કૃપારૂપ વીંઝણો અમૃતની ફોરમ ફરકાવી-મહેકાવી રહ્યો છે. અનોખા રૂપ અને રસ તારા વીંઝણામાં સભર રીતે ભરેલા છે. હે મા, તું માયારૂપી વીંઝણો અવિરતપણે અખંડ રીતે ધુમાવી-ફેરવી રહી છો. આ કારણે ગતિશીલતામાં તારા રૂપના દર્શન કઈ રીતે કરવા. મા તમે સ્થિર થઈ ભક્તોને દર્શન આપો. આમ આઠ કડી સુધી માતૃશક્તિના અપાર મહિમાનું ગાન કર્યા પછી પાંચ કડી ચારણ-સમાજની વરવી અવસ્થિતિ પરત્વે અંગુલિનિર્દેશ કરીને જે માગણી કરી છે એ પણ ધ્યાનાર્હ છે.

હે મા અમે અમૃત છોડી વિષયને આરોગતા થયાં. અમે જ્ઞાન-ભાન ભૂલી બેઠા છીએ અમે મૂઢ અજ્ઞાની બધું ભૂલી બેઠા છીએ હવે તો તારો વીંઝણો(કૃપા) વશીકરણ કરે તો જ એ કામણ કરે તો જ અમારું કલ્યાણ થાય હે મા તારો અનુપમ વીંઝણો રૂડા-રૂપાળા ફળદાયી છે.

હે મા અમને તમારા ખોળે બેસાડીને અમારી ઉપર દયા કરો અને અમૃતનું પયપાન કરાવો. હે મા તારી કૃપા રૂપી વીંઝણાને કોઈ પરખે-ઓળખે-જાણે તેનું આ જગતમાં પુનઃઅવતરવાનું ફેરાનું દુઃખ ટળી જાય. હે માતા તારી બાળકી સોનલે આ વીંઝણો ગાયો છે. અમારા અંધારા દૂર કરો. અમારી ઉપર કૃપા વરસાવો.

બ્રહ્માંડ ઉપર માતૃશક્તિનું સામ્રાજય, કૃપારૂપ વીંઝણાં દ્વારા સોનલમાએ ગાઈને આખું દેવી ભાગવત્ ખડું કરી દીધું છે. નવરાત્રીના અનુષ્ઠાન પછી મઢડેથી માતાજીની મુખેથી પ્રગટેલું આ પદ આખા વિશ્વમાં વિહરે છે. એક નવરાત્રીએ અમેરિકામાં ન્યુજર્સીમાં રામભાઈ સોયા (ગઢવી) - ભાનુબહેનના કંઠે સાંભળેલ નાદ હજુ સ્મરણમાં ગુંજે છે. ■

# જ્ઞાન ગરીબી સાચી સંતો...(કબીરસાહેબ)

## અલખનો ઓટલો

ડૉ. નિરંજન રાજયગુરુ
feedback@bombaysamachar.com

ભજનો કે ઉપદેશવાણી કહેવામાં આવે છે. સદગુરુ કબીરસાહેબ કહે છે : ‘હે સંતો જ્ઞાન ગરીબી સાચી.. આત્માની ઓળખ વિના, અધ્યાત્મની પૂર્ણ ઓળખાણ વિના ભેખ લઈને સાધુ થઈ ગયા હોય પણ એના દયનું પાત્ર કાચી હાંડી જેવું હોય તો એ અનુભૂતિનો અજર રસ જીરવી નહીં શકે, બ્રહ્મનો ભેદ જાણ્યા વિના ઘાંચીના બળદની માફક એક જ સ્થાને રાત-દિવસ ચક્કર માર્યા કરશે પણ આગળ એક ડગલું ય નહીં જઈ શકે. સત્ શબ્દનો મર્મ જાણ્યા વિના તે પત્થરને, પહાડને, નદીઓના પાણીને પૂજ્યા કરશે પણ કાચું પાત્ર ક્યારે ગળી જાય એની ભાન નથી રહેતી. પાકા થવા માટે તો સમતાના તાપમાં તપવું પડે. તપસ્યા વિના કશું જ પ્રાપ્ત ન થાય. સાધુતાના બાહ્ય રંગો-આવરણો તો બીજાને ભરમાવવા માટે હોય છે. ગુરુના જ્ઞાનથી આ ઘટ ભીતર ખોજ કરો. સત્ગુરુની સેવાએ અગમભેદ મળશે. બાકી બીજા માર્ગો ખોટા છે. બાહ્ય રૂપ રંગમાં રાચવું નહીં કારણ કે એ પતંગનો રંગ છે. તેને ઊડતાં વાર નહીં લાગે. બહાર ભટકવાની જરૂર નથી. માત્ર સુરતાનો દોર પકડીને ધ્યાન કેન્દ્રિત કરીને આદિ-અનાદિથી ચાલ્યો આવતા મૂળ શબદને, મહામંત્રને પકડી લો તો અક્ષરાતિત અવિનાશી ઓળખાઈ જશે. જે શબ્દોથી ન કહી શકાય તેવો અનિર્વચનીય, શૂન્યાતીત, નિરાધાર નિરવાણી સહજ શૂન્યઘરમાં તેનો વાસ છે તે સાહેબો સત્ગુરુની સાને સમજાઈ જશે. પણ એ માટે - સાચા હીરાને પારખવા માટે કોઈ ઝવેરી-હીરાપારખુ પાસે તાલીમ લેવી પડે.

*જ્ઞાન ગરીબી સાચી સંતો, જ્ઞાન ગરીબી સાચી,*
*બિન સમજ્યા સાધુ હોઈ બેઠા, રૂદિયે હાંડી કાચી રે -*
*-જ્ઞાન ગરીબી સાચી સંતો, જ્ઞાન ગરીબી સાચી...૦*
*ભેખ લિયા પણ ભેદ ન જાન્યા, બેલ ફરે જેમ ઘાણી,*
*સત્ય શબદ કા મરમ ન લાધ્યા, પૂજે પથરા પાણી રે -*
*સુંદર ભેખ બન્યો અતિ લાલા, ઉપર રંગ લગાયા,*
*કાચી હાંડી ગલ ગઈ માટી, વિરલે નીર જમાયા રે -*
*-જ્ઞાન ગરીબી સાચી સંતો, જ્ઞાન ગરીબી સાચી...૦*
*કરડા તાપ દિયે તો બગડે, કાચી કામ ન આવે,*
*સમતા તાપ દિયે તો સુધરે, જતન કરીને પાવે રે-*
*ભેખ લઈ મુખ મીઠા બોલે, સબ કું શીશ નમાવે,*
*કહે કબીર સમજ પારખ બિન હીરો હાથ ન આવે રે -*
*-જ્ઞાન ગરીબી સાચી સંતો, જ્ઞાન ગરીબી સાચી...૦*

આ ઉપદેશમાં જ્ઞાન અને યોગનો સમન્વય કરીને મન ઉપર કાબૂ લાવવાનો ઉપાયો બતાવ્યા છે. આ શરીરનું બંધારણ જે પાંચ તત્ત્વથી થયું છે એ પૃથ્વી, પાણી, આકાશપ અગ્નિ અને વાયુ એ પાંચ તત્ત્વો ; સત્ત્વ, તમ અને રજ એ ત્રણ ગુણ અને પચીસ પ્રકૃતિને જાણી લઈને એનાં મૂળ સુધી પહોંચીને એક તત્ત્વની શોધ કરવાની આ યાત્રા છે. લોકસંતોએ સાવ સીધી સાદી સરળ વાણીમાં વેદાન્તના તત્ત્વદર્શનનો અર્ક આપી દીધો હોય એમ લાગે છે.

*ભેદ ન જાણે કોઈ, સાહેબ તેરો ભેદ ન જાણે કોઈ,*
*- સાહેબ તેરો ભેદ ન જાણે કોઈ....૦*
*સાબુ લે લે પાની લે લે, મલમલ કાયા ધોઈ,*
*અંતર ઘટકી દાગ ન ધોવૈ, કૈસે નિર્મલ હોઈ ?...*
*- સાહેબ તેરો ભેદ ન જાણે કોઈ....૦*
*યા ઘટ ભીતર અગન જલત હૈ, ધુંવા ન પરગટ હોઈ,*
*દિલ જાને નહીં આપનો, તો કૈસે પરતીત હોય ?...*
*- સાહેબ તેરો ભેદ ન જાણે કોઈ....૦*
*યા ઘટ ભીતર બેલ બંધા હૈ, નિર્મલ ખેતી હોય,*
*સુખિયા બૈઠે ભજન કરત હૈ, દુઃખિયા દિન ભર રોઈ...*
*- સાહેબ તેરો ભેદ ન જાણે કોઈ....૦*
*જલ બિન બેલ, બેલ બિન તુંબા, બિન ફૂલે ફૂલ હોઈ,*
*કહત કબીર સૂનો ભાઈ સાધો ગુરુ બિન જ્ઞાન ન હોય...*
*- સાહેબ તેરો ભેદ ન જાણે કોઈ....૦* ■

## ફન વર્લ્ડ

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

વિરુદ્ધ શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| તરવું | સુસ્ત |
| તરસ | સ્થિર |
| તરલ | ડૂબવું |
| તરકટી | તૃપ્તિ |
| તરત | પ્રમાણિક |

### માતૃભાષાની મહેક

ડહાપણભરી અનેક વાતો સૂત્ર રૂપે સુભાષિતમાં રજૂ થાય છે. પૃથ્વી સમું નહીં બેસણું, આભ સમું નહીં છત્ર, પ્રેમ સમી નહીં માધુરી, આપ સમો નહીં મિત્ર. આ સુભાષિતમાં પૃથ્વી, આભ અને પ્રેમના ઉદાહરણ દ્વારા આપબળનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. પૃથ્વી અને આભની વિશાળતા અને પ્રેમના માધુર્યનો મહિમા ગાવામાં આવ્યો છે.

### ગુજરાત મોરી મોરી રે


૧૨૦૦ વર્ષ જૂની ભગવાન પાર્શ્વનાથની પ્રતિમા અને વૃદ્ધ, અશક્ત અને બીમાર પશુની સારવાર માટે પ્રખ્યાત અણસ્તુ તીર્થ કયા જિલ્લામાં છે?

અ) ભરૂચ
બ) વડોદરા
ક) બોટાદ
ડ) કચ્છ

### ઈર્શાદ

અતિ પ્રેમી ને બહુ ઋણી જેને વેર ઘણાંય,
સુખે ન સૂએ કોઈ દિ આ ત્રણેય જણાય.
- લોકરચના

### શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. છેવટની હદ, આખર (૪)
૪. ઝાડોની લાંબી હાર, લાંબો જંગલનો પ્રદેશ (૪)
૭. કોઈ સત્કર્મ અર્થે પ્રાણ આપનાર (3)
૮. હારેલું (૪)
૯. એક મહાકાય જળચર પ્રાણી (3)
૧૦. આજીજી, કાલાવાલા (૨)
૧૨. મજાક, ઠઠ્ઠામશ્કરી (૨)
૧૩. કુંતીનો એક પુત્ર (૨)
૧૫. પાની મેં --- પિયાસી (૨)
૧૬. શંકા, વહેમ (૨)
૧૮. --- મૂઆ વિના સ્વર્ગે ન જવાય (૨)
૧૯. રુઆબ (૨)
૨૧. દમ, સત્ત્વ (૨)
૨૪. આશ્વાસન, ધીરજ (3)
૨૬. પંચાતિયું (૪)
૨૭. સુકાની, વહાણવટી (3)
૨૯. બેફિકર (૪)
30. ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક (૪)

**ઊભી ચાવી**

૧. એક જાતનાં બકરાનાં વાળમાંથી થતું કાપડ (૪)
૨. મુસાફર (૨)
3. કમળનું જન્મસ્થાન (3)
૪. દીવાન, પ્રધાન (3)
૫. નમેલું (૨)
૬. જરજરીત થઈ ગયેલું, ઘસાઈ ગયેલું (૪)
૮. ઊથલો, ફેરબદલી (3)
૧૧. કાંજી (૨)
૧૪. દોષ, અપરાધ (૨)
૧૫. મારવો તો --- (૨)
૧૭. વીરનું ભૂષણ (૨)
૧૮. જિંદગીભર (૪)
૨૦. પૈસો, એક જૂનું નાણું (3)
૨૨. ઝઘડાખોર (૪)
૨૩. બેબાકળું, વ્યાકુળ (3)
૨૫. સોની (3)
૨૬. ચાચર --- અને ગબ્બર ગોખ (૨)
૨૮. પ્રકાશ, કિરણ (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?

શ્રીકૃષ્ણના મંદિરો પરદેશમાં પણ અનેક ઠેકાણે છે. ચેટસ્વર્થ નામના સ્થળે આવેલું આ મંદિર કયા દેશમાં સ્થિત છે એની ઓળખાણ પડી?

અ) ચેક રિપબ્લિક
બ) જર્મની
ક) સાઉથ આફ્રિકા
ડ) મોરોક્કો




### ચતુર આપો જવાબ અર્થ જણાવો

‘આમાં યુવાનની કોઈ તરકીબ છે’ પંક્તિમાં તરકીબનો અર્થ શું થાય એ જણાવો.

અ) તરકટ બ) યુક્તિ ક) ઉતાવળ ડ) તરસ

### માઈન્ડ ગેમ

આંતરરાષ્ટ્રીય મુસાફરીમાં હવાઈ સફર અત્યંત મહત્ત્વની છે. ‘ઓલ નિપોન એરવેઝ’ તરીકે ઓળખાતી એરલાઈન્સ કયા દેશમાં છે?

અ) નેપાળ બ) નેધરલેન્ડ્સ ક) શ્રીલંકા ડ) જાપાન

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | | | | ૩ | | | |
| ૩ | ૫ | | ૮ | | | | ૨ | |
| ૧ | | | | | | | ૩ | ૮ |
| | | | | ૫ | | ૬ | ૯ | |
| | | | | | | | | |
| | ૧ | ૬ | | ૯ | | | | |
| ૫ | ૮ | | | | | | | ૧ |
| | ૨ | | | | ૧ | | ૮ | ૩ |
| | | | ૯ | | | | ૫ | ૭ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૩ | ૯ | ૬ | ૭ | ૪ | ૧ | ૫ | ૮ |
| ૬ | ૪ | ૫ | ૧ | ૨ | ૮ | ૩ | ૭ | ૯ |
| ૮ | ૧ | ૭ | ૫ | ૩ | ૯ | ૪ | ૬ | ૨ |
| ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૬ | ૫ | ૩ | ૧ |
| ૧ | ૫ | ૩ | ૪ | ૮ | ૭ | ૨ | ૯ | ૬ |
| ૯ | ૬ | ૨ | ૩ | ૫ | ૧ | ૭ | ૮ | ૪ |
| ૫ | ૯ | ૪ | ૮ | ૧ | ૩ | ૬ | ૨ | ૭ |
| ૭ | ૨ | ૬ | ૯ | ૪ | ૫ | ૮ | ૧ | ૩ |
| ૩ | ૮ | ૧ | ૭ | ૬ | ૨ | ૯ | ૪ | ૫ |

### ગયા સોમવારના જવાબ

| A | B |
|---|---|
| તરંગ | વાસ્તવિકતા |
| તરકટી | નિષ્પ્રપંચ |
| તરછોડવું | આવકારવું |
| તરજુમો | મૌલિક |
| તરફેણ | વિરુદ્ધ |

**ગુજરાત મોરી મોરી રેઃ** હીરો સલાટ

**ઓળખાણ પડી?** મ્યાનમાર

**માઈન્ડ ગેમ :** ઈન્ડોનેશિયા

**ચતુર આપો જવાબ અર્થ જણાવોઃ** પોપટ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) કિશોરકુમાર જીવણદાસ વેદ (૩) ભરત કજરિયા (૪) ભારતી બુચ (૫) ડો. પ્રકાશ કટકિયા (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામીની સંપટ (૧૦) વિપીન શાહ (૧૧) નૂતન વિપીન શાહ (૧૨) હર્ષા મહેતા (૧૩) શ્રદ્ધા આશર (૧૪) જ્યોતી ખાંડવાલા (૧૫) લજીતા ખોના (૧૬) મીનળ કાપડિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) ભાવના કર્વે (૧૯) નિખીલ બંગાળી (૨૦) અમીષી બંગાળી (૨૧) ખુશરૂ કાપડિયા (૨૨) જયવંત પદમશી ચિખલ (૨૩) વિણા સંપટ (૨૪) અરવિંદ કામદાર (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અંજુ ટોલીય (૨૮) રમેશભાઈ દલાલ (૨૯) હીનાબેન દલાલ (૩૦) ઈનાક્ષીબેન દલાલ (૩૧) જ્યોત્સના ગાંધી (૩૨) ડાયના સંતોકે (૩૩) મનીષા શેઠ (૩૪) ફાલ્ગુની શેઠ (૩૫) અલકા વાણી (૩૬) ભારતી બુચ (૩૭) નિતીન જયંતીલાલ બજરીયા (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી (૩૯) સુભાષ મોમાયા (૪૦) નીતા દેસાઈ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) પુષ્પા પટેલ (૪૪) પ્રવીણ વોરા (૪૫) મહેશ દોશી




## વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં કોણ કોની સામે રમશે?

(૧) કૅનેડા વિ. સાઉથ આફ્રિકા, ૨૮ જૂનની મધરાત બાદ ૧૨.૩૦
(૨) બ્રાઝિલ વિ. જાપાન, ૨૯ જૂન, રાત્રે ૧૦.૩૦
(૩) જર્મની વિ. પારાગ્વે, ૨૯ જૂનની મધરાત બાદ ૨.૩૦
(૪) નેધરલૅન્ડ્સ વિ. મોરોક્કો, ૩૦ જૂન, સવારે ૬.૩૦
(૫) નોર્વે વિ. આઇવરી કોસ્ટ, ૩૦ જૂન, રાત્રે ૧૦.૩૦
(૬) ફ્રાન્સ વિ. સ્વિડન, ૩૦ જૂનની મધરાત બાદ ૨.૩૦
(૭) મેક્સિકો વિ. ઇક્વેડૉર, ૧ જુલાઈ, સવારે ૬.૩૦
(૮) ઇંગ્લૅન્ડ વિ. કૉન્ગો, ૧ જુલાઈ, રાત્રે ૯.૩૦
(૯) બેલ્જિયમ વિ. સેનેગલ, ૧ જુલાઈની મધરાત બાદ ૧.૩૦
(૧૦) અમેરિકા વિ. બોસ્નિયા, ૨ જુલાઈ, સવારે ૫.૩૦
(૧૧) સ્પેન વિ. ઑસ્ટ્રિયા, ૨ જુલાઈની મધરાત બાદ ૧૨.૩૦
(૧૨) પોર્ટુગલ વિ. ક્રોએશિયા, ૩ જુલાઈ, મળસ્કે ૪.૩૦
(૧૩) સ્વિટ્ઝરલૅન્ડ વિ. અલ્જિરિયા, ૩ જુલાઈ સવારે ૮.૩૦
(૧૪) ઑસ્ટ્રેલિયા વિ. ઇજિપ્ત, ૩ જુલાઈ, રાત્રે ૧૧.૩૦
(૧૫) આર્જેન્ટિના વિ. કેપ વર્ડે, ૪ જુલાઈ, મળસ્કે ૩.૩૦
(૧૬) કોલમ્બિયા વિ. ઘાના, ૪ જુલાઈ સવારે ૭.૦૦
(નોંધઃ ટાઇમિંગના તમામ આંકડા ભારતીય સમય મુજબના છે)

## મેસીનો મિજાજઃ આર્જેન્ટિના મુશ્કેલીમાં લાગ્યું, ગોલ કરવાનું મન થયું, મેદાન પર આવ્યો અને ગોલ કરી દીધો!

### સતત સાત વર્લ્ડ કપ મૅચમાં ગોલ કરનાર વિશ્વનો પહેલો ખેલાડી બન્યો

ડલાસઃ આર્જેન્ટિનાએ અહીં રવિવારે ફિફા વર્લ્ડ કપમાં સતત ત્રીજી અને છેલ્લી લીગ પણ મૅચ જીતી લીધી હતી અને હવે લિયોનેલ મેસીના નેતૃત્વમાં આ ડિફેન્ડિંગ ચૅમ્પિયન ટીમ નોકઆઉટ રાઉન્ડમાં કેપ વર્ડે સામે રમશે. આર્જેન્ટિનાએ આ મૅચમાં જોર્ડનને ૩-૧થી હરાવ્યું હતું. એ સાથે આર્જેન્ટિનાએ લીગ રાઉન્ડમાં ૧૦૦% વિન-રેકૉર્ડ જાળવી રાખ્યો હતો.





### વર્લ્ડ રેકૉર્ડ અને પછી વિક્રમજનક ૧૯મો ગોલ

૩૯ વર્ષનો લિયોનેલ મેસી વર્લ્ડ કપ ટૂર્નામેન્ટના ઇતિહાસમાં સતત સાત મૅચમાં ગોલ કરનાર વિશ્વનો એકમાત્ર ખેલાડી બન્યો છે. તેના ખાતે હવે વર્લ્ડ કપના કુલ ૧૯ ગોલ છે જે વિશ્વવિક્રમ છે. આર્જેન્ટિનાએ વર્તમાન વર્લ્ડ કપની ત્રણ લીગ મૅચમાં કુલ આઠ ગોલ કર્યા જેમાંથી છ ગોલ મેસીના હતા. રવિવારે સવારે જોર્ડન સામે આર્જેન્ટિનાના ત્રણમાંથી એક ગોલ જિઓવાની લો સેલ્સોએ ૧૯મી મિનિટમાં અને એક ગોલ લૉટારો માર્ટિનેઝે ૩૧મી મિનિટમાં કર્યો હતો. આર્જેન્ટિનાએ પહેલી બે લીગ મેચમાં જે કુલ પાંચ ગોલ કર્યા હતા એ તમામ મેસીના હતા.■

### આર્જેન્ટિના-જોર્ડન પહેલી વખત આમનેસામને

આર્જેન્ટિના અને જોર્ડન આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાં પહેલી જ વખત સામસામે આવ્યા હતા અને એમાં જોર્ડનની ટીમે આર્જેન્ટિનાના ખેલાડીઓની લડાયક ક્ષમતા નજીકથી જોઈ લીધી હતી. આર્જેન્ટિનાએ મોટાભાગના મુખ્ય ખેલાડીઓને આ મૅચમાંથી આરામ આપ્યો હતો. કેપ્ટન મેસી પણ શરૂઆતથી મૅચમાં નહોતો રમ્યો. આર્જેન્ટિના આ મૅચ પહેલાં જ નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું હોવાથી મેસી શરૂઆતથી રમવાને બદલે બેન્ચ પર બેસીને ટીમનો પર્ફોર્મન્સ નિહાળતો હતો અને જરૂર લાગી ત્યારે તેમને ઈશારાથી માર્ગદર્શન પણ આપતો હતો. સેકન્ડ હાફમાં ૫૫મી મિનિટ સુધી આર્જેન્ટિના ૨-૦થી આગળ હતું, પરંતુ ૫૫મી મિનિટમાં જોર્ડનના અલ-તામરીએ ગોલ કરીને માર્જિન ૧-૨નું કરી નાખ્યું એટલે મેસીએ આર્જેન્ટિનાને મુશ્કેલીમાં જોઈને મેદાન પર આવવાની તૈયારી શરૂ કરી દીધી હતી. મેસી ૬૦ મિનિટમાં ગ્રાઉન્ડ પર આવ્યો હતો અને ૮૦મી મિનિટમાં તેણે પેનલ્ટી એરિયાથી ઘણે દૂરથી ગોલ કરીને આર્જેન્ટિનાની સરસાઈ વધારીને ૩-૧ની કરી આપી હતી. ■

## રોનાલ્ડો કોલમ્બિયા સામે ગોલ ન કરી શક્યોઃ કોન્ગો પહેલી વખત નૉકઆઉટમાં

માયામીઃ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું પોર્ટુગલ રવિવારે અહીં કોલમ્બિયા સામેની મૅચ ૦-૦થી ડ્રોમાં જવાને પગલે ગ્રૂપ-કેમાં બીજા નંબરે રહીને મહા મહેનતે નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યું હતું. કોલમ્બિયાએ અગાઉ જ નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવી લીધો હતો.



### રોનાલ્ડોને એક પણ ગોલ ન કરવા મળ્યો

ફૂટબૉલનો સુપરસ્ટાર રોનાલ્ડો કોલમ્બિયા સામેની આ મૅચમાં અનેક પ્રયાસો છતાં એક પણ ગોલ નહોતો કરી શક્યો. તેના દરેક આક્રમણને કોલમ્બિયાના ડિફેન્ડરોએ નિષ્ફળ બનાવ્યું હતું. ખરેખર તો તેની પોર્ટુગલની ટીમ એકેય ગોલ નહોતી કરી શકી. મૅચની છેલ્લી પળોમાં ડેવિન્સન સાન્ચેઝે હેડરથી બૉલ નેટમાં મોકલી દીધો હતો, પરંતુ ઑફ સાઈડને કારણે રિવ્યૂમાં એ ગોલ નકારવામાં આવ્યો હતો. રોનાલ્ડો કોન્ગો સામેની પહેલી મૅચમાં પણ ગોલ નહોતો કરી શકયો. એ મૅચ ૧-૧થી ડ્રો થઈ હતી. જોકે ઉઝબેકિસ્તાન સામેના ૫-૦ના વિજયમાં રોનાલ્ડોના બે ગોલ હતા.

### પોર્ટુગલ-ક્રોએશિયા સામસામે

નૉકઆઉટમાં પોર્ટુગલનો મુકાબલો હવે બીજી જુલાઈએ ક્રોએશિયાની મજબૂત ટીમ સામે થશે. ત્રીજી જુલાઈએ કોલમ્બિયાની ઘાના સાથે ટક્કર થશે.

### કોન્ગોએ ઈતિહાસ રચ્યોઃ વિસા ફરી ત્રાટક્યો

આ જ ગ્રૂપની અન્ય એક મૅચમાં આફ્રિકા ખંડની કોન્ગોની ટીમે ઉઝબેકિસ્તાનને ૩-૧થી હરાવીને ગ્રૂપની ત્રીજા નંબરની ટીમ તરીકે નૉકઆઉટમાં પ્રવેશ મેળવ્યો હતો. કોન્ગો પહેલી જ વખત વર્લ્ડ કપના નૉકઆઉટમાં પહોંચ્યું છે. એના ત્રણમાંથી બે ગોલ યોએન વિસાએ ૬૮મી અને ૯૧મી મિનિટમાં કર્યા હતા. કોન્ગો હવે નૉકઆઉટમાં ઇંગ્લૅન્ડ સામે રમશે.

### અલ્જિરિયા અને ઑસ્ટ્રિયા પણ આગળ વધ્યા

અલ્જિરિયા અને ઑસ્ટ્રિયા વચ્ચેની રસાકસીભરી મૅચ ૩-૩થી ડ્રોમાં ગઈ હતી અને આ બંને દેશ નૉકઆઉટમાં પહોંચી ગયા છે. ■

## એકસાથે ત્રણ મહિલા ખેલાડીઓ નિવૃત્ત થઈ!

### ડિફેન્ડિંગ ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન ન્યૂ ઝીલૅન્ડ વર્લ્ડ કપની બહારઃ

લંડનઃ ક્રિકેટ મૅચમાં ઘણી વખત ત્રણ બોલરની ત્રિપુટી હરીફ ટીમને પરાજિત કરાવવામાં અગત્યની ભૂમિકાઓ ભજવતી હોય છે અને બૅટિંગમાં પણ વારંવાર જોવા મળ્યું છે કે ત્રણ બૅટરની ત્રિપુટી હરીફ ટીમને ભારે પડી ગઈ હોય, પરંતુ એકસાથે ત્રણ ખેલાડી નિવૃત્ત થાય એ ક્યારેય જોયું-સાંભળ્યું નથી. અહીં શનિવારે રેકૉર્ડ-બ્રેક ક્રાઉડની હાજરીમાં આવું બની ગયું.



મહિલાઓના ટી-૨૦ વર્લ્ડ કપની ડિફેન્ડિંગ ચૅમ્પિયન ન્યૂ ઝીલૅન્ડની ટીમ શનિવારે ઇંગ્લૅન્ડ સામે અંતિમ લીગ મૅચ હારી જતાં વર્લ્ડ કપની બહાર થઈ ગઈ હતી અને ત્યાર બાદ ન્યૂ ઝીલૅન્ડની ત્રણ ક્રિકેટ-લેજન્ડ સૉફી ડિવાઇન, સુઝી બેટ્સ અને લી તાહુહુએ આંતરરાષ્ટ્રીય કારકિર્દીને અલવિદા કરી હતી.

મહિલા ટી-૨૦ વર્લ્ડ કપની ગ્રૂપ મૅચમાં અગાઉ ક્યારેય ન જોવા મળ્યું હોય એટલા ક્રાઉડ (૨૧,૦૧૮)ની હાજરીમાં ન્યૂ ઝીલૅન્ડની ત્રણેય ક્રિકેટરને માનભેર ફેરવેલ આપવામાં આવ્યું હતું. તેમણે ૧૫ વર્ષની કરીઅરને ગુડબાય કરી છે. યોગાનુયોગ, આ ત્રણેય ખેલાડી ટેસ્ટ નહીં, પણ માત્ર વન-ડે અને ટી-૨૦ મૅચો રમી હતી. ■

### ત્રણેય નિવૃત્ત પ્લેયર વિશે જાણીએ...

(૧) ૩૬ વર્ષની રાઇટ-હૅન્ડ બૅટર અને પેસ બોલર સૉફી ડિવાઇન ન્યૂ ઝીલૅન્ડને પ્રથમ વૈશ્વિક ટાઇટલ અપાવ્યું હતું. તેણે સમગ્ર કરીઅરમાં ટીમની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ૧થી ૧૧ સુધીના દરેક ક્રમે બૅટિંગ કરી હતી. તે મહિલા ક્રિકેટની સૌથી વિસ્ફોટક બૅટર્સમાં ગણાય છે. શનિવારે છેલ્લી ઇનિંગ્સમાં તેના ૩૦ રનમાં ત્રણ છગ્ગા હતા. ટી-૨૦માં તે ન્યૂ ઝીલૅન્ડની બોલર્સમાં સૌથી વધુ ૧૩૦ વિકેટ લેનાર બોલર છે. વન-ડેમાં તેણે ૧૧૧ વિકેટ લીધી હતી. તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૩૧૭ મૅચમાં ૧૦ સદી સહિત ૮,૦૦૦-પ્લસ રન બનાવ્યા હતા જેમાં ૨૦૦થી વધુ છગ્ગા અને ૭૬૦થી વધુ ચોગ્ગા હતા.

(૨) ૩૮ વર્ષની બૅટિંગ-ઑલરાઉન્ડર સુઝી બેટ્સે ૩૭૦ આંતરરાષ્ટ્રીય મૅચમાં કુલ ૧૪ સેન્ચુરી સહિત વિક્રમજનક ૧૦,૭૦૦-પ્લસ રન કર્યા હતા જેમાં પંચાવન છગ્ગા અને ૧,૨૦૦-પ્લસ ચોગ્ગા હતા. તેણે ૧૪૫ વિકેટ પણ લીધી હતી.

(૩) ૩૫ વર્ષની પેસ બોલર લી તાહુહુએ કુલ ૨૦૭ આંતરરાષ્ટ્રીય મૅચમાં કુલ ૨૨૫ વિકેટ લીધી હતી અને ૭૦૦ જેટલા રન બનાવ્યા હતા. વન-ડે વર્લ્ડ કપમાં તે ન્યૂ ઝીલૅન્ડ વતી સૌથી વધુ વિકેટ લેનાર બોલર છે.■

## હાર્દિકે ગુપચુપ લગ્ન કરી લીધાં? ગર્લફ્રેન્ડ માહિકાના માથે સિંદૂર જોઈને ફૅન્સ ચોંકી ગયા

નવી દિલ્હીઃ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા થોડા મહિનાઓથી મેદાન પરના પર્ફોર્મન્સ કરતાં અંગત જીવન બાબતમાં વધુ ચર્ચામાં રહ્યો છે અને હવે તો જાણે ચરમસીમા આવી ગઈ. સોશ્યલ મીડિયામાં હવે ચર્ચા એ છે કે હાર્દિક પંડ્યાએ ગર્લફ્રેન્ડ માહિકા શર્મા સાથે ગુપચુપ લગ્ન કરી લીધા છે કે શું?





સોશ્યલ મીડિયામાં બન્નેની તસવીર વાઇરલ થઈ છે જેમાં હાર્દિકના માથે તિલક અને માહિકાના માથે સિંદૂર જોવા મળતાં બન્નેના ચાહકો ચોંકી ગયા છે. બન્નેની આ નવી તસવીર પળવારમાં વાઇરલ થઈ ગઈ છે.

ક્રિકેટર હાર્દિક અને ઍક્ટ્રેસ-મૉડેલ માહિકાએ એક વૃદ્ધ મહિલા સાથે જે પોઝ આપ્યો છે એ તસવીર રિયલ છે કે આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (એઆઇ)ની કરામત છે એ તો સ્પષ્ટ નહોતું થયું, પણ માહિકાના માથે જે સિંદૂર હતું એના પર સૌનું ધ્યાન અચૂક ગયું હતું. તસવીરમાં માહિકાના માથે ચાંદલો પણ જોવા મળે છે. યુગલે શનિવારે સવારે અમદાવાદના ભદ્રકાળી મંદિરની મુલાકાત લીધી હતી એવી તસવીર પણ વાઇરલ થઈ છે. ભદ્રકાળી હાર્દિક પંડ્યાના પરિવારના કુળદેવી છે. એક ઇન્સ્ટાગ્રામ યુઝરે આ તસવીરો પોતાની સ્ટોરી સાથે શૅર કરી હતી અને સ્ટોરીના વ્યૂઝ વધતા ગયા એટલે યુઝરે એ તરત ડિલીટ કરી નાખ્યા હતા. જોકે, ત્યારે મોડું થઈ ગયું હતું, કારણકે ફૅન્સે એના સ્ક્રીનશૉટ લઈ લીધા હતા અને આ તસવીરો વાઇરલ થઈ ચૂકી છે.

## ઇન્ડિયા-એ અને શ્રીલંકા-એની ટેસ્ટ ડ્રૉ

ગૉલમાં શ્રીલંકા-એ સામેની ઇન્ડિયા-એની ચાર દિવસીય બિનસત્તાવાર મૅચ ડ્રૉમાં પરિણમી છે. ભારતીય ટીમે પ્રથમ દાવમાં સુદર્શનના ૧૩૨ રન અને કૅપ્ટન ધ્રુવ જુરેલના અણનમ ૧૪૧ રનની મદદથી છ વિકેટે ૪૫૨ રન બનાવ્યા બાદ યજમાન ટીમે ૩૩૦ રન બનાવ્યા હતા. જુરેલના નેતૃત્વમાં ઇન્ડિયા-એ ટીમે ૧૨૨ રનની સરસાઈ ઉપરાંત ૮/૧૮૯ના સ્કોર સાથે દાવ ડિક્લેર કર્યો હતો અને શ્રીલંકા-એને ૩૧૨ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. સહાન અરાછીગેની ટીમનો સ્કોર બીજા દાવમાં ૨/૭૦ હતો ત્યારે અમ્પાયરે મૅચને ડ્રૉ જાહેર કરી હતી. ■

## આજથી વિમ્બલ્ડનઃ ૪૪ વર્ષની સેરેના વિરુદ્ધ ૨૦ વર્ષની માયા

સોમવારથી શરૂ થતી વિમ્બલ્ડનમાં ૪૪ વર્ષની સેરેના વિલિયમ્સ વિરુદ્ધ ૨૦ વર્ષની માયા જૉયન્ટ રમશે. સાત વિમ્બલ્ડન ટાઇટલ જીતી ચૂકેલી સેરેના ત્રણ વર્ષ કરતાં વધુ સમય બાદ કમબૅક કરી રહી છે. તેની સામે રમનાર માયા ઑસ્ટ્રેલિયાની છે. સેરેના છેલ્લે ૨૦૨૨માં વિમ્બલ્ડનમાં ૧૧૫મા ક્રમની હાર્મની ટૅન સામે પહેલા જ રાઉન્ડમાં હારી ગઈ હતી. ડિફેન્ડિંગ ચૅમ્પિયન ઇગા સ્વૉન્ટેક મંગળવારે ટેલર ટાઉનસેન્ડ વિરુદ્ધ રમશે.■

## બેન સ્ટૉક્સનો આજે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આખરી દિન

નૉટિંગમઃ ઇંગ્લૅન્ડના ઑલરાઉન્ડર અને કૅપ્ટન બેન સ્ટૉક્સે જાહેર કર્યું છે કે અહીં ન્યૂ ઝીલૅન્ડ સામે ચાલી રહેલી ત્રીજી ટેસ્ટ તેની આંતરરાષ્ટ્રીય ક્રિકેટની અંતિમ મૅચ છે. તેણે જાહેરાત કરી છે કે તે આ ટેસ્ટને અંતે નિવૃત્તિ લેશે.



### કરીઅરના પર્ફોર્મન્સ પર એક નજરઃ

સોમવાર, ૨૯મી જૂન આ ટેસ્ટનો અંતિમ દિવસ છે અને એ બેન સ્ટૉક્સની શાનદાર કારકિર્દીનો પણ આખરી દિવસ બનશે. તેણે આ જાહેરાત રવિવારે મૅચના ચોથા દિવસે કરી હતી. ૩૫ વર્ષના સ્ટૉક્સની કરીઅરના ટૂંકમાં આંકડા આ મુજબ છેઃ (૧) ૧૨૧ ટેસ્ટમાં ૭,૨૨૮ રન અને ૨૪૬ વિકેટ (૨) ૧૧૪ વન-ડેમાં ૩,૪૬૩ રન અને ૭૪ વિકેટ (૩) ૪૩ ટી-૨૦માં ૫૮૫ રન અને ૨૬ વિકેટ.

### ૨૦૧૯ વર્લ્ડ કપની જીત સર્વોત્તમ

૨૦૧૯માં ન્યૂ ઝીલૅન્ડ સામેની વન-ડે વર્લ્ડ કપ ડબલ ટાઇવાળી ફાઇનલની જીત સ્ટૉક્સની ૧૫ વર્ષની અસાધારણ કારકિર્દીની સર્વશ્રેષ્ઠ મૅચ હતી. ઇંગ્લૅન્ડને ૨૦૨૨માં ટી-૨૦ વર્લ્ડ કપનો તાજ અપાવવામાં પણ તેનું મહત્ત્વનું યોગદાન હતું. એ જ વર્ષમાં તેને કૅપ્ટન્સી મળી હતી.

ન્યૂ ઝીલૅન્ડ સામેની વર્તમાન ટેસ્ટ શ્રેણીની પ્રથમ મૅચ વખતે સ્ટૉક્સ નાઇટક્લબના વિવાદને કારણે ચર્ચાસ્પદ થયો હતો. શિસ્તભંગના પગલાં તરીકે તેને શ્રેણીની બીજી ટેસ્ટની બહાર કરવામાં આવ્યો હતો અને હવે ત્રીજી ટેસ્ટની મધ્યમાં તેણે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું છે. ■

## ગૌતમ ગંભીરને હટાવાશે? શ્રેયસની સાથે કદાચ રિકી પૉન્ટિંગને કોચ બનાવાશે

નવી દિલ્હીઃ કોઈ ખેલાડીના નેતૃત્વમાં ટી-૨૦નો વર્લ્ડ કપ જીત્યા હોય, પરંતુ એ જ કૅપ્ટનને ગણતરીના મહિના બાદ કૅપ્ટનપદેથી તો શું, ટી-૨૦ ટીમમાંથી જ કાઢી નાખવામાં આવે એવું વારંવાર ન બને, પણ ભારતીય ક્રિકેટમાં સૂર્યકુમાર યાદવ સાથે એવું બન્યું જેમાં તેના સ્થાને શ્રેયસ ઐયરને સુકાન સોંપવામાં આવ્યું છે અને એ સંબંધમાં ઇંગ્લૅન્ડના જાણીતા ક્રિકેટર માઇકલ વૉને પ્રતિક્રિયા આપી છે.





**ફેરો ફોગટઃ**
રવિ શાસ્ત્રી તેમ જ વિરાટ-અનુષ્કા રવિવારે લૉર્ડ્સમાં ભારતની મહિલા ટીમની ટી-૨૦ વર્લ્ડ કપ મૅચ જોવા આવ્યા હતા. બીજી તરફ શિખર ધવન તેની પત્ની સાથે આવ્યો હતો. જોકે ભારતીય ટીમ હારી જતાં સ્પર્ધાની બહાર થઈ ગઈ હતી.

માઇકલ વૉને કહ્યું છે, 'ભારતમાં ટૅલન્ટની કોઈ અછત નથી, પણ જ્યારે મને શ્રેયસને ટી-૨૦ ટીમનો નવો કૅપ્ટન બનાવવામાં આવ્યો હોવાની જાણકારી મળી ત્યારે મને થયું કે હવે રિકી પૉન્ટિંગ ભારતીય ટીમનો કોચ બનશે.'

અજિંક્ય રહાણેની યુટ્યૂબ ચૅનલ પર માઇકલ વૉને કહ્યું, 'મેં શ્રેયસ વિશે સાંભળ્યું ત્યારે મને થયું કે હવે રિકી પૉન્ટિંગને ટીમ ઇન્ડિયાનો કોચ બનાવવામાં આવશે, કારણકે આ બન્ને વચ્ચે બહુ સારો તાલમેલ છે. તેમની જોડી ગજબની છે. શ્રેયસ બહુ સારો કૅપ્ટન છે અને બૅટ્સમૅન તરીકે પણ તે ઘણો સારો છે. આ જ બતાવે છે કે ભારતીય ક્રિકેટ (ખાસ કરીને ટી-૨૦માં) કેટલી બધી મજબૂત છે. કોઈ કૅપ્ટને ટી-૨૦ વર્લ્ડ કપ જિતાડી આપ્યો હોય તેને થોડા જ મહિનાઓમાં પડતો મૂકવામાં આવે એવું બીજા દેશોમાં કદાચ જ બન્યું હશે.'

શ્રેયસ-પૉન્ટિંગની જોડી કમાલ કરી ચૂકી છે. ૨૦૨૦માં શ્રેયસ દિલ્હી કૅપિટલ્સનો કૅપ્ટન હતો ત્યારે પૉન્ટિંગ એ ટીમનો કોચ હતો. એ સીઝનમાં દિલ્હીની ટીમ ફાઇનલમાં પહોંચી હતી. ત્યાર પછી ૨૦૨૫માં શ્રેયસ-પૉન્ટિંગ ફરી ભેગા થયા હતા. આ વખતે તેઓ પંજાબ કિંગ્સ સાથે જોડાયેલા હતા. શ્રેયસ કૅપ્ટન અને પૉન્ટિંગ કોચ. પંજાબ ૨૦૨૫માં ફાઇનલમાં પહોંચ્યું હતું અને ૨૦૨૬માં પ્લે-ઑફમાં પહોંચ્યું હતું.

આયરલૅન્ડમાં શુક્રવારે શ્રેયસના નેતૃત્વમાં વર્લ્ડ ચૅમ્પિયન ભારતે પરાજય સાથે શરૂઆત ખરાબ કરી, પણ ક્રિકેટની દુનિયામાં ચર્ચા છે કે ટૂંક સમયમાં કોચના સ્થાનેથી ગૌતમ ગંભીરને હટાવીને રિકી પૉન્ટિંગને એ જવાબદારી સોંપવામાં આવશે. ટેસ્ટ અને વન-ડેમાં શુભમન ગિલ કૅપ્ટન છે એ વાત અલગ છે, પણ શ્રેયસ સાથે હવે પૉન્ટિંગનું નામ જરૂર બોલાવા લાગ્યું છે. ■

# ભાજપમાં વડા પ્રધાનને લાયક નેતાઓની પાંખો કાપવામાં આવે છે

## પરભણીમાં ઉદ્ધવ ઠાકરે આક્રમક

મુંબઈ : આ 'ઓપરેશન ટાઇગર' નથી; આ 'ઓપરેશન દેવેન્દ્ર ફડણવીસ' છે. જેમ મધ્ય પ્રદેશમાં શિવરાજ સિંહ ('મામા') ને બાજુ પર રાખવામાં આવ્યા હતા; તેમનો કોઈ પત્તો ન લાગ્યો, તેમને મૂર્ખ બનાવ્યા, કેન્દ્રમાં બોલાવ્યા અને તેમને ખૂણામાં ધકેલી દીધા; તેમ રણનીતિ એવી છે કે જે કોઈ પણ વ્યક્તિ વડા પ્રધાન પદના દાવેદાર તરીકે ઊભરી શકે છે તેઓ ઊભા થાય તે પહેલાં જ તેમની પાંખો કાપી નાખવામાં આવે. અત્યારે, દેવેન્દ્ર ફડણવીસની પાંખો કાપવાની ચાલ શરૂ થઈ ગઈ છે; એવો દાવો ઉદ્ધવ ઠાકરેએ આજે પરભણીમાં કર્યો હતો.

પરભણીમાં ઉદ્ધવ ઠાકરેએ બળવાખોર સાંસદ બંડૂ જાધવ પર પણ આકરા પ્રહારો કરતા કહ્યું કે વિશ્વાસઘાત કરવો અને ભાજપના ચરણોમાં નમન કરવું એ 'મહારાષ્ટ્ર ધર્મ' અને મતદારોનું અપમાન છે. તેમણે કહ્યું કે પરભણીનો ઇતિહાસ દર્શાવે છે કે જનતાએ હંમેશા શિવસેના દ્વારા ઊભા કરાયેલા ઉમેદવારને જ ચૂંટ્યો છે. સાંસદ છેલ્લા વખત 'મોદી લહેર'ને કારણે નહીં, પરંતુ લોકોએ બાળાસાહેબના ફોટોગ્રાફ અને 'મશાલ' પ્રતીક પર વિશ્વાસ રાખીને મતદાન કર્યું હોવાથી ચૂંટાયા હતા.

ઉદ્ધવ ઠાકરેએ ભાજપના દિગ્ગજ નેતાઓના નામ લઇને ટીકાઓનો વરસાદ કર્યો હતો. તેમણે કહ્યું કે, ફડણવીસ વિમાનમાં આત્મવિશ્વાસ ગુમાવી ચૂકેલા માણસની જેમ લાચાર દેખાતા હતા. તેમને ખ્યાલ આવ્યો કે તેમની પાંખો કાપવામાં આવી રહી છે, અને તે પણ તેમના પોતાના બોસ દ્વારા; તેઓ શું કરી શકે? તેઓ ન્યાય માટે કોની પાસે અપીલ પણ કરી શકે? નીતિન ગડકરીની પાંખો એટલી ગંભીર રીતે કાપવામાં આવી હતી કે તેમનો દૃઢ નિશ્ચય શિથિલ થઈ ગયો હતો, જાણે ઇથેનોલનું પાણી તેમાં રેડવામાં આવ્યું હોય, જેનાથી તેમના સમગ્ર વલણ પર પાણી ફરી ગયું. કારણ કે તેમની પાંખો કાપી નાખવામાં આવી હતી, તો તેઓ કેવી રીતે ઉડી શકે? એવો પ્રશ્ન ઠાકરેએ ઉઠાવ્યો હતો.

ઠાકરેએ કહ્યું કે જે લોકો અડગ રહી શકતા નથી તેઓ વિશ્વાસઘાતનો આશરો લે છે. આપણું હિન્દુત્વ રાષ્ટ્રવાદનો પર્યાય છે; તે એવા કોઈપણ વ્યક્તિને સ્વીકારે છે જે આ દેશને પોતાનો માને છે, મુસ્લિમ પણ, જો તેને પોતાનો માને તો. આપણું હિન્દુત્વ હૃદયમાં રામ રાખવા, હાથ માટે કામ પૂરું પાડવા અને ખેડૂતોના ઉત્પાદન માટે વાજબી ભાવ સુનિશ્ચિત કરવા માટે છે. તમારો મંદિર બનાવવાનો કોઈ ઈરાદો નહોતો; તેના બદલે, તમે રામના નામે લોકોને લૂંટવા માટે એક દુકાન સ્થાપવા માંગતા હતા. હવે, એક નવી ભાજપ ઉભરી આવી છે જે રામ મંદિર લૂંટે છે, 'બાબર જનતા પાર્ટી'; ઉદ્ધવ ઠાકરેએ બાબરના વંશજ હોવાનો તેમના પર આરોપ લગાવ્યો.

ઉદ્ધવ ઠાકરેએ આત્મમંથન કરવા ઉપર પ્રશ્ન કર્યો. તેમણે કહ્યું કે મમતા બેનરજી સહિત સૌએ આત્મમંથન કરવું જોઈએ; પણ અમારા ટીકાકારો પાર્ટીમાં ભાગલા અંગેનો મામલો સુપ્રીમ કોર્ટમાં ચાર વર્ષથી કેમ પડતર છે, તે બાબતે તેમણે કેમ આત્મમંથન કર્યું નથી? તેવો પ્રશ્ન કર્યો.

ચૂંટાયેલા પ્રતિનિધિઓના બે તૃતીયાંશનો ટેકો હોય તો કોઈ પક્ષ બીજા પક્ષ સાથે ભળી જવાનું નક્કી કરી શકે છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓના બે તૃતીયાંશ એકપક્ષીય રીતે વિલીનીકરણનો નિર્ણય ન લઈ શકે. જો આ દેશમાં કાયદાનું શાસન પ્રવર્તે છે, તો તેમને ગેરલાયક ઠેરવવા જોઈએ. તેમણે જણાવ્યું હતું કે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પક્ષ નથી; જનતા અને મતદારો પક્ષ બનાવે છે. તેમણે ભાર મૂક્યો હતો કે પ્રક્રિયા ટોચ પરથી શરૂ થવી જોઈએ, જેમાં લોકસભા સ્પીકર કાયદાનું પાલન કરે. અધિકાર અને મરજી વચ્ચે તફાવત છે, અમે અધિકાર માન્ય કરીએ છીએ, મરજી નહીં. ■

## 'વિમાન પ્રવાસમાં ફડણવીસ લાચાર દેખાતા હતાં' વાળી ટિપ્પણી પણ ફડણવીસની રમૂજી પ્રતિક્રિયા

મુંબઈ : બળવાખોર સાંસદોના સંસદીય ક્ષેત્રોની યાત્રાએ નીકળેલા ઉદ્ધવ ઠાકરે આજે પરભણીની મુલાકાતે છે. તેમણે બળવાખોર સાંસદ સંજય જાધવના મતવિસ્તારમાં શિવસૈનિકો સાથે વાતચીત કરી. મુલાકાત દરમિયાન ઠાકરેએ સંજય જાધવ અને ભાજપ બંને પર આકરા પ્રહારો કર્યા.

ફ્લાઈટમાં એક સાથે પ્રવાસ કરતી વખતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ લાચાર દેખાતા હતા. મેં પહેલાં ક્યારેય કોઈ મુખ્ય પ્રધાનને આટલા લાચાર જોયા નહોતા; તેમને ખ્યાલ આવ્યો કે તેમના પોતાના 'બોસ' તેમની પાંખો કાપી રહ્યા છે.

દેવેન્દ્ર ફડણવીસે આનો જવાબ આપતા કહ્યું કે, સૌથી પહેલી વાત તો એ, કે મારી પાસે કોઈ પાંખો નથી, તો કોણ કાપશે? તેમણે ઉમેર્યું હતું કે તેમને મહારાષ્ટ્રના ૧૪ કરોડ લોકો તેમજ તેમના વરિષ્ઠ નેતાઓના આશીર્વાદ છે. ઉદ્ધવ ઠાકરે સાથેની વિમાન યાત્રા અંગેના પ્રશ્નનો જવાબ આપતા દેવેન્દ્ર ફડણવીસે કહ્યું કે તેમના માટે રાજકીય મુદ્દાઓ ગૌણ છે. તેમણે ટિપ્પણી કરી કે રાજકીય મુદ્દાઓથી કોઈને ફાયદો થતો નથી, જ્યારે વિકાસ દ્વારા તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવી શકાય છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે માત્ર એક કોમર્શિયલ ફ્લાઇટમાં યોગાનુયોગ સાથે બેસવાને કારણે આટલી બધી શું ચર્ચા કરવાની?; એવું લાગે છે કે આપણે કોઈ પાગલખાનામાં બેઠા છીએ.

ઉદ્ધવ ઠાકરે એક બાજુ બેઠા હતા અને હું બીજી બાજુ; જો અમે એકબીજાની બાજુમાં બેઠા હોત, તો અમે ગપ્પાં માર્યા હોત બીજું શું? દેવેન્દ્ર ફડણવીસે રમૂજના સ્પર્શ સાથે ટિપ્પણી કરી. તેમણે એમ પણ ઉલ્લેખ કર્યો કે ઉડતી વખતે તેમના મોબાઇલ ફોન પર ડાઉનલોડ કરેલી વેબ સિરીઝ જોવાની તેમની આદત છે. ■

## લોકસભા સ્પીકરે પહેલા પોતે કાયદાનું પાલન કરવું જોઈએઃ ઉદ્ધવ ઠાકરે

પરભણી : શિવસેના (યુબીટી) ના વડા ઉદ્ધવ ઠાકરેએ રવિવારે એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળના કેમ્પમાં તાજેતરમાં પક્ષપલટો કરનારા છ સાંસદોને તાત્કાલિક ગેરલાયક ઠેરવવાની માંગ કરી હતી, અને આરોપ લગાવ્યો હતો કે તેમનો પક્ષપલટો એક મોટા રાજકીય ષડયંત્રનો ભાગ છે. પરભણીમાં એક રેલીને સંબોધતા, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને કહ્યું કે લોકસભા સ્પીકરે પક્ષપલટો અંગે કાયદાનું પાલન કરવું જોઈએ. તેમણે રામમંદિર દાનમાં ઉચાપત મુદ્દે ભાજપને "બાબર જનતા પાર્ટી" તરીકે ઓળખાવી.

ઠાકરેએ જણાવ્યું હતું કે શિવસેના (યુબીટી) ના વફાદાર સાંસદોએ લોકસભા સ્પીકરને પોતાનો પક્ષ રજૂ કરવાની તક માંગી હતી. તેમણે નોંધ્યું હતું કે જો આ દેશમાં કાયદાનું શાસન હોય, તો આ છ સાંસદોને ગેરલાયક ઠેરવવા જોઈએ. જો તેઓ કાયદાનું પાલન ન કરે, તો તેઓ અન્ય લોકોને તેનું પાલન કરવાનું કહી શકતા નથી, એમ તેમણે કહ્યું.

એકનાથ શિંદે પર નિશાન સાધતા, ઠાકરેએ દાવો કર્યો કે નાયબ મુખ્ય પ્રધાનનું ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનમાં "કોઈ ભવિષ્ય" નથી અને "ઉપયોગ કર્યા પછી તેમને ફેંકી દેવામાં આવશે". તેમણે બળવાખોર સાંસદોની સંપત્તિના સ્રોત પર પ્રશ્ન ઉઠાવ્યો, ખાનગી જેટમાં તેમની મુસાફરી તરફ ઈશારો કર્યો અને ખેડૂતોની દુર્દશાને અવગણવાનો આરોપ લગાવ્યો. તેમણે ગયા વર્ષે પાકને થયેલા નુકસાન પછી પરભણીની તેમની મુલાકાતને ખાસ યાદ કરી, અને આરોપ લગાવ્યો કે બળવાખોર સાંસદ સંજય જાધવ ગેરહાજર રહ્યા હતા. તેમના જૂથે તેમના પિતા બાળાસાહેબ ઠાકરેની વિચારધારાનો ત્યાગ કર્યો હોવાના દાવાઓનું ખંડન કરતા તેમણે નિર્દેશ કર્યો કે મુંબઈમાં ભાજપની બેની સરખામણીમાં ચાર લોકસભા બેઠકો જીતી છે. ■




**દો બૂંદ જિંદગી કીઃ** પોલિયોમુક્ત ભારત ઝુંબેશ માટે રવિવારે મુંબઈના અનેક કેન્દ્રો પર 'આશા' વર્કર દ્વારા બાળકોને પોલિયોનાં ટીપાં પીવડાવવામાં આવ્યા હતા. (અમય ખરાડે)

# રાજ્યમાં પહેલી જુલાઈથી ફરી ચોમાસું સક્રિય થશેઃ હવામાન વિભાગનો અંદાજો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા અઠવાડિયે નૈઋત્યના ચોમાસાના આગમન સાથે જ ૨૪ કલાક દરમ્યાન મુશળધાર વરસીને વરસાદ ગાયબ થઈ ગયો છે ત્યારે હવામાન વિભાગના કહેવા મુજબ જુલાઈ મહિનાના પહેલા અઠવાડિયામાં મુંબઈ સહિત રાજ્યના પશ્ચિમ કિનારાપટ્ટી પર ચોમાસું ફરી સક્રિય થશે અને વરસાદનું જોર વધશે.

મુંબઈ સહિત રાજ્યમાં ગયા અઠવાડિયામાં ચોમાસાનું આગમન થયા બાદ મુંબઈ અને કોંકણપટ્ટીમાં જોરદાર વરસાદ પડ્યો હતો. જોકે, ત્યારબાદ વરસાદે વિરામ લીધો હતો. છેલ્લા એકાદ-બે દિવસથી રાજ્યના મોટાભાગના વિસ્તારમાં વાતાવરણ સૂકું રહ્યું છે. જોકે હવામાન વિભાગે આગામી દિવસમાં એટલે કે પહેલીથી ચોથી જુલાઈ દરમ્યાન રાજ્યના કોંકણપટ્ટીમાં વરસાદનું જોર વધવાનો અંદાજો વ્યક્ત કર્યો છે, જેમાં રવિવારથી મધ્યમથી મુશળધાર વરસાદના ઝાપટાં પડવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે, જેમાં દક્ષિણ કોંકણની સાથે જ મધ્ય મહારાષ્ટ્ર અને મરાઠવાડાના અમુક વિસ્તારનો પણ સમાવેશ થાય છે.

આ દરમ્યાન વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં તાપમાનમાં ફરી હળવો વધારો નોંધાયો હતો. જૂન મહિનો પૂરો થવાનો છે, છતાં મુંબઈ સહિત રાજ્યમાં સંતોષજનક વરસાદ પડયો નથી. પહેલીથી ૨૭ જૂન દરમ્યાન રાજ્યમાં સરેરાશ ૫૯ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. ■

## જૂન મહિનો ૧૪૬ વર્ષમાં સૌથી કોરો

જૂન મહિના પૂરો થવાનો છે ત્યારે ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ જૂન અંત સુધીમાં ભારતમાં વરસાદની ૪૩ ટકા ખાધ રહી છે. ચાર જૂનના ચોમાસું કેરળમાં દાખલ થયું હતું ત્યારબાદ ધીમે ધીમે જૂન અંત સુધીમાં મોસમી પવનો સંપૂર્ણ દેશમાં પહોંચવા જોઈતા હતા પણ હજી પણ દેશના અનેક વિસ્તારોમાં સૂકું અને આકાશ ચોખ્ખું છે. મધ્ય ભારતમાં વરસાદની ૫૯ ટકા ખાધ રહી છે. ગુજરાતમાં ૮૪ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. તો મહારાષ્ટ્રમાં સરેરાશ ઓછો વરસાદ નોંધાયો છે, જૂન ૨૦૨૬ છેલ્લાં ૧૪૬ વર્ષનો સૌથી સૂકો મહિનો રહ્યો છે.

## ચોમાસું નબળું કેમ રહ્યું ?

આ વર્ષે ચોમાસાને અસર કરનારા અનેક કારણ રહ્યા છે, જેમાં 'મૅડન જ્યુલિઅન ઓસ્કિલેશન' (એમજેઓ) પહેલું કારણ છે. દર ૩૦થી ૬૦ દિવસે વિષુવવૃત્ત ફરતે નિર્માણ થનારા વાદળ અને વાદળી પવનોને એમજેઓ કહેવાય છે. તે હિંદ મહાસાગરમાં દાખલ થવાથી ભારતમાં ચોમાસું સક્રિય થાય છે પણ આ વખતે જૂન મહિનામાં આ પટ્ટો ભારતથી દૂર ગયો હતો. એ બાદ 'સોમાલી જેટ'ની અસર ચોમાસાને થઈ છે. 'સોમાલી જેટ' પૂર્વ આફ્રિકાથી વિષુવવૃત્ત પર પ્રવાસ કરે છે. અરબી સમુદ્રનો ભેજ ભારત સુધી લઈ આવે છે પણ આ વખતે 'સોમાલી જેટ' પણ નબળો રહ્યો. ચોથું કારણ એટલે કે તટસ્થ દ્વિધ્રુવ. હિંદ મહાસાગર દ્વિધ્રુવ (આઈઓડી) એ એક આબોહવા ઘટના છે જે હિંદ મહાસાગરના બે ધ્રુવો (ઇન્ડોનેશિયા નજીક પૂર્વીય ધ્રુવ અને અરબી સમુદ્ર નજીક પશ્ચિમી ધ્રુવ) વચ્ચે સમુદ્ર સપાટીના તાપમાનમાં તફાવત દ્વારા વ્યાખ્યાયિત થાય છે. તે પણ તટસ્થ રહેતા કોઈ દિશાથી નૈર્ઋત્યના ચોમાસાને આગળ વધવામાં મદદ મળી નહીં. પાંચમું અને છેલ્લુ કડારણ એટલે બંગાળનો ઉપસાગર. ■

**કેતન અગરવાલ મર્ડર કેસ**

### પોલીસ સિયાને લોહગડ કિલ્લા પર લઈ ગઈ

# પૂતળાનો ઉપયોગ કરીને સીન રિક્રિયેટ કરાયો

પુણેઃ પુણેમાં ટ્રેકર અને રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન વિશાલ અગરવાલની હત્યાના કેસમાં ધરપકડ કરાયેલી વાગ્દત્તા સિયા ગોયલને પોલીસે રવિવારે સવારે લોહગડ કિલ્લા પર લઇ ગઇ હતી, જ્યાં કેતનના વજન બરાબરના પૂતળાનો ઉપયોગ કરીને ક્રાઇમ સીન રિક્રિયેટ કરવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૮ જૂને બનેલો ઘટનાક્રમ સ્થાપિત કરવાનું આ કવાયત પાછળનું લક્ષ્ય હતું. સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતન ચૌધરીએ કેતનને ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં ધકેલી દીધો હતો. રવિવારે સવારે ગુનાના સ્થળે સીન રીક્રિયેટ કરાયું હતું. સિયાને ઘટનાસ્થળે લઇ જવાઇ હતી. ડમી બોડી બનાવવામાં આવી હતી અને કેતનને ચોક્કસ કઇ રીતે ધક્કો માર્યો તે દર્શાવવા માટે સિયાને કહેવામાં આવ્યું હતું. સિયાએ ગુનાના સ્થળે પહોંચવા માટે લીધેલો માર્ગ પણ બતાવ્યો હતો. ચેતનને પણ સીન રિક્રિયેટ કરવા અલગથી કિલ્લા પર લઇ જવામાં આવશે, એમ પુણે ગ્રામીણ પોલીસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું હતું. લોહગડ કિલ્લા પરનો સિયાનો એક વીડિયો સામે આવ્યો છે. માસ્ક પહેરેલી સિયાને નીચે ઊતરતી વખતે શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. આથી તેણે મોઢા પરનો માસ્ક કાઢ્યો હતો અને થોડા સમયે માટે એક જગ્યાએ થોભીને જોરજોરથી શ્વાસ લેવા લાગી હતી. બાદમાં ફરી તેણે માસ્ક પહેર્યો હતો અને કિલ્લા પરથી નીચે ઊતરી હતી. કેતન અગરવાલની હત્યાનું કાવતરું ઘડવા અને તેને લોહગડ કિલ્લા પરથી ધક્કો મારવા બદલ સિયા અને ચેતનની ધરપકડ કરવામાં આવી છે. ■

## લોહગડ પરનો ઘટનાક્રમ

- પુણે ગ્રામીણ પોલીસ સવારે ૬.૩૦ વાગ્યે સિયાને લઇ કિલ્લા પર પહોંચી અને સીન રિક્રિયેટ કરવા કેતનના વજન બરાબરનું પૂતળું લાવવામાં આવ્યું હતું.
- ૧૮ જૂને કિલ્લા પર ૭૫ મિનિટમાં શું બન્યું હતું તે જાણવા માટે પૂતળાનો ઉપયોગ કરીને સીન રિક્રિયેશનની શરૂઆત કરાઇ.
- ઘટનાના દિવસે લોહગડ કિલ્લાની તળેટી પર સવારે ૯.૨૦ વાગ્યે કેતનની આલીશાન કાર અને પાછળથી આવેલા ચેતને તેનું ટૂ-વ્હીલર ક્યાં પાર્ક કર્યું હતું?
- સિયા અને કેતન કિલ્લા પર ૧૦.૦૫ વાગ્યે પહોંચ્યાં, બાદમાં તેમણે પંદરથી ૨૦ મિનિટ ક્યાં-ક્યાં ટ્રેકિંગ કર્યું? એ સમયે ચેતન તેમનો કેવી રીતે પીછો કરી રહ્યો હતો?
- ૧૦.૨૫ વાગ્યે ઘટનાસ્થળે આવ્યા બાદ કેતન અને સિયા વચ્ચે શું બન્યું? એ સમયે ચેતન ક્યાં છુપાયો હતો?
- ૧૦.૩૫ વાગ્યે કેતનને સિયા અને ચેતને કેવી રીતે ધક્કો માર્યો? એ જાણવા માટે કિલ્લા પરથી પૂતળાને ધકેલવાનું તેને કહેવામાં આવ્યું હતું. ■

## પ્રેમીના ખભે માથું રાખી મેચ જોતી હતી સિયા, કૅમેરા જોઇને ખસી ગઇ

પુણેઃ પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર કેતન અગરવાલની હત્યાના કેસની તપાસમાં દરરોજ નવી નવી વિગતો સામે આવી રહી છે. આ હત્યાકાંડની મુખ્ય આરોપી સિયા ગોયલ અને તેના પ્રેમી ચેતનનો નવો વીડિયો પોલીસને મળ્યો છે, જેમાં બંને જણ સ્ટેડિયમમાં સાથે બેસી ક્રિકેટ મેચ જોતા નજરે પડે છે. બંનેએ એક જ રંગની ટી-શર્ટ પહેરી હતી. ચેતનના ખભે માથું રાખી સિયા મેચ જોતી હતી, પણ લાઇવ કેમેરા સિયાની તરફ ફરતાં તે ખસી ગઇ હતી.

દરમિયાન પોલીસે સિયાનાં માતા-પિતા અને તેના ભાઇ સાહિલને પોલીસ સ્ટેશનમાં બોલાવ્યાં હતાં અને તેમની પૂછપરછ કરવામાં આવી હતી. પોલીસે શુક્રવારે સાહિલની આશરે ૧૦ કલાક સુધી પૂછપરછ કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર સિયા અને ચેતન વચ્ચેના સંબંધ, તેમની વચ્ચે થયેલી મુલાકાત અને હત્યાના કાવતરા અંગે સાહિલને પૂછવામાં આવ્યું હતું. સાહિલે દાવો કર્યો હતો કે સિયાએ અગાઉથી જણાવી દીધું હોત કે તેને કેતન પસંદ નથી તો પરિવારજનોએ તાત્કાલિક લગ્ન રદ કરી દીધા હોત. ■

# દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ-વે માલસામાન અને ટ્રાફિકની હેરફેરને ઝડપી બનાવશેઃ ફડણવીસ

પાલઘરઃ ભારત સરકાર દ્વારા લગભગ ૧ લાખ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવનાર ૧,૪૦૦ કિલોમીટર લાંબો, ૮-લેનનો ગ્રીનફિલ્ડ એક્સેસ-કંટ્રોલ્ડ એક્સપ્રેસવે, હરિયાણા, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રના પાંચ રાજ્યોને જોડશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે વિશ્વાસ વ્યક્ત કર્યો કે આ માર્ગ પૂર્ણ થયા પછી, દિલ્હી અને મુંબઈ વચ્ચેની મુસાફરી નોંધપાત્ર રીતે ઝડપી બનશે અને દેશના મુખ્ય ઔદ્યોગિક પટ્ટાઓ વચ્ચે જોડાણ વધુ કાર્યક્ષમ બનશે.

ફડણવીસે દેશના સૌથી મહત્ત્વાકાંક્ષી માળખાગત પ્રોજેક્ટ્સમાંના એક, દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે (વડોદરા-મુંબઈ સેક્શન) ના કામનું નિરીક્ષણ કર્યું અને પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી. સંબંધિત અધિકારીઓ સાથેની તેમની ચર્ચા દરમિયાન, તેમણે પ્રોજેક્ટને સમયસર પૂર્ણ કરવા અને ગુણવત્તાયુક્ત કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા સૂચનાઓ આપી.

આ પ્રોજેક્ટની ખાસ વાત એ છે કે તેનો જવાહરલાલ નહેરુ પોર્ટ ઓથોરિટી (JNPA) સાથે સીધો જોડાણ છે. આના કારણે, ઉત્તર ભારતમાંથી JNPA સુધી માલસામાનની અવરજવર ઝડપી, વધુ કાર્યક્ષમ અને ઓછી ખર્ચાળ બનશે, અને દેશની લોજિસ્ટિક્સ ચેઇન ખૂબ જ મજબૂત બનશે, એમ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું.

મહારાષ્ટ્રમાં વડોદરા-મુંબઈ સેક્શન લગભગ ૧૫૭ કિલોમીટર લાંબો છે, અને તેના પર લગભગ ૨૪,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવી રહ્યા છે. આ સેક્શનના પાંચ પેકેજ, જે સાત બાંધકામ પેકેજોમાં વિકસાવવામાં આવશે, પૂર્ણ થઈ ગયા છે અને ટ્રાફિક માટે તૈયાર છે, જ્યારે બાકીના બે પેકેજ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં પૂર્ણ થશે. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર રાજ્યમાંથી પસાર થતો, માર્ગ ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ સુધીમાં ટ્રાફિક માટે ખોલવાની યોજના છે.

આ માર્ગ ખુલ્યા પછી, વડોદરાથી મુંબઈ સુધીનો મુસાફરીનો સમય આઠ કલાકથી ઘટીને લગભગ ચાર કલાક થઈ જશે. આ મુસાફરોને ઝડપી, સલામત અને ટ્રાફિક જામ-મુક્ત મુસાફરીનો અનુભવ પ્રદાન કરશે અને વાણિજ્યિક ટ્રાફિકને પણ મોટો વેગ આપશે.

JNPA સુધી માલ પરિવહનની કાર્યક્ષમતામાં નોંધપાત્ર વધારો થશે. થાણે, ભિવંડી અને ઘોડબંદર રૂટ પર હાલના ટ્રાફિક જામને કારણે થતો સમય અને ઇંધણનો બગાડ ઓછો થશે અને માલ પરિવહન માટે ઝડપી અને વધુ વિશ્વસનીય વૈકલ્પિક માર્ગ ઉપલબ્ધ થશે. ■

# મુંબઈ ગેરકાયદે ફેરિયાઓના અતિક્રમણથી મુક્ત થશે

## રજિસ્ટર્ડ ફેરિયાઓને ક્યૂઆર કોડ સાથેનું આઈ-કાર્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈના મોટાભાગના રસ્તાઓ તથા ફેરિયાઓ પર ગેરકાયદે રીતે અંડિંગો જમાવી બેસનારા ફેરિયાઓના ત્રાસથી બહુ જલદી નાગરિકોને રાહત મળવાની શક્યતા છે. ગેરકાયદે ફેરિયાઓને રોકવા અને અધિકૃત વિક્રેતાઓને ઓળખવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ ટાઉન વેન્ડિંગ કમિટી (ટીવીસી) માટે ૨૦૧૪માં હાથ ધરાયેલા સર્વેક્ષણમાં ઓળખાયેલા રજિસ્ટર્ડ ફેરિયાઓને ક્વિક રિસ્પોન્સ (ક્યૂઆર) કોડ-સક્ષમ આઈડેન્ટીટી કાર્ડ આપવાનું શરૂ કર્યું છે. ઘાટકોપરમાં શનિવારે ૪,૯૭૧ રજિસ્ટર્ડ ફેરિયાઓને ક્યૂઆર કોડ-સક્ષમ ઓળખ કાર્ડ આપવામાં આવ્યા હતા.

મુંબઈ મહાનગરપાલિકા પાસે કાયદેસર રીતે કુલ ૯૯,૩૪૫ ફેરિયાઓ રજિસ્ટર્ડ થયા છે. પાલિકા તરફથી ક્યૂઆર કોડ-સક્ષમ ઓળખ કાર્ડ તેમને આપવામાં આવવાના છે. ફેરિયાઓને તેમની નોંધણીની વિગતો ચકાસવા માટે તેમના સંબંધિત વોર્ડ ઓફિસની મુલાકાત લેવાનું કહેવામાં આવ્યું છે, ત્યારબાદ તેમને આઈડેન્ટી કાર્ડ આપવામાં આવવાના હોવાનું પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું.

ફેરિયાઓના રજિસ્ટ્રેશનનું વેરીફિકેશન ડ્રાઈવ પાંચ જૂને શરૂ થઈ હતી અને ૧૫ જૂન સુધીમાં પૂર્ણ થવાની હતી, પરંતુ લગભગ બે અઠવાડિયાનો વિલંબ થયો હતો. આખરે ગુરુવારે આ ઝુંબેશ શરૂ થઈ હતી. એ બાદ મુંબઈના મેયરે પહેલા તબક્કામાં ૧૦૦ રજિસ્ટર્ડ ફેરિયાઓને ક્યૂઆર કોડ-સક્ષમ ઓળખ કાર્ડનું વિતરણ કર્યું હતું. વેરિફિકેશન પ્રક્રિયા દરમિયાન ઘણા રજિસ્ટર્ડ ફેરિયાઓ મુંબઈથી દૂર હોવાનું જાણવા મળ્યું હોવાથી આ કવાયત તેની સમયમર્યાદાને વટાવી ગઈ. શનિવારે પાલિકાએ વધુ ૪,૯૭૧ ક્યૂઆર કોડ-સક્ષમ ઓળખ કાર્ડ આપ્યા હતા. દાદરમાં સૌથી વધુ વેરિફાઈડ થયેલા ફેરિયાઓ હતા, ત્યારબાદ કોલાબા, ચર્ચગેટ અને ગોરેગાંવનો ક્રમ આવે છે. ક્યૂઆર કોડ-સક્ષમ ઓળખ કાર્ડ મેળવતા પહેલા, ફેરિયાઓએ તેમના સંબંધિત વોર્ડ ઓફિસમાં તેમની વ્યક્તિગત વિગતો, સર્વે નંબર, વેચાણ સ્થાન અને અધિકારક્ષેત્ર ચકાસવું જરૂરી છે. ■

# ૧૭ કરોડના ખર્ચે વધુ પાંચ એર ક્વૉલિટી મોનિટરિંગ સ્ટેશન સ્થાપવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં વધતા જતા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ અને રિડેવલપમેન્ટના કામને કારણે પ્રદૂષણનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે મુંબઈમાં હવાની ગુણવત્તા પર વધુ બારીકાઈથી નજર રાખવા માટે પાલિકા ૧૭ કરોડ રૂપિયાના ખર્ચે પાંચ વધારાના કન્ટિન્યુસ એમ્બિયન્ટ એર ક્વોલિટી મોનિટરિંગ સ્ટેશન (સીએએક્યૂએમએસ)ની સ્થાપના કરવાની છે. આ સ્ટેશનો મુખ્યત્વે વાયુ પ્રદૂષકોનું સતત નિરીક્ષણ કરશે. કલાક દીઠ હવાની ગુણવત્તાનું વિશ્લેષણ કરશે અને નાગરિકોને રીયલ ટાઈમ એર ક્વોલિટી ડેટા ઉપલબ્ધ કરાવશે. મુંબઈમાં હાલમાં ૨૮ સીએએક્યૂએમએસ છે, જેમાં મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી) દ્વારા સંચાલિત ૧૪ સ્ટેશન, નવ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપિકલ મિટીરીયોલોજી (આઈઆઈટીએમ)ના અને પાલિકાના પાંચ સ્ટેશનનો સમાવેશ થાય છે. આ બધા રેફરન્સ ગ્રેડ સ્ટેશનો છે, જે મોનિટરિંગ, માપાંકન અને ક્વોલિટી એસ્યોરન્સ અને ડેટા વેલિડેશન માટે સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ધોરણનું પાલન કરે છે. પાલિકા મુંબઈમાં પાંચ વધારાના સીએએક્યૂએમએસ સ્થાપશે, જે આસપાસની હવાની ગુણવત્તા અને એર ક્વોલિટી ઈન્ડેક્સ પર વાસ્તવિક સમયનો ડેટા પ્રદાન કરશે. નવા સ્ટેશનો એવા સ્થળોએ સ્થાપિત કરવામાં આવશે જે મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, પાલિકા અને સફર પ્રોજેક્ટના હાલના મોનિટરિંગ નેટવર્ક સાથે ઓવરલેપ થાય નહીં. પાલિકાના અધિકારીએ જણાવ્યું હતું કે ત્રણ વર્ષની વોરંટી અને પાંચ વર્ષની જાળવણી સહિત આ પ્રોજેક્ટનો ખર્ચ રૂ. ૧૭.૫૦ કરોડ થશે.

પાંચ નવા સીએએક્યૂએમએસ મુલુંડ (પૂર્વ) માં સી.ડી. દેશમુખ ગાર્ડન, વરલીમાં પ્રમોદ મહાજન પાર્ક, ગોરેગાંવ (પૂર્વ) માં છોટા કાશ્મીર ખાતે આરે ગાર્ડન, દહિસર (પૂર્વ) માં ડો. બાબાસાહેબ આંબેડકર મનોરંજન મેદાન અને ખાર (પશ્ચિમ) માં પાલિકાના આસિસ્ટન્ટ કમિશનરની ઓફિસમાં સ્થાપિત કરવામાં આવશે.

પાલિકાના જણાવ્યા મુજબ ઓટોમેટિક સ્ટેશનો હવા પ્રદૂષક સ્તરોને ટ્રેક કરવા ઉપરાંત તાપમાન, સંબંધિત ભેજ, પવનની ગતિ અને પવનની દિશા જેવા મુખ્ય હવામાન પરિમાણોનું નિરીક્ષણ કરશે. ■



**પેપરચોર, ગદ્દી છોડઃ** મુંબઈ યુવક કૉંગ્રેસ દ્વારા ટીઈટી પેપર ફૂટવા સામે મંત્રાલય સામે આંદોલન કરવામાં આવ્યું હતું. જ્યારે પેપર ચોર, ગદ્દી છોડ અને દાદા ભૂસે રાજીનામા દ્યાના સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. બધાને પાંચ મિનિટમાં પોલીસવેનમાં બેસાડીને લઈ ગઈ હતી. (અમય ખરાડે)

# બિઝનેસ બિટ્સ

## છ કંપનીનું માર્કેટ કેપ ₹ ૮૮,૬૭૮ કરોડ વધ્યું

મુંબઇઃ શેરબજારમાં ગયા સપ્તાહે ચાર સત્રના ટૂંકા ગાળામાં જોવા મળેલા સુધારાના દોર દરમિયાન ટોચની દસ સૌથી મૂલ્યવાન લિસ્ટેડ કંપનીઓમાંથી છ કંપનીઓનું સંયુક્ત બજાર મૂલ્યાંકન રૂ. ૮૮,૬૭૮.૧ કરોડ વધ્યું, જેમાં આઇસીઆઇસીઆઇ બેંક સૌથી મોટી વિજેતા તરીકે ઉભરી આવી હતી. પાછલા, બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૨૯૭.૫૭ પોઈન્ટ અથવા ૦.૩૮ ટકા વધ્યો, અને એનએસઇ નિફ્ટી ૪૨.૯ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા વધ્યો.

બજારોએ રજાના ટૂંકા ગાળાના સપ્તાહનો અંત સાધારણ વધારા સાથે કર્યો, ચારમાંથી ત્રણ ટ્રેડિંગ સત્રોમાં સુધારો થયો. ક્રૂડ ઓઇલના ભાવમાં ઘટાડો, પશ્ચિમ એશિયામાં ભૂ-રાજકીય વિકાસમાં સુધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ) દ્વારા પસંદગીયુક્ત ખરીદીને કારણે સેન્ટિમેન્ટ રચનાત્મક રહ્યું હોવાનું જાણીતી બ્રોકિંગ ફર્મના રિસર્ચ હેડએ જણાવ્યું હતું.

## એસઇઝેડ સંદર્ભે કોમર્સ મિનિસ્ટ્રીની બેઠક

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલયે ૩૦ જૂને હિતધારકોની બેઠક બોલાવી છે, એક અધિકારીએ જણાવ્યું હતું. આ બેઠક નિકાસ પ્રમોશન યોજનાઓ અને એસઇઝેડ સુધારાઓના સુમેળ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. આ બેઠકમાં નિકાસ પ્રમોશન યોજનાઓ અને એસઇઝેડ સુધારાઓના સુમેળ સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, એમ અધિકારીએ જણાવ્યું હતું. ચર્ચામાં જે મુદ્દાઓ પર ચર્ચા થવાની અપેક્ષા છે તેમાં એસઇઝેડ માટે ડોમેસ્ટિક ટેરિફ એરિયા (ડીટીએ) સેવાઓ માટે આઇએનઆર ચુકવણી; નિકાસ સાથે જોડાણ વિના ડીટીએ માટે આ ઝોનના એકમો દ્વારા જોબવર્ક, આયાત અવેજી, મુક્ત વેપાર વેરહાઉસિંગ ઝોનમાં સુધારા અને આ એન્ક્લેવમાં વ્યવસાય કરવાની સરળતાને વધુ પ્રોત્સાહન આપવાનો સમાવેશ થાય છે.

## એક્સપોર્ટ પ્રમોશન પર ટ્રેડ બોર્ડની બેઠક

નવી દિલ્હીઃ વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલની અધ્યક્ષતામાં વેપાર બોર્ડ તાજેતરના વેપાર કરારોનો લાભ લેવા અને દેશની નિકાસને વેગ આપવા માટેની વ્યૂહરચનાઓની ચર્ચા કરવા માટે ત્રીજી જુલાઈએ બેઠક યોજી રહ્યું છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. ટ્રેડ બોર્ડમાં વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોના સહભાગીઓ અને જાહેર અને ખાનગી ક્ષેત્રોના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે. બેઠકમાં, નિકાસ પ્રમોશન કાઉન્સિલના પ્રતિનિધિઓ, અન્ય સહભાગીઓ સાથે, નિકાસ ક્ષેત્ર પર તેમના મંતવ્યો રજૂ કરશે.

## રિસાઇક્લિંગ ઉદ્યોગ પર જીસીપીમાં પરિચર્ચા

મુંબઇઃ એશિયાની સૌથી મોટી રિસાઈકલિંગ અને સસ્ટેનેબિલિટી ઇવેન્ટ જીસીપીઆરએસ ૨૦૨૬માં પ્લાસ્ટિક રિસાઈકલિંગ અને સસ્ટેનેબિલિટી પર બીજી જુલાઇથી ત્રીજી વૈશ્વિક પરિષદ નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે યોજાશે. ભારતનો પ્લાસ્ટિક રિસાઈકલિંગ ઉદ્યોગ હાલમાં આશરે રૂ. ૩૦,૦૦૦ કરોડનું મૂલ્ય ધરાવે છે અને ૨૦૩૫ સુધીમાં રૂ. ૬૦,૦૦૦ કરોડ સુધી વધવાનો અંદાજ હોવાનું ભારતની સર્વોચ્ચ સંસ્થા ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિયેશને જણાવ્યું છે. એઆઈપીએમએની આ પરિષદને રસાયણો અને ખાતર મંત્રાલય, પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય, નીતિ આયોગ અને ગૃહનિર્માણ અને શહેરી બાબતોના મંત્રાલયના માર્ગદર્શન અને સમર્થન પ્રાપ્ત છે. ■

# હોર્મુઝમાં ફરી અજંપોઃ બજારની નજર ક્રૂડ ઓઇલ, ઓટો સેલ્સ અને યુએસ જોબ ડેટા પર

**શેર બજાર**
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ ઇક્વિટી માર્કેટમાં પાછલા સપ્તાહે જે રાહત જોવા મળી તે હોર્મુઝ સ્ટ્રેઇટમાં શાંતિના પુનઃસ્થાપનના અશાવાદને આધિન રહી હતી. હવે અમેરિકા અને ઇરાનના પરસ્પર હુમલા શરૂ થવાને કારણે ફરી ગભરાટનો માહોલ રહ્યો છે. જોકે સાથે શાંતિ મંત્રણા પણ ચાલુ રહી હોવાથી એક આશાવદ પણ છે. આ સપ્તાહે યુએસ-ઈરાન તણાવ, ક્રૂડ ઓઈલના ભાવ, ઓટો વેચાણ આંકડો, યુએસ જોબ ડેટા બજારને દોરનાર મુખ્ય પરિબળોમાં શામેલ છે. અલબત્ત એ જ સાથે ફોરેક્સ માર્કેટમાં રૂપિયાની વધઘટ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોના વલણ પર પણ બજારની નજર રહેશે. ટેક્નિકલ નિષ્ણાતો અનુસાર નિફ્ટીમાં ૨૪,૨૦૦ પોઇન્ટની સપાટી મુખ્ય પ્રતિકાર તરીકે કામ કરશે અને ૨૩,૬૫૦ પોઇન્ટની સપાટી તાત્કાલિક સપોર્ટ તરીકે કામ કરશે. આ સપ્તાહે બજારની દિશા જૂનના ઓટો સેલ્સ, યુએસ લેબર ડેટા, ક્રૂડ ઓઈલના ભાવ અને યુએસ-ઈરાન તણાવની આસપાસના વિકાસ દ્વારા નિશ્ચિત થશે.

હોર્મુઝ સ્ટ્રેઇટને મામલે ઇરાન અને અમેરિકાના પરસ્પર હુમલા અને ગંભીક આક્રમણની ધમકીઓ ચાલુ છે, પરંતુ જ સાથે સારી બાબત એ છે કે બંને દેશ વચ્ચે શાંતિ મંત્રણા પણ ચાલુ છે. એ પણ નોંધવું રહ્યું કે એફઆઇઆઇ આ મહિને પણ નેટ સેલર્સ રહ્યા છે, કેશ માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ રૂ. ૪૫,૦૦૦ કરોડથી વધુ મૂલ્યના ઇક્વિટી શેર વેચ્યા છે. શેરબજારમાં પાછલા સપ્તાહે શુક્રવારે મોહર્રમની રજાને કારણે ચાર સત્ર રહ્યા હતા અને બેન્ચમાર્કે સપ્તાહનો અંત પોઝિટિવ નોટ સાથે આપ્યો હતો. નિફ્ટીએ અઠવાડિયા દરમિયાન ૨૪,૦૦૦ની સપાટી પુનઃહાંસલ કરી હતી. ભૂ-રાજકીય ચિંતાઓ હળવી કરવા અને ક્રૂડ ઓઈલના ભાવ હળવી કરવાથી રિસ્ક-ઓન સેન્ટિમેન્ટમાં વધારો થયો તેની પૃષ્ઠભૂમિ પર આ આવ્યું છે.

સેન્સેક્સ અને નિફ્ટી ૦.૯ ટકા સુધી આગળ વધ્યા હતા. સેન્સેક્સ ૧૦૯.૨૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૭૭,૧૦૦.૪૭ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૪.૩૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૪,૦૫૬ પોઇન્ટ પર બંધ થયો હતો. આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડના ભાવ ઘટવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટને વેગ મળ્યો હતો. એક અઠવાડિયામાં વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ આઠ ટકાથી વધુ ઘટ્યા છે, જે સત્ર દરમિયાન યુદ્ધ પહેલાના સ્તર ૭૨ ડોલરની નજીક પહોંચી ગયા છે, કારણ કે રોકાણકારોએ યુએસ-ઈરાન સંઘર્ષના નજીકના અંતના આશાવાદ અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા દરિયાઈ વેપારમાં વધારો થવાના અહેવાલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જોકે, નિષ્ણાતો અનુસાર ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાએ રૂપિયાને ટેકો આપ્યો હતો અને થોડી રાહત આપી હતી, પરંતુ તે ઉપરની ગતિ જાળવી રાખવા માટે અપર્યાપ્ત છે.

જોકે, વ્યાપક બજારોએ બે અઠવાડિયાની ગતિ થોભાવી અને સપ્તાહનો અંત નકારાત્મક નોંધ પર કર્યો. નિફ્ટી મિડકેપ ૧૫૦ ૦.૯ ટકા ઘટીને ૨૨,૭૫૧ પોઇન્ટની સપાટી પર બંધ થયો. સ્મોલકેપ ૨૫૦ ઇન્ડેક્સ ૧૭,૭૦૪ પોઇન્ટની સપાટી પર ફ્લેટ બંધ થયો. ક્ષેત્રીય કાર્યવાહી પણ પસંદગીયુક્ત હતી. ફાર્મા ઇન્ડેક્સ ૨.૮ ટકા, પર્યટન બેન્ચમાર્ક ૨.૭ ટકા અને ખાનગી બેંક ઇન્ડેક્સ ૧.૦ ટકા વધ્યો હતો. જ્યારે મેટલ્સ ઇન્ડેક્સમાં ૪.૩ ટકા, આઇટી ઇન્ડેક્સમાં ૪.૦ ટકા અને સીપીએસઇ ઇન્ડેક્સ ૩.૨ ટકા ગબડ્યો હતો. દરમિયાન, બજારો નવા સપ્તાહમાં પ્રવેશતા જ, રોકાણકારો ક્રૂડમાં ઘટાડો ટકી રહે છે કે કેમ તેના પર નજર રાખશે. ગયા અઠવાડિયે મેટલ શેરો દબાણ હેઠળ આવ્યા હતા, નિફ્ટી મેટલ ઇન્ડેક્સ સતત ત્રણ સત્રો માટે ઘટ્યો હતો અને લગભગ પાંચ ટકા ઘટ્યો હતો. આ ક્ષેત્રમાં મજબૂત દોડને પગલે આ કરેક્શન જોવા મળ્યું છે, જેમાં જૂનના પ્રોફિટ બુકિંગ પહેલા ૨૦૨૬માં નિફ્ટી મેટલ ઇન્ડેક્સમાં અત્યાર સુધીમાં ૨૦ ટકાથી વધુનો વધારો થયો છે. મજબૂત યુએસ ડોલર અને યુએસ ફેડરલ રિઝર્વના આક્રમક વલણની અપેક્ષાઓએ સેન્ટિમેન્ટ પર ભાર મૂક્યો હતો.

આ સપ્તાહ માટે, રોકાણકારોએ યુએસ ડોલરની દિશા, ફેડરલના રેટ પાથની આસપાસ વિકસિત અપેક્ષાઓ અને એલએમઇ બેઝ-મેટલના ભાવની ગતિવિધિઓ પર ચાંપતી નજર રાખશે. આ પૃષ્ઠભૂમિ સામે, વેદાંત ૧૦.૬૦ ટકા, નેશનલ એલ્યુમિનિયમ ૯.૭ ટકા અને હિન્દુસ્તાન ઝિંક ૯.૩ ટકાના શેર સૌથી વધુ ગુમાવનારા શેરની યાદીમાં હતા. આ સપ્તાહની/મુખ્ય ઘટનાઓમાં વૈશ્વિક બજારો ગુરુવારે યોજાનાર યુ.એસ. જોબ્સ રિપોર્ટ પર ધ્યાન કેન્દ્રિત કરશે. બજારો અપેક્ષા રાખે છે કે જૂનમાં નોન-ફાર્મ પેરોલ્સનો આંકડો ૧,૧૩,૦૦૦ વધશે, જે મે મહિનામાં ૧,૭૨,૦૦૦ હતો, જ્યારે બેરોજગારી દર ૪.૩ ટકા પર યથાવત રહેશે. સ્થાનિક મોરચે, રોકાણકારો માગની સ્થિતિ અને ખાનગી ક્ષેત્રની પ્રવૃત્તિ પર અપડેટ માટે ઉત્પાદન અને સેવાઓના પીએમઆઇ રીડિંગ્સ પર નજર રાખશે. વધુમાં, જૂન માસિક ઓટોમોબાઈલ વેચાણ પણ ઓટો ક્ષેત્રને ધ્યાન કેન્દ્રિત રાખશે.

હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા પુરવઠામાં વિક્ષેપની ચિંતાઓ ઓછી થતી રહી હોવાથી સતત ત્રીજા સપ્તાહે ક્રૂડ ઓઇલના ભાવમાં વધુ ઘટાડો થયો. ક્રૂડ ઓઈલમાં ઘટાડાથી ફુગાવાની ચિંતાઓ ઓછી કરવામાં મદદ મળી છે અને તેલ આયાત કરતા અર્થતંત્રો પ્રત્યેના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો છે. જોકે, મધ્ય પૂર્વમાં થયેલા વિકાસ પ્રત્યે ભાવ સંવેદનશીલ રહ્યા છે. અઠવાડિયા માટે, બ્રેન્ટ ક્રૂડ અને ડબલ્યુટીઆઇ બંને આઠ ટકાથી વધુ ઘટીને અનુક્રમે ૭૩.૬ પ્રતિ બેરલ અને ૭૧.૪ પ્રતિ બેરલ બોલાયા છે. વિદેશી રોકાણકારોની વેચવાલી ચાલુ રહી હતી. જૂનમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારો વેચાણ તરફી રહ્યા, કેશ માર્કેટમાં લગભગ રૂ. ૪૫,૦૦૦ કરોડના મૂલ્યના વેચાણ સાથે. આ ચોખ્ખી વેચવાલીનો સતત ચોથો મહિનો છે અને એફઆઇઆઇ બહાર નીકળવાના પ્રવાહને અનુસરે છે. દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ જૂનમાં લગભગ રૂ. ૭૬,૦૦૦ કરોડની ચોખ્ખી ખરીદી સાથે વેચાણ દબાણને શોષી લેવાનું ચાલુ રાખ્યું છે. ■

# યુએસ ડોલર અને ઈરાન કટોકટી વચ્ચે સોનાચાંદીની કસોટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ હોર્મુઝ સ્ટ્રેઇટ પર ફરીથી મિસાઇલ હુમલા શરૂ થઇ ગયા હોવાથી રોકાણકારો યુએસ અને ઈરાન વચ્ચે શરૂ થયેલી નવી દુશ્મનાવટ, ક્રૂડ ઓઈલના ભાવમાં થઇ રહેલી વધઘટ અને મેક્રોઈકોનોમિક ડેટાના પ્રવાહની અસરનું મૂલ્યાંકન કરી રહ્યા હોવાથી આ સપ્તાહે સોના અને ચાંદી પર દબાણ રહેવાની શક્યતા માર્કેટ એનાલિસ્ટ દર્શાવી રહ્યા છે. બજારના સહભાગીઓ ફેડરલ રિઝર્વની નાણાકીય નીતિના નવા સંકેતો માટે મુખ્ય અર્થતંત્રોમાંથી ઉત્પાદન અને સેવાઓના પીએમઆઇ, યુરોઝોનમાંથી ફુગાવાના ડેટા અને યુએસ નોનફાર્મ પેરોલ અને બેરોજગારીના આંકડા પર ઝીણવટભરી નજર રાખશે. લશ્કરી સંઘર્ષમાં તીવ્ર વધારો થયા પછી યુએસ-ઈરાન વાટાઘાટો અટકી ગયા પછી ભૌગોલિક રાજકીય વિકાસ પણ ફોકસમાં રહેવાની અપેક્ષા હોવાનું વિશ્લેષકોએ જણાવ્યુ હતુ.

તેમણે ઉમેર્યું હતું કે લશ્કરી સંઘર્ષમાં તીવ્ર વધારો થયા પછી યુએસ-ઈરાન વાટાઘાટો અટકી ગયા પછી ભૌગોલિક રાજકીય વિકાસ પણ ધ્યાન કેન્દ્રિત રહેવાની અપેક્ષા છે. ૨૯ જાન્યુઆરીથી ૨૫ ટકાથી વધુ ઘટાડા પછી ઇન્વેસ્ટમેન્ટ બેન્કર્સ અને રેટિંગ એજન્સીઓએ સોનાના અંદાજને ઘટાડ્યો છે. માર્કેટ એનાલિસ્ટ જણાવે છે કે, સોના અને ચાંદીના ભાવ માટે, ગતિ હજુ પણ ઘટાડાતરફી અને કરેક્શન તરફી દેખાઇ રહી છે.

વિદેશી બજારોમાં, કોમેક્સ ગોલ્ડ ફ્યુચર્સ ગયા સપ્તાહ દરમિયાન ૧૪૯.૬ અથવા ૩.૫ ટકા ઘટીને ૪,૦૯૬.૩ ડોલર પ્રતિ ઔંસ પર બંધ થયા હતા, જ્યારે ચાંદી ૭.૧૩ અથવા ૧૦.૭ ટકા ઘટીને ૫૯.૬૭ ડોલર પ્રતિ ઔંસ પર બંધ થઈ હતી. યુએસ પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર્સ ડેટા દર્શાવે છે કે ફુગાવો પાછલા મહિના કરતા ધીમી ગતિએ વધ્યો છે ત્યારબાદ શુક્રવારે સોનું સોનું સાધારણ રીતે સુધર્યું હતું. ■

# દેશના ઔદ્યોગિક વિકાસમાં કેપિટલ માર્કેટ મુખ્ય કેટલિસ્ટ

મુંબઈઃ ભારતના ઉદ્યોગસાહસિક વિકાસગાથામાં મૂડી બજારો મુખ્ય કેટલિસ્ટ ગણાવતા, નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઇ)ના એમડી અને સીઇઓ આશિષ ચૌહાણે સ્ટાર્ટઅપ્સ અને એમએસએમઇને વિકાસ સાધવા માટે જાહેર લિસ્ટિંગને વ્યૂહાત્મક સાધન તરીકે ધ્યાનમાં લેવા અપીલ કરી હતી. એનએસઇ ખાતે જિતો ઇન્ક્યુબેશન એન્ડ ઇનોવેશન ફાઉન્ડેશન (જેઆઇઆઇએફ)ના સ્થાપના દિનના કાર્યક્રમમાં બોલતા, તેમણે કહ્યું, સ્થાપકોએ ટૂંકા ગાળાના શેરના ભાવની હિલચાલથી વિચલિત થવાને બદલે નફાકારક, ટકાઉ વ્યવસાયો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કમ્પાઉન્ડિંગ ભારતઃ ઇનોવેશન મલ્ટિપ્લાઇડ બાય એન્ટરપ્રેન્યોરશિપ થીમ આધારિત કાર્યક્રમમાં ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને સ્ટાર્ટઅપ સ્થાપકોને સંબોધતા, તેમણે કહ્યું, જાહેર બજારો વૃદ્ધિ મૂડી પૂરી પાડે છે, શાસન ધોરણોમાં સુધારો કરે છે, વિશ્વસનિયતા વધારે છે અને કંપનીઓને ટોચની પ્રતિભાને આકર્ષવામાં મદદ કરે છે.

# શું જાહેરક્ષેત્રની કંપની ભેલ અને સેઇલ મહારત્ન દરજ્જો ગુમાવશે?

નવી દિલ્હી : મહારત્ન દરજ્જા માટે જરૂરી નફાકારકતાના માપદંડને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેવા બદલ કેન્દ્ર દ્વારા પીએસયુ સાહસો ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ) અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (સેઈલ)ને એક વર્ષના સમીક્ષા સમયગાળા હેઠળ મૂકવામાં આવી છે. જો આ સમીક્ષા સમયગાળા દરમિયાન કંપનીઓ નાણાકીય કામગીરીમાં સુધારો નહીં થાય, તો બે જાહેર ક્ષેત્રના ઉપક્રમો (પીએસયુ)ને નવરત્ન દરજ્જામાંથી ડાઉનગ્રેડ કરી શકાય છે, જેનાથી તેમના બોર્ડને હાલમાં ઉપલબ્ધ સ્વાયત્તતામાં ઘટાડો થઈ શકે છે.

ભારતના ૧૪ મહારત્ન કંપનીઓમાં ભેલ અને સેઈલ એકમાત્ર બે કંપનીઓ છે, જે પાછલા ત્રણ વર્ષ દરમિયાન રૂ.૫૦૦૦ કરોડથી વધુનો સરેરાશ વાર્ષિક કરવેરા બાદનો નફો (ચોખ્ખો નફો) જાળવવાની જરૂરિયાને પૂર્ણ કરતી નથી. મહારત્ન તરીકે પાત્ર બનવા માટે, કેન્દ્રિય જાહેર ક્ષેત્રના સાહસ (સીપીએસઈ) પાસે રૂ.૨૫,૦૦૦ કરોડથી વધુનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર, પાછલા ત્રણ વર્ષમાં રૂ.૧૫,૦૦૦ કરોડથી વધુ નેટવર્થ અને નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય હાજરી હોવી આવશ્યક છે.

જો ડાઉનગ્રેડ કરાશે તો આ કંપનીઓની નફાશક્તિમાં ઘટાડો થઈ શકે છે. મહારત્ન કંપનીઓ સરકારની પૂર્વ મંજૂરી વિના રૂ.૫૦૦૦ કરોડ સુધી ઈક્વિટી રોકાણ કરી શકે છે, જ્યારે નવરત્ન કંપનીઓ માટે મર્યાદા રૂ.૧૦૦૦ કરોડની છે. સીપીએસઈની વ્યાપક સમીક્ષાના ભાગરૂપે કેબિનેટ સચિવ ટીવી સોમનાથનની આગેવાની હેઠળની સમિતિ દ્વારા ભલામણ કરવામાં આવી હતી, એમ અહેવામાં ઉમેરવામાં આવ્યું છે.

પેનલે મહારત્ન માળખાની સમીક્ષા કરી અને કડક નાણાકીય અને શાસન ધોરણોની ભલામણ કરી, જેમાં નિર્ધારિત માપદંડોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેતી કંપનીઓ પાસેથી રત્નનો દરજ્જો પાછો ખેંચવાની જોગવાઈઓનો સમાવેશ થાય છે. ભેલ અને સેઈલની દેખરેખ રાખતા મંત્રાલયોને નફાકારકતા અને એકંદર નાણાકીય કામગીરીમાં સુધારો કરવા માટે ટર્નઅરાઉન્ડ યોજનાઓ સબમિટ કરવા કહેવામાં આવ્યું છે.

રિપોર્ટ મુજબ, સમીક્ષાએ મહારત્ન પાત્રતા માળખાની વ્યાપક તપાસને પણ પ્રોત્સાહન આપ્યું છે. નીતિ આયોગના પ્રતિનિધિઓએ સમિતિને જણાવ્યું હતું કે, ટર્નઓવર, નેટવર્થ અને નફાકારકતા મર્યાદા ૨૦૧૦માં નક્કી કરવામાં આવી હતી અને વર્તમાન બજાર પરિસ્થિતિઓને પ્રતિબિંબિત કરવા માટે તેમાં સુધારો કરવામાં આવ્યો નથી.

સમિતિએ જાહેર સાહસોના વિભાગ (ડીપીઈ)ને ૨૦૨૫ના ભાવો સાથે ઈન્ડેક્સ કરીને પાત્રતા માપદંડોની સમીક્ષા કરવા જણાવ્યું છે, ત્યારબાદ તમામ સીપીએસઈનું સુધારેલા માળખા હેઠળ ફરીથી મૂલ્યાંકન કરી શકાય છે.

સમીક્ષા દરમિયાન, સ્ટીલ મંત્રાલયે સમિતિને જાણ કરી છે કે, છેલ્લા ચાર વર્ષમાં સેઈલનું સરેરાશ વાર્ષિક ટર્નઓવર રૂ.એક ટ્રિલિયનને વટાવી ગયું છે, જ્યારે તેની સરેરાશ નેટવર્થ રૂ.૫૩,૯૭૬ કરોડ હતી. જો કે, કંપનીએ છેલ્લે ૨૦૨૨-૨૩માં ત્રણ વર્ષની સરેરાશ ચોખ્ખા નફાની થ્રેસોલ્ડ પૂર્ણ કરી હતી.

ભેલના કિસ્સામાં, નીતિ આયોગે માનવ સંશાધન નીતિઓને વૃદ્ધિમાં મુખ્ય અવરોધ તરીકે ચિહ્નિત કરી છે અને તેની વ્યાપક સમીક્ષા કરવાની હાકલ કરી છે. ભારે ઉદ્યોગ મંત્રાલયે પેનલને જણાવ્યું હતું કે, કંપનીની નાણાકીય કામગીરીને સુધારવા માટે એક યોજના પહેલેથી જ બનાવવામાં આવી છે.

મહારત્ન અને નવરત્ન એ ભારત સરકાર દ્વારા ઉચ્ચ પ્રદર્શન-કામગીરી કરતી સીપીએસઈઝને આપવામાં આવતી કેટેગરી છે, જે તેમને નાણાકીય અને કાર્યકારી સ્વાયત્તતાની વિવિધ ડિગ્રી આપે છે. મહારત્ન એ સીપીએસઈઝની સર્વોચ્ચ શ્રેણી છે અને રોકાણના નિર્ણયો, સંયુક્ત સાહસો, સંપાદન અને વિદેશી વિસ્તરણમાં વધુ સ્વતંત્રતા પ્રદાન કરે છે. ભારતની ૧૪ મહારત્ન કંપનીમાં ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (ભેલ), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (બીપીસીએલ), કોલ ઈન્ડિયા લિમિટેડ (સીઆઈએલ), ગેઈલ ઈન્ડિયા લિમિટેડ, હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (એચએએલ), હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ), ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (આઈઓસીએલ), એનટીપીસી લિમિટેડ, ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી), ઓઈલ ઈન્ડિયા લિમિટેડ (ઓઆઈએલ), પાવર ફાઈનાન્સ કોર્પોરેશન (પીએફસી), આરઈસી લિમિટેડ, પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (પીજીસીઆઈએલ) અને સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (સેઈલ)નો સમાવેશ છે. ■

# માર્કેટ કેપમાં ₹ ૨.૩૭ લાખ કરોડનો ઘટાડો

મુંબઇઃ શેરબજારમાં પાછલા સપ્તાહે રાહત મળી હોવા છતાં સાપ્તાહિક ધોરણે માર્કેટ કેપમાં રૂ.૨.૩૭ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. ખાસ કરીને રિયલ્ટી, ઓટો અને બેન્ક શેરો સૌથી અધિક વધ્યા હતા. સંસ્થાઓની રૂ.૧૨,૭૪૨.૬૮ કરોડની ચોખ્ખી લેવાલી નોંધાઇ હતી. શુક્રવાર, ૨૬ જૂન, ૨૦૨૬એ મોહર્રમ નિમિત્તે ટ્રેડિંગ હોલિડે હોઈ ગુરુવાર તા.૨૫ જૂન, ૨૦૨૬એ સમાપ્ત થયેલા કારોબારી સપ્તાહમાં બીએસઈ સેન્સેક્સ આગલા સપ્તાહના ૭૬,૮૦૨.૯૦ના બંધથી ૨૯૭.૫૭ પોઈન્ટ્સ (૦.૩૯ ટકા) વધ્યો હતો.

સોમવાર, ૧૨ જૂનના રોજ સેન્સેક્સ ૭૭,૧૬૦.૬૭ ખૂલી મંગળવાર, ૨૩ જૂનના રોજ નીચામાં ૭૬,૦૮૨.૫૧ સુધી, જ્યારે ગુરુવાર, ૨૫ જૂન, ૨૦૨૬ના રોજ ઊંચામાં ૭૭,૮૦૩.૧૮ સુધી જઈ ૭૭,૧૦૦.૪૭ બંધ રહ્યો હતો. એક્સચેન્જ પર સપ્તાહના અંતે માર્કેટ કેપિટલાઇઝેશન રૂ.૪૭૫.૧૬ લાખ કરોડ રહ્યું, જે અગાઉના સપ્તાહે રૂ.૪૭૭.૫૩ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ.૨.૩૭ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. સપ્તાહ દરમિયાન બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ ૧૦૦ ઈન્ડેક્સ ૦.૧૩ ટકા વધ્યો હતો, જ્યારે બીએસઈ ૨૦૦ ઈન્ડેક્સ ૦.૦૯ ટકા અને બીએસઈ ૫૦૦ ઈન્ડેક્સ ૦.૧૧ ટકા ઘટ્યા હતા. એસએમઈ આઈપીઓ ૧.૯૨ ટકા વધ્યો અને બીએસઈ આઈપીઓ ૦.૯૬ ટકા ઘટ્યો હતો.

ઈન્ડિગો ૭.૮૧ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૩.૩૭ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૯૬ ટકા, મારુતિ ૨.૫૪ ટકા અને કોટક બેન્ક ૨.૪૭ ટકા વધ્યો હતો. જ્યારે સૌથી વધુ ઘટનારા શેરોમાં ટાટા સ્ટીલ ૫.૪૧ ટકા, બીઈએલ પાંચ ટકા, એનટીપીસી ૩.૮૬ ટકા, ઈટર્નલ ૩.૫૧ ટકા અને એશિયન પેઈન્ટ ૩.૩૨ ટકા ગબડ્યો હતો. કોર્પોરેટ હલચલમાં લકઝરી વૉચ બ્રાન્ડમાં અગ્રણી જયપુર વોચ કંપનીએ વિસ્તરણ યોજનાના ભાગરૂપે મહારાષ્ટ્રમાં મુંબઇ ખાતે ત્રીજો આઉટલેટ શરૂ કર્યો છે. કંપનીએ ઐતિહાસિક સિક્કા, વિન્ટેજ પોસ્ટેજ સ્ટેમ્પ, લઘુચિત્રો અને ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના અન્ય તત્વોને સમાવિષ્ટ કરતી વિશિષ્ટ ઘડિયાળો બનાવવા માટે માન્યતા મેળવી છે. કંપનીના મુંબઈ, દિલ્હી, બેંગલુરુ, અમદાવાદ, સુરત અને ઇન્દોર સહિત સમગ્ર ભારતમાં નેટવર્ક ધરાવે છે અને આગામી સમયમાં વધુ પાંચ આઉટલેટની યોજના છે. એસએમઈ આઈપીઓ ૧.૯૨ ટકા વધ્યો અને બીએસઈ આઈપીઓ ૦.૯૬ ટકા ઘટ્યો હતો.

સેક્ટરલ ઈન્ડેક્સમાં સપ્તાહ દરમિયાન બીએસઈ રિયલ્ટી ૧.૭૩ ટકા, ઓટો ૧.૭ ટકા, ટોપ ૧૦ બેન્ક્સ ૧.૬૫ ટકા, હેલ્થકેર ૧.૫ ટકા અને બેન્કેક્સ ૦.૮૧ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૪.૭૨ ટકા, કેપિટલ ગુડ્સ ૩.૧૯ ટકા, પાવર ૨.૯૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૨.૭૮ ટકા, પીએસયુ અને ટેક ૧.૭૮ ટકા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ૦.૮૮ ટકા, આઈટી ૦.૬૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૬૪ ટકા અને એફએમસીજી ૦.૩૯ ટકા ઘટ્યા હતા. બીએસઈ ૧૦૦માં ૪૬ કંપનીઓ વધી અને ૫૪ કંપનીઓ ઘટી અને ૦ સ્થિર રહી. બીએસઈ ૨૦૦માં ૭૯ કંપનીઓ વધી અને ૧૨૧ કંપનીઓ ઘટી અને એક સ્થિર રહી હતી. બીએસઈ ૩૦માં ૧૫ કંપનીઓ વધી અને ૧૫ કંપનીઓ ઘટી. બીએસઈ ૫૦૦માં ૨૦૩ કંપનીઓ વધી, ૨૯૫ કંપનીઓ ઘટી અને બે સ્થિર રહી હતી.

ગ્રુપ અનુસાર વધઘટમાં એ ગ્રુપની ૭૨૦ કંપનીઓમાંથી ૨૮૯ વધી હતી, ૪૨૮ ઘટી અને ત્રણ સ્થિર રહી હતી. બી ગ્રુપની ૧૪૯૬ કંપનીઓમાંથી ૫૭૯ વધી, ૯૦૮ ઘટી અને ૯ યથાવત રહી હતી. સપ્તાહ દરમિયાન બી ગ્રુપની ૧૨ કંપનીઓને નીચલી તેમ જ ૨૧ કંપનીઓને ઉપલી સર્કીટ લાગી હતી. બીએસઈ અને એનએસઈ પર સંયુક્ત રીતે ઘરેલુ સંસ્થાગત રોકાણકારોએ રૂ.૯૪,૩૯૩.૩૫ કરોડની ખરીદી અને રૂ.૮૪,૪૫૨.૦૫ કરોડનું વેચાણ કર્યું, જેના પરિણામે રૂ.૯,૯૪૧.૩૦ કરોડની નેટ લેવાલી નોંધાઈ હતી. વિદેશી સંસ્થાગત રોકાણકારોએ રૂ.૯૨,૬૫૩.૭૮ કરોડની ખરીદી સામે રૂ.૮૯,૮૭૨.૪૦ કરોડનું વેચાણ કર્યું, જેથી રૂ.૨,૭૮૧.૩૮ કરોડની નેટ લેવાલી નોંધાઈ હતી. ■

# ઈજનેરી ગુડઝની નિકાસ ૧૨.૩૧ અબજ ડોલરની વિક્રમી સપાટીએ

મુંબઈ : ભારતની એન્જિનિયરીંગ ગુડ્ઝની નિકાસો મે ૨૦૨૬ મહિનામાં રેકોર્ડ ૧૨.૩૧ અબજ ડોલરની નોંધાઈ છે. પશ્ચિમ એશિયામાં જીઓપોલિટીકલ ટેન્શન અને ઘર્ષણથી અવરોધો ઊભા થવા છતાં સૌથી વધુ નિકાસ નોંધાઈ છે. એન્જિનિયરીંગ નિકાસો મે ૨૦૨૫ મહિનાના ૯.૮૯ અબજ ડોલરની તુલનાએ આ વખતે ૨૪.૪૮ ટકા વધી છે.

આ નિકાસનો હિસ્સો ભારતની કુલ મર્ચન્ડાઈઝ નિકાસોમાં ૨૭.૨ ટકા જેટલો રહ્યો હોવાના સરકારના ત્વિરત અંદાજોના આધાર પર જોવાયું છે. એન્જિનિયરીંગ નિકાસોમાં સૌથી મોટું શિપમેન્ટ ઈલેક્ટ્રિક મશીનરી અને ઈક્વિપમેન્ટ, શિપ અને બોટ્સ, મોટર સાઈકલ અને આર્યન અને સ્ટીલ પ્રોડક્ટસમાં વૃદ્ધિ થકી જોવાયું છે.

મહિના દરમિયાન ૩૪ એન્જિનિયરીંગ પ્રોડક્ટસ પેનલો પૈકી ૨૮થી વધુમાં નિકાસ વૃદ્ધિ નોંધાઈ છે. આ ક્ષેત્રની વૃદ્ધિ વૈશ્વિક બજારોમાં તેની સ્થિતિસ્થાપકતા અને વધતી જતી સ્પર્ધાત્મકતાને પ્રતિબિંબિત કરે છે. આ સાથે વૈશ્વિક કંપનીઓ પણ હવે સપ્લાય માટે કોઈ એક દેશ ચીન પર વધુ પડતાં નિર્ભર રહેવાને બદલે અન્ય દેશોનો વિકલ્પ અપનાવતી થઈ છે, જેને પરિણામે ભારતીય એન્જિનિયરીંગ કંપનીઓ માટે નવી તકો ઊભરી રહી છે.

ભારતીય નિકાસકારોએ આ તકોનો લાભ લેવા માટે સ્કેલ, ઉત્પાદન ગુણવત્તા, લોજિસ્ટિક્સ અને ગંતવ્ય-દેશના ધોરણોનું પાલન સુધારવાની જરૂર પડશે. આ સંદર્ભમાં ઝડપી નીતિ રાહત, સસ્તું વ્યાપારી ધિરાણ અને મજબૂત જોખમ સુરક્ષાના સંદર્ભમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયનો ટેકો પણ ખૂબ જ મહત્વપૂર્ણ રહેશે.

એકંદરે, ભારતની એન્જિનિયરીંગ નિકાસ સ્ટોરી સાવચેત આશાવાદની છે. ઉદ્યોગને ખાતરી છે કે, સરકારના યોગ્ય માર્ગદર્શનથી, ૨૦૩૦ સુધીમાં ૨૫૦ અબજ ડોલરની નિકાસના અપેક્ષિત લક્ષ્યાંકને પ્રાપ્ત કરી શકાશે.

નાણાકીય વર્ષ ૨૦૨૭ના પ્રથમ બે મહિનામાં એન્જિનિયરીંગ નિકાસ ૨૨.૬૬ અબજ ડોલરની રહી, જે પાછલા નાણાકીય વર્ષના સમાનગાળામાં ૧૯.૪૧ અબજ ડોલરની રહી હતી. ■

# ભારતની ક્રૂડ તેલ વેપાર ખાધ નવા ઉચ્ચ સ્તરે પહોંચે તેવી વકીઃ ક્રિસિલ

મુંબઇઃ રેટિંગ એજન્સી ક્રિસિલની ચેતવણી મુજબ, ભારતની ક્રૂડ તેલ વેપાર ખાધ નાણાકીય વર્ષ ૨૦૨૭માં અભૂતપૂર્વ સ્તરે પહોંચવાનો અંદાજ છે, જે ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, રિફાઇન્ડ પ્રોડક્ટ નિકાસમાં સ્થિરતા અને આયાતી પેટ્રોલિયમ પર દેશની નિર્ભરતાના ઝેરી સંયોજનને કારણે છે.

અહેવાલમાં જણાવ્યા મુજબ અગાઉના વલણોથી નાટકીય રીતે વિપરીત થવાનો સંકેત આપે છે અને ભારતના બાહ્ય નાણાં પર નોંધપાત્ર દબાણ લાવે છે. ભારત તેની વાર્ષિક ક્રૂડ ઓઇલ જરૂરિયાતના ૮૫ ટકાથી વધુ આયાત દ્વારા પૂર્ણ કરે છે, એક નિર્ભરતા જે સમય જતાં વધુ ગાઢ બની છે.

આયાતનું પ્રમાણ નાણાકીય વર્ષ ૨૦૧૪માં લગભગ ૧૯૦ મિલિયન ટનથી વધીને નાણાકીય વર્ષ ૨૦૨૬માં ૩૦૦ મિલિયન ટનથી વધુ થઈ ગયું છે, છતાં રિફાઇન્ડ પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કોરોના પછીના કામચલાઉ વધારા સિવાય મોટાભાગે સ્થિર રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૪થી આ અસંતુલન વધુ ખરાબ થયું છે, કારણ કે રિફાઇન્ડ પ્રોડક્ટની નિકાસ સતત બે નાણાકીય વર્ષ માટે ઘટી હતી જ્યારે આયાત વધતી રહી, જે ભૂતકાળથી બ્રેક છે જ્યારે ક્રૂડ ઓઇલના ભાવ ઘટવાથી ખાધ ઓછી થતી હતી.

ક્રિસિલ અપેક્ષા રાખે છે કે નાણાકીય વર્ષ ૨૭માં બ્રેન્ટ ક્રડ સરેરાશ ૯૦-૯૫ ડોલર પ્રતિ બેરલ વચ્ચે રહેશે, જે પાછલા નાણાકીય વર્ષમાં ૭૦.૩ ડોલરથી તીવ્ર વધારો છે. પરિણામે, ભારતની ચાલુ ખાતાની ખાધ આ નાણાકીય વર્ષમાં જીડીપીના ૨.૨ ટકા સુધી વધવાની આગાહી છે, જે ૠૢ૨૬ માં અંદાજિત ૦.૮ ટકા હતી.

ઊર્જા આંચકો પહેલાથી જ ભારતના મેક્રોઇકોનોમિક માર્ગને ફરીથી આકાર આપી રહ્યો છે. એસએન્ડપી ગ્લોબલ અને ક્રિસિલે નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ભારતના જીડીપી વૃદ્ધિ આગાહીને ડાઉનગ્રેડ કરીને ૬.૬ ટકા કરી છે, જે અગાઉ ૭.૬ ટકા હતી. ફુગાવો આશરે ૫.૧ ટકા સુધી વધવાનો અંદાજ છે, જે ઊર્જા અને નૂર ખર્ચમાં વધારો થવાના બીજા રાઉન્ડના પ્રભાવોને પ્રતિબિંબિત કરે છે.

અર્થશાસ્ત્રીઓ નોંધે છે કે જ્યારે ચાલુ ખાતાની ખાધ વ્યવસ્થાપિત સ્તરોમાં રહે છે, ત્યારે ક્રૂડ તેલના ભાવમાં વધારો થાય તો મૂડી ખાતા અને ચલણ પર સતત દબાણ વધુ નોંધપાત્ર પડકારો ઉભા કરી શકે છે. ■



**આવ રે વરસાદઃ** ભાવનગર જિલ્લાના તળાજા પંથકના ખેડૂતોએ છેલ્લા વીસેક દિવસ દરમિયાન માંડવી, શેરડી સહિતના પાકોનું વાવેતર કરી નાખેલછે. ૫૦%થી વધુ ખેડૂતો વરસાદની રાહ જોઇને બેઠાછે તેવા ખેડૂતોને વરસાદ વરસવાની આશા બંધાઈ છે. નવા સાંગાણા, કુંઢેલી, ઘાટરવાળા, ઠાડચ સહિતના વિસ્તારોમાં નેવાધાર વરસાદ વરસ્યો હતો. જ્યાં વરસાદ વરસ્યો તે વિસ્તારના ખેતરોમા પાણી ભરાયેલ હોય તેવા દૃશ્યો સામે આવ્યા હતા. ભાવનગર જિલ્લાના જેસરમાં બપોરે અડધો ઇંચ વરસાદ પડ્યો હતો. જોકે હજુ વરસાદની ખૂબ જરૂર છે અને બધા કહી રહ્યા છે આવ રે વરસાદ...(વિપુલ હિરાણી)

# મગર ધીમો ચાલે છે તે ભ્રમ ભાંગ્યોઃ કચ્છના મગરની ‘સુપર ફાસ્ટ’ દોડ બ્રિટિશ જર્નલમાં ચમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ વન્યજીવ વિજ્ઞાન જગતમાં રણપ્રદેશ કચ્છના એક મગરે અણધાર્યો અને રોમાંચક રેકોર્ડ નોંધાવ્યો છે. વર્ષ ૨૦૨૧ની મગર ગણતરી દરમિયાન કેમેરામાં કેદ થયેલી મગરની એક દુર્લભ અને અત્યંત ઝડપી દોડ તાજેતરમાં બ્રિટિશ હર્પેટોલોજિકલ સોસાયટી દ્વારા પ્રકાશિત થતા ત્રિમાસિક, પીઅર-રિવ્યુડ જર્નલ ‘ધ હર્પેટોલોજિકલ બુલેટિન’ની સમર એડિશનમાં સ્થાન પામી છે. મુક્ત વાતાવરણમાં વિહરતા કોઈ પુખ્ત મગર દ્વારા આ પ્રકારે ઘોડાની જેમ ચાર પગે કૂદકા મારીને દોડ મારવામાં આવી હોય તેવો આ વિશ્વનો સૌપ્રથમ દસ્તાવેજી પુરાવો છે.

આ સંશોધન પત્ર વલસાડના બ્રિન્કી દેસાઈ (મુખ્ય વૈજ્ઞાનિક, માહિમ પાંધી વાઇલ્ડલાઇફ ફાઉન્ડેશન) અને ભુજના વન્યજીવ સંરક્ષક તેમ જ સંસ્થાના ડાયરેક્ટર દક્ષ પાંધી દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરી ૨૦૨૧માં કચ્છના ચાડવા રખાલ નજીક સરવે દરમિયાન ડ્રોનના અવાજથી ચમકેલો આશરે ૨.૫ મીટર લાંબો એક પુખ્ત મગર જમીન પરથી અત્યંત વેગ સાથે દોડીને પાણીમાં સરકી ગયો હતો, જે સમગ્ર દૃશ્ય દક્ષ પાંધીએ પોતાના કેમેરામાં કેદ કરી લીધું હતું.

સામાન્ય રીતે મગરને સારા તરણવીર અથવા જમીન પર ધીમી ગતિએ ચાલનારા જીવ માનવામાં આવે છે, પરંતુ આ ઘટનાએ લોકમાનસની એ ધારણાને સંપૂર્ણપણે બદલી નાખી છે. વૈજ્ઞાનિકોના મતે આ પ્રકારનું ગેલોપિંગ એટલે કે અશ્વની જેમ દોડવું અગાઉ ઓસ્ટ્રેલિયન ફ્રેશવોટર, સોલ્ટવોટર, નાઇલ, ફિલિપાઇન્સ અને ક્યુબન મગરોની પ્રજાતિઓમાં જેમાં ખાસ કરીને નાની ઉંમરના મગરોમાં જોવા મળ્યું છે.

જોકે, ‘ક્રોકોડાયલસ પાલુસ્ટ્રિસ’ (મગર પ્રજાતિ)માં આ પ્રકારની ક્ષમતા માત્ર પાંજરામાં અથવા કાલ્પનિક કિસ્સાઓ પૂરતી જ મર્યાદિત મનાતી હતી. વન્ય અવસ્થામાં રહેતા પુખ્ત મગરે આવું પરાક્રમ કર્યું હોય તેવો આ પ્રથમ અધિકૃત વૈજ્ઞાનિક પુરાવો છે.

આ મહત્ત્વપૂર્ણ શોધ બદલ કચ્છ સ્થિત નોન-પ્રોફિટ ઓર્ગેનાઇઝેશન ‘માહિમ પાંધી વાઇલ્ડલાઇફ ફાઉન્ડેશન’ અને તેમની ‘ડેઝર્ટક્રોક્સ’ પહેલ પ્રશંસાને પાત્ર બની છે, જે કચ્છના શુષ્ક વાતાવરણમાં વસતા મગરો અને માનવ-મગરના અદ્ભુત સહઅસ્તિત્વ પર સંશોધન કરે છે.

ઉલ્લેખનીય છે કે, ફેબ્રુઆરી ૨૦૨૧માં ગુજરાત વન વિભાગના સહયોગથી હાથ ધરાયેલી ગણતરીમાં કચ્છના ૧૧૩ સ્થળોએથી પ્રત્યક્ષ રીતે ૪૦૮ મગરો મળી આવ્યા હતા, જ્યારે સમગ્ર જિલ્લામાં તેમની વસ્તી આશરે ૧,૦૦૦ જેટલી હોવાનો અંદાજ છે.

કચ્છના દુર્ગમ વિસ્તારો અને વિશાળ જળાશયોને કારણે આ સરવેમાં ડ્રોન ટેકનોલોજી આશીર્વાદરૂપ સાબિત થઈ હતી, જેના કારણે જ આજે આ વૈજ્ઞાનિક ઇતિહાસ રચી શકાયો છે.

# કચ્છની પ્રાથમિક શાળાઓના ૩૪૦ જર્જરિત ઓરડા ચોમાસા પૂર્વે જમીનદોસ્ત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ નૈર્ઋત્યના ચોમાસાંની ઋતુ દરમિયાન પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ભૂલકાઓની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કચ્છ જિલ્લા પ્રશાસન દ્વારા એક મોટો અને મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં મળેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં જિલ્લાની વિવિધ સરકારી શાળાઓના અંદાજે ૩૪૦ જેટલા અત્યંત જર્જરિત અને ભયજનક ઓરડાઓને ચોમાસું વસે તે પૂર્વે જ તોડી પાડવાની મંજૂરી આપવામાં આવી છે.

જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વિગતો આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧ના વિનાશક ભૂકંપ બાદ કચ્છમાં નવનિર્માણ પામેલી પ્રાથમિક શાળાઓના બાંધકામને હવે ૨૫ વર્ષ કરતાં વધુ સમય વીતી ચૂક્યો છે. લાંબા સમયગાળા અને દરિયાઈ આબોહવાના કારણે અનેક શાળાઓના ઓરડાઓ જર્જરિત અને જોખમી બન્યા હોવાના અહેવાલો જે-તે શાળાના આચાર્યો અને એસ.એમ.સી. દ્વારા મળ્યા હતા, જેને પગલે આ મહત્ત્વનો નિર્ણય લેવાયો છે.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, શાળાના ભયજનક ઓરડા તોડવા માટેની વહીવટી પ્રક્રિયા અત્યંત જટિલ અને લાંબી છે, જે સામાન્ય રીતે ૬ થી ૮ મહિનાનો સમય માંગી લે છે. સૌપ્રથમ જર્જરિત ઓરડાના ફોટોગ્રાફ્સ સાથે શાળા સંચાલન સમિતિ દ્વારા ઠરાવ પાસ કરી તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીને અરજી કરવામાં આવે છે.અરજી બાદ તાલુકા બાંધકામ શાખાના નાયબ કાર્યપાલક ઈજનેર સ્થળ તપાસ કરીને ઇમારત તોડવા લાયક છે કે મરંમત યોગ્ય, તેનું લેખિત પ્રમાણપત્ર આપે છે. આ પ્રમાણપત્રના આધારે જિલ્લા પંચાયતમાં જિલ્લા વિકાસ અધિકારીની અધ્યક્ષતાવાળી સમિતિ મંજૂરી આપે છે અને ત્યારબાદ અખબારોમાં હરાજીની જાહેરખબર આપી એજન્સી નક્કી કરીને ઇમારત ધ્વસ્ત કરાય છે.

જાણકારોના મતે, ઓરડા તોડ્યા બાદ સમગ્ર શિક્ષા અભિયાનની કચેરી દ્વારા રાજ્ય કક્ષાએ નવી ઇમારત માટે દરખાસ્ત મોકલાય છે. ત્યાંથી બજેટ અને ટેન્ડર પ્રક્રિયા મંજૂર થઈ નવું બાંધકામ પૂર્ણ થતાં કમ સે કમ ૪ થી ૫ વર્ષનો સમય નીકળી જાય છે. ત્યાં સુધી બાળકોના શિક્ષણ કાર્યને અસર ન પહોંચે તે માટે સ્થાનિક સ્તરે વૈકલ્પિક બેઠક વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે. આદેશ છતાં લાપરવાહી દાખવનારા આચાર્યોની જવાબદારી નક્કી થશે

સમગ્ર શિક્ષા કચેરીના પરિપત્ર અનુસાર, ગત એપ્રિલ માસમાં જ આ ઓરડાઓ તોડવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી દેવામાં આવી હોવા છતાં, ત્રણ મહિના જેટલો સમય વીતવા છતાં કેટલીક શાળાઓએ આ દિશામાં કોઈ કાર્યવાહી કરી નથી. આ ગંભીર બેદરકારીને પગલે ડીડીઓની બેઠકમાં કડક તાકીદ કરવામાં આવી છે કે તમામ શાળાઓએ તાત્કાલિક અખબારોમાં હરાજીની જાહેરાત આપી ઓરડા તોડવાની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. જો આમાં કોઈ વિલંબ કે દુર્ઘટના સર્જાશે, તો તેના માટે જે-તે શાળાના આચાર્યને સીધા જવાબદાર ગણી કાયદેસરની કાર્યવાહી કરાશે.

ભુજ શહેરની શાળાઓ ઉપરાંત લોડાઈ, ભારાપર, મોટી રોહાતળ, માનકૂવા, સોયલા, મોચીરાઈ, ઢોરી, રામનગરી, વાઘુરા, વાત્રા, જેઠવાંઢ (ઝુરા), પાયરા, ઝુરા, સુમરાસર, લુડિયા, નાના પાયરા, સેરવો અને ખાવડા, ગાંધીધામ શહેરની ૧૦ શાળાઓ તેમ જ અંજાર શહેર-ગ્રામ્યના ઈન્દ્રપ્રસ્થ, વાડા, ચાંદ્રોડા, હીરાપર, ઉમરવાંઢ, નિંગાળ, તુણા, તુણા વંડી, મેઘપર (બોરીચી), ચંદ્રનગર, મોટી નાગલપર, રહીમવાંઢ અને નવા ખીરસરા, વાગડ વિસ્તારના ભચાઉના ખોડાસર, ચોબારી, જૂના-નવા કટારિયા, ઘનશ્યામનગર, ગોકુલધામ, રામદેવપીર વાંઢ, લલિયાણા, આધોઈ, ગોડપર, જંગી, અમૃતપર, શિકરા તથા રાપર તાલુકાના માનગઢ, હમીરપર, ગૌણથાણા, ભગતવાળી વાંઢ, રવેચી, લાલાસરી, નંદાસર, ભીમદેવકા, ફતેહગઢ, ક્રિષ્નાનગર, આનંદપર, પ્રાગપર, એકતાનગર અને સણવા, માંડવીનું કિશનપર, હમલા; મુંદરાના ઝરપરા, પ્રાગપર, શિરાચા, બરાયા, ગેલડા, ભુજપુર,નખત્રાણાના અમરપુર, ખીરસરા, લૈયારી, ઝાલુ, ગોડજીપર, રામપર, ગણેશનગર, તરા, બાંડિયારા, જીંજાય; લખપતના દયાપર, કોરિયાણી, ફુલરા, સોનલપર, નરેડો, કાનેર, બાલાપર, ગોંધાતડ તેમ જ અબડાસાના નાની-મોટી બેર, ઐડા, વલસરા, વરાડિયા, વાલારીવાંઢ, રાયધણજર અને સુડધ્રો ગામની શાળાઓનો સમાવેશ થાય છે તેમ સંજય પરમારે ઉમેર્યું હતું.

# ભાવનગરમાં ખુલ્લા પ્લોટમાંથી પોલીસે ₹૨.૪૧ લાખનો વિદેશી દારૂ અને કાર ઝડપીઃ બુટલેગર ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેર લોકલ ક્રાઇમ બ્રાન્ચે શહેરના ઘોઘા રોડ વિસ્તારમાં એક ખુલ્લા પ્લોટમાંથી વિદેશી દારૂની કુલ ૪૩૨ બોટલો તથા હેરફેર માટે ઉપયોગમાં લેવાતી ઇકો કાર સહિત કુલ રૂ. ૨,૪૧,૬૮૦/- નો મુદ્દામાલ ઝડપી લીધો છે. પોલીસ રેઇડ દરમિયાન આરોપી બુટલેગર નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

ભાવનગર એલ.સી.બી.ના પી.આઈ. મયુરધ્વજસિંહ એમ. સરવૈયાની આગેવાનીમાં પોલીસ સ્ટાફ આજે પેટ્રોલિંગમાં હતો. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, ઘોઘા રોડ પર રાજારામના અવેડાવાળા ખાંચામાં રહેતો અર્જુન રણજીતભાઇ મકવાણા પોતાના રહેણાક મકાનની બાજુમાં આવેલા ખુલ્લા પ્લોટમાં બહારથી વિદેશી દારૂનો જથ્થો લાવીને રાખે છે અને ગ્રે કલરની કાર મારફતે તેની હેરફેર કરે છે. બાતમીવાળા સ્થળે એલ.સી.બી.ની ટીમે તાત્કાલિક દરોડો પાડતાં ત્યાંથી પંજાબ અને રાજસ્થાન રાજ્યમાં જ વેચાણ માટે મંજૂરી ધરાવતી સીલપેક કાચ તથા પ્લાસ્ટિકની નાની-મોટી ૪૩૨ બોટલો મળી આવી હતી. પોલીસે સ્થળ પરથી રૂ.૩૨,૯૨૮ની કિંમતની રોયલ ચેલેન્જ વ્હિસ્કીની ૪૮ બોટલ, રૂ.૪૭,૨૩૨ની કિંમતની રોયલ સ્ટેગ વ્હિસ્કીની ૨૮૮ બોટલ, રૂ.૧૧,૫૨૦ની કિંમતની ગ્રીન લેબલ વ્હિસ્કીની ૯૬ બોટલ (કુલ દારૂની કિંમત રૂ.૯૧,૬૮૦/-) તેમજ રૂ.૧,૫૦,૦૦૦ની કિંમતની ઇકો કાર મળીને કુલ રૂ.૨,૪૧,૬૮૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ દરોડા દરમિયાન મુખ્ય આરોપી અર્જુન મકવાણા પોલીસના હાથમાં આવ્યો ન હોવાથી તેને પકડવાના ચક્રો ગતિમાન કરાયા છે. આ અંગે ઘોઘા રોડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુન્હો દાખલ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.



**પોલિયોમુક્ત ગુજરાતઃ** ૫ વર્ષ સુધીના બાળકોને પોલિયો ડ્રોપ માટે રાજકોટ મનપા આરોગ્ય વિભાગ તરફથી જુદા જુદા વિસ્તારમાં પોલિયો કેમ્પ રાખવામાં આવ્યો હતો. ભાવનગરમાં પહેલાં જ દિવસે જિલ્લામાં ૮૭% અને મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારોમાં ૯૦.૪૫%નો લક્ષ્યાંક હાંસલ થયો હતો. (પ્રવિણ સેદાની-વિપુલ હિરાણી)

# અમરેલીના વાંકિયા ગામમાં દીપડો પાંજરે પૂરાયો, સતર્ક રહેવા વન વિભાગની સૂચના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમરેલીઃ અમરેલી જિલ્લાના વાંકિયા ગામમાં છેલ્લા કેટલાક સમયથી એક દીપડો આવી ચઢ્યો હતો, જેના કારણે સમગ્ર ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો હતો. સૂત્રો દ્વારા મળતી જાણકારી પ્રમાણે ગામના રહેણાંક મકાનમાં પાડાનું મારણ કરી દીપડો ખાલી પી.એચ.સી. ક્વાર્ટરમાં ઘૂસી જતાં ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમ તાત્કાલિક ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ સ્થળ પર પહોંચી ગઈ હતી. વેટરનરી ડૉક્ટર દ્વારા ગનથી દીપડાને ટ્રન્કવીલાઈઝ કરી સફળતાપૂર્વક પાંજરે પૂરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પકડાયેલા દીપડાને વધુ તપાસ અને નિરીક્ષણ અર્થે ક્રાંકચ એનિમલ કેર સેન્ટર ખાતે મોકલી દેવામાં આવ્યો છે. આ સાથે વન વિભાગની ટીમ દ્વારા દ્વારા વાંકિયા ગામે ખાસ ગ્રામસભાનું આયોજન કરવામાં આવ્યું અને લોકોને રાત્રિ દરમિયાન સાવચેત રહેવા અપીલ કરવામાં આવી હતી. જો કે, દીપડો પાંજરે પૂરાઈ ગયો હોવાથી લોકોએ રાહતનો શ્વાસ પણ લીધો છે, છતાં પણ તંત્ર દ્વારા સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે.

# ડીપીએ- કંડલા બંદરનો નવો રાષ્ટ્રીય રેકોર્ડઃ માત્ર ૨૪ કલાકમાં ૭.૭૮ લાખ ટન કાર્ગો હેન્ડલિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ દેશના પશ્ચિમ કિનારાના સૌથી વ્યસ્ત અને અગ્રણી બંદરોમાં મોખરાનું સ્થાન ધરાવતા (દીનદયાલ પોર્ટ ઓથોરિટી-કંડલા)એ રાષ્ટ્રીય સ્તરે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ પોતાના નામે અંકિત કરી છે. કંડલા પોર્ટે માત્ર ૨૪ કલાકના ટૂંકા ગાળામાં રેકોર્ડબ્રેક ૭.૭૮ લાખ ટન કાર્ગોનું સફળતાપૂર્વક હેન્ડલિંગ કરીને નવો રાષ્ટ્રીય વિક્રમ સ્થાપ્યો છે. એક જ દિવસમાં આટલા તોતિંગ જથ્થામાં માલસામાનનું સંચાલન કરીને કંડલા પોર્ટે અગાઉના પોતાના જ તમામ રેકોર્ડ ધ્વસ્ત કર્યા છે અને ભારતના મુખ્ય સરકારી બંદરોમાં સર્વોચ્ચ તરીકેની પોતાની સ્થિતિ વધુ સુદ્રઢ બનાવી છે.

પોર્ટ પ્રશાસન દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલી વિગતો અનુસાર, ગત ૨૬ જૂનના રોજ પોર્ટ પર જુદા-જુદા જહાજોમાંથી વિવિધ પ્રકારના આયાત અને નિકાસના કાર્ગોનું અત્યંત ઝડપી અને સુનિયોજિત રીતે સંચાલન કરવામાં આવ્યું હતું. દેશના પોર્ટ ઓપરેશન્સના ઈતિહાસમાં એક જ દિવસમાં આટલો મોટો કાર્ગો હેન્ડલ થવો એ બંદરની આધુનિક ક્ષમતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. આ ઐતિહાસિક રેકોર્ડ કંડલા પોર્ટની સતત વધતી કાર્યક્ષમતા, ટેકનોલોજીથી સજ્જ આધુનિક ગોડાઉન્સ-જેટી અને મજબૂત ઓપરેશનલ ક્ષમતાનું જીવંત પ્રતિબિંબ છે.

કંડલા પોર્ટની આ અભૂતપૂર્વ સિદ્ધિ પાછળ પોર્ટના ઉચ્ચ અધિકારીઓ, વહીવટી કર્મચારીઓ, પોર્ટ શ્રમિકો, સ્ટેવેડોર્સ, શિપિંગ એજન્ટ્સ અને ટ્રાન્સપોર્ટર્સ સહિત તમામ સંકળાયેલા હિતધારકોની ૨૪ કલાક સતત ચાલેલી ટીમવર્ક અને પરસ્પરનું સંકલન જવાબદાર છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્દ્ર સરકારના માર્ગદર્શન હેઠળ પોર્ટમાં જે હાઈટેક મશીનરી, ડિજિટલ ટ્રેકિંગ સિસ્ટમ અને લોજિસ્ટિક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં વ્યાપક સુધારા કરવામાં આવ્યા છે, તેના મીઠાં ફળ હવે દેશને મળી રહ્યા છે.

કંડલા પોર્ટ વાર્ષિક કાર્ગો હેન્ડલિંગના ક્ષેત્રે વર્ષોથી દેશમાં અગ્રેસર રહ્યું જ છે, પરંતુ હવે ૨૪ કલાકમાં સર્વાધિક કાર્ગો હેન્ડલ કરવાનો આ નવો રાષ્ટ્રીય રેકોર્ડ સ્થાપીને તેણે વૈશ્વિક સ્તરે ભારતની નૌકા વ્યાપાર ક્ષમતાનો ડંકો વગાડ્યો છે. બંદરની આ ઝળહળતી સિદ્ધિથી કચ્છ સહિત દેશભરના એક્સપોર્ટ-ઈમ્પોર્ટ ક્ષેત્રના વેપારીઓમાં ભારે ઉત્સાહનો માહોલ છે. આર્થિક નિષ્ણાતોના મતે, આ સફળતા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ‘વિકસિત ભારત’ના વિઝનને સાકાર કરવામાં અને દેશની લોજિસ્ટિક્સ ક્ષમતાને વૈશ્વિક ફલક પર નવી ઊંચાઈ આપવા માટે ગેમચેન્જર સાબિત થશે, જે ગુજરાત માટે પણ અત્યંત ગૌરવની બાબત છે.

# અંજારના વરસામેડીમાંથી જીપકાર સાથે ૧૧.૫૭ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી સીમ વિસ્તારમાં પોલીસે પૂર્વ બાતમીના આધારે એક સ્કોર્પિયો જીપકારને આંતરીને તેમાંથી રૂ. ૪,૫૭,૧૫૯ની કિંમતનો વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, આ દરોડા દરમિયાન મુખ્ય આરોપી પોલીસને હાથતાળી આપીને નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

મળતી માહિતી મુજબ, શાંતિધામ સોસાયટી તરફથી ગળપાદર બાજુ જતા માર્ગ પર કાળા રંગની સ્કોર્પિયો કારમાં વિદેશી દારૂની મોટી ખેપ મારવામાં આવી રહી હોવા અંગેની અંજાર પોલીસને મળેલી પૂર્વ બાતમીના આધારે શાંતિધામ વિસ્તારમાં આવેલી બુધવારી બજાર પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ સ્કોર્પિયો કાર ત્યાં આવી પહોંચતા પોલીસે તેને ઘેરી લીધી હતી. જોકે, પોલીસને જોઈને કારચાલક વાહન મૂકીને અંધારાનો લાભ લઈ નાસી ગયો હતો.

પોલીસે સ્કોર્પિયો જીપકારની તલાશી લેતાં અંદરથી અલગ-અલગ બ્રાન્ડના પ્રીમિયમ દારૂ અને બિયરનો જથ્થો મળી આવ્યો હતો, જેમાં ૮ પીએમ રેર વ્હિસ્કીના ૧૮૦ એમએલના ૭૯૩ નંગ ક્વાર્ટરિયા (રૂ. ૧,૨૫,૯૧૩) અને ૭૫૦ એમએલની ૫૦ બોટલ (રૂ. ૨૮,૨૫૦),ગ્રીન લેબલ એક્સપોર્ટ વ્હીસ્કીની ૭૫૦ એમએલની ૧૮૦ બોટલ (રૂ. ૧,૦૧,૭૦૦) અને ૧૮૦ એમએલના ૭૨૦ ક્વાર્ટરિયા (રૂ. ૧,૦૧,૫૨૦),ઓફિસર ચોઈસ વ્હિસ્કીની ૭૫૦ એમએલની ૭૨ બોટલ (રૂ. ૪૯,૩૯૨), વાઈટ લેશ અને વિન્ટેજ જામુન વોડકાની ૧૮૦ એમએલની કુલ ૩૬૮ બોટલ (રૂ. ૪૦,૪૦૦), કિંગફિશર સુપર સ્ટ્રોંગ બિયરના ૫૦૦ એમએલના ૯૬ નંગ ટીન (રૂ. ૯,૯૮૪) મળી આવ્યાં હતાં. અંજાર પોલીસે રૂ. ૪,૫૭,૧૫૯ની કિંમતનો દારૂ અને હેરાફેરીમાં વપરાયેલી રૂ. ૭ લાખની સ્કોર્પિયો કાર મળીને કુલ રૂ. ૧૧,૫૭,૧૫૯નો મુદ્દામાલ કબજે લીધો છે. પોલીસ તપાસમાં આ ગુનામાં સંડોવાયેલા મુખ્ય આરોપી તરીકે રાહુલ વિનોદ ચૌહાણનું નામ ખૂલ્યું છે.

# પોસ્ટલ કર્મચારીઓ દ્વારા રાષ્ટ્રવ્યાપી આંદોલનનું રણશિંગૂઃ ઑગસ્ટમાં હડતાળની ચીમકી

ભુજઃ પોસ્ટ વિભાગમાં કથિત રીતે સતત વધી રહેલા કર્મચારી વિરોધી નિર્ણયો, મેનેજમેન્ટ દ્વારા અપાતા અવાસ્તવિક ટાર્ગેટ આધારિત માનસિક દબાણ, ખાનગીકરણને પ્રોત્સાહન આપતી નીતિઓ અને લાંબા સમયથી પડતર રહેલી વિવિધ ન્યાયિક માગણીઓના ઉકેલ માટે ડાક કર્મચારીઓએ આરપારની લડાઈ લડવાનું એલાન કર્યું છે. ‘ભારતીય પોસ્ટલ એમ્પ્લોઈઝ ફેડરેશન ગુજરાત સર્કલ’ દ્વારા ’ભારતીય ડાક કર્મચારી મહાસંઘ’ના નેજા હેઠળ આગામી સમયમાં રાષ્ટ્રવ્યાપી આંદોલન ચલાવવાનો સત્તાવાર નિર્ણય લેવાયો છે.

કર્મચારી સંગઠનો દ્વારા પોતાની માગણીઓ પ્રશાસન સમક્ષ બુલંદ કરવા માટે તબક્કાવાર કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવી છે જેમાં ૨૦ થી ૨૭ જુલાઈ દરમ્યાન દેશભરની તમામ વિભાગીય કચેરીઓ (ડિવિઝનલ ઑફિસો) સમક્ષ કર્મચારીઓ દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શનો અને સૂત્રોચ્ચાર કરવામાં આવશે. વિરોધના પ્રતીક રૂપે તમામ પોસ્ટલ કર્મચારીઓ પોતાની ફરજ દરમિયાન કાળા બેજ ધારણ કરીને કામ કરશે. ૫ ઑગસ્ટના રોજ રાષ્ટ્રવ્યાપી સ્તરે તમામ ડાક સેવાઓ ઠપ્પ કરીને એક દિવસની પ્રતીક હડતાળ પાડવામાં આવશે. જો ૫ ઓગસ્ટની હડતાળ બાદ પણ વહીવટી તંત્ર દ્વારા માગણીઓનો સકારાત્મક ઉકેલ નહીં લાવવામાં આવે, તો ૧૮ ઓગસ્ટથી દેશભરમાં અચોક્કસ મુદતની મહાહડતાળ શરૂ કરવામાં આવશે. યુનિયનના અગ્રણીઓએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, પોસ્ટ વિભાગના કર્મચારીઓની મૂળભૂત ભરતી ગ્રાહકોને ઉત્કૃષ્ટ સેવાઓ આપવા માટે કરવામાં આવે છે. પરંતુ હાલમાં ઉચ્ચ અધિકારીઓ દ્વારા સરકારી યોજનાઓ અને બચત ખાતા ખોલવા માટે કર્મચારીઓ પર અસહ્ય અને ગેરવાજબી દબાણ લાવવામાં આવી રહ્યું છે. સ્થિતિ એટલી હદે વણસી છે કે, નોકરી બચાવવા અને ટાર્ગેટ પૂર્ણ કરવા માટે કર્મચારીઓ પોતાના જ ખિસ્સાના નાણાં ખર્ચીને ડમી ખાતાઓ ખોલાવવા મજબૂર બન્યા છે. મેનેજમેન્ટની આ જોહુકમી કર્મચારીઓના સ્વાભિમાન અને સેવાની શરતો બંને માટે અત્યંત નુકસાનકારક સાબિત થઈ રહી છે, જેના કારણે આંદોલન સિવાય હવે કોઈ વિકલ્પ બચ્યો નથી.

# આર્દ્રા નક્ષત્રના અસહ્ય બફારા વચ્ચે મુંદરા-નખત્રાણા પંથકમાં વરસાદી ઝાપટાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં હાલ મહત્તમ તાપમાનમાં થઈ રહેલા સામાન્ય ઉતાર-ચડાવ વચ્ચે અસહ્ય ગરમી અને ઉકળાટનો પ્રભાવ યથાવત્ રહ્યો છે. આર્દ્રા નક્ષત્રના આ ભારે બફારાના માહોલ વચ્ચે મેઘતૃષ્ણાનાં મુલક સમાન કચ્છના વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને કેટલાક વિસ્તારોમાં પ્રી-મોન્સૂન એક્ટિવિટીના ભાગરૂપે ઝરમર ઝાપટાં વરસતાં સ્થાનિકોને ગરમીથી આંશિક રાહત મળી હતી.

જોકે, કંડલા એરપોર્ટ પર ઉષ્ણતામાનનો પારો ૪૦ ડિગ્રી સેલ્સિયસે પહોંચી જતાં અંજાર અને ગાંધીધામ સહિતના પંથકમાં નગરજનો ગરમીથી તોબા પોકારી ઊઠ્યા હતા. આ જ રીતે કંડલા પોર્ટ વિસ્તારમાં ૩૯ ડિગ્રી તાપમાન અને હવામાં ભેજનું પ્રમાણ વધુ હોવાના કારણે જનજીવન બફારાથી બેહાલ બન્યું હતું. જિલ્લા મથક ભુજમાં મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યાં બપોરના સમયે ફૂંકાયેલા લૂ ઓકતા ઉના પવનોએ શહેરીજનોને આકુળવ્યાકુળ કરી મૂક્યા હતા.

દરમ્યાન, સમગ્ર જિલ્લામાં વ્યાપેલી તીવ્ર ગરમી વચ્ચે સવારના ભાગે મુંદરા શહેર ઉપરાંત આસપાસના બોઆ, પ્રાગપર અને કારાઘોઘા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં હળવાં વરસાદી ઝાપટાં પડ્યાં હતાં. આ ઉપરાંત નખત્રાણા તાલુકાના દનણા અને તેની આજુબાજુના સીમ વિસ્તારમાં પણ અચાનક વાદળછાયું વાતાવરણ સર્જાયા બાદ ધીમી ધારે ઝાપટું વરસી ગયું હતું, જેનાથી ધરતીપુત્રોમાં હરખની હેલી જોવા મળી હતી.હવામાન વિભાગ દ્વારા જાહેર કરાયેલી સાત દિવસની સત્તાવાર આગાહી મુજબ, આગામી ૧ જુલાઈ સુધી જિલ્લામાં હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે. જોકે, ૨ થી ૪ જુલાઈ દરમિયાન પશ્ચિમ ભારતના દરિયાકાંઠે કેટલીક નવી સિસ્ટમ સક્રિય થવાના કારણે વાતાવરણ સાનુકૂળ બનશે અને કચ્છના જુદા-જુદા વિસ્તારોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

# સુરેન્દ્રનગરમાં પુલ ખુલ્લા મુકાયાના ૩૬ દિવસમાં પોપડા ઊખડ્યા, લોકોમાં રોષ

અમદાવાદઃ સુરેન્દ્રનગરના બોરાણ ગામ પાસે એક નવો બનાવેલો પુલ ખુલ્લો મુકાયાના ૩૬ દિવસમાં ક્ષતિગ્રસ્ત દેખાતા ગ્રામજનોમાં રોષ અને ચિંતા જોવા મળી હતી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે નબળી ગુણવત્તાવાળા માલસામાનને લીધે પુલ ખુલ્લો મુકાયાના એક મહિનામાં જ પોપડા ઊખડવા લાગ્યા છે. તેમ જ તિરાડો પણ દેખાઈ રહી છે. ગ્રામજનોનો એવો પણ દાવો હતો કે તેમણે જે તે સમયે કોન્ટ્રાક્ટર અને અધિકારીઓને બાંધકામની ગુણવત્તા અંગે વાત કરી હતી, પરંતુ તેમની વાત ગંભીરતાથી લેવામાં આવી ન હતી.